# ધર્મ કથાઓ


સં. લેખન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)



-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧


**DHARM KATHAO**


by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365



પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :


**ધર્મ કથાઓ**

વિષ્ણુ મહંત


-: ટાઈપ સેટીંગ :-

Mayur's

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

## ચિ. દિકરા કિર્તેશને...

# પ્રસ્તાવના....

આપણે જે ઉર્જા મેળવવા અથાગ પ્રયત્ન કરીએ છીએ તે ઊર્જા આપણને ધર્મકથાઓમાંથી સહેજે મળી જાય છે. આ પુસ્તકનો મૂળ આધાર ધર્મ છે. ધર્મ દ્વારા જ આપણે શ્રી, વિદ્યા, શક્તિ, ઊર્જા, ચેતના, બુધ્ધિ, શ્રદ્ધા, ભાવના, ભક્તિ પ્રાપ્ત થાય છે. આપણામાં આ દ્વારા ઈચ્છા, ક્રિયા, ગતિ, ઉત્પત્તિ, ક્રાંતિ, પ્રભા પ્રાપ્ત થાય છે. આપણામાં રહેલ ક્રોધ, મોહ, લોભ, કામ, કલેશ, સંકટ, આધિ, ઉપાધિનો નાશ થાય છે. માટે આવાં ધર્મ પર આધારીત પુસ્તકોનું આપ સરળતાથી વાંચન કરી શકો તે હેતુથી આ ધર્મકથાઓનો સંપૂટ આપના હસ્તમાં મૂકી રહ્યો છું.

બ્રહ્માંડના અણુએ અણુમાં ધર્મનો વ્યાપ ચેતના પ્રગટાવે છે. બધી જ ભૌતિક, ભાવનાત્મક કે આધ્યાત્મિક ક્રિયાઓ ધર્મથી દોરાય છે અને આપણા મનને સહજભાવે ધર્મમાં જોડવા માટે આવી ધર્મકથાઓનું વાંચન જરૂરી છે.

કોઈ એકાંત પળે આંખ બંધ કરીને આપણા અસ્તિત્વની પાર્શ્વતાનો ક્ષણિક વિચાર કરી આ ધર્મકથા વાંચવા પ્રયત્ન કરજો. તમારા વિચારો તર્ક સ્મૃતિને એકબાજુ કરી તમારા ઈષ્ટદેવમાં મન પરોવજો.

ભાવનાપૂર્ણ રીતે કથામાં વાંચન શ્રવણ કરીએ તો શાસ્ત્રોમાં કહ્યું છે કે વાંચનાર અને સાંભળનારનું ભલું થાય છે. એટલે કે જો આપણે શ્રદ્ધાપૂર્વક વાંચીએ તો આપણામાં એક આત્મવિશ્વાસ પેદા થાય છે જેમાં આપણને જે સાંસારિક ડર છે તે આ કથા વાંચનથી એવો ભાવ થાય છે કે, કોઈ અજ્ઞાત શક્તિ હવે આપણું રક્ષણ કરશે. આ ભાવથી આપણે રક્ષાઈએ એટલે આપણો આત્મવિશ્વાસ વધે છે. આ ધર્મકથાઓનું મહત્ત્વ કે મહાત્તમ ઘણું છે જો કે તે પણ ચોક્કસ છે કે, જે સમજે તેને માટે આ વાત સમજવા જેવી છે.

આશા રાખીએ કે, આપ આ પુસ્તક ભાવપૂર્ણ રીતે વાંચશો અને ધર્મને ભજશો.

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫

## ::: અનુક્રમણિકા :::


| | | |
|---|---|---|
| ૧. | ભગવાન દત્તાત્રેય | ૧ |
| ૨. | માયા | ૫ |
| ૩. | મુક્તિ | ૧૧ |
| ૪. | તારકાસુર | ૨૩ |
| ૫. | ધ્રુવ | ૩૦ |
| ૬. | દશામા | ૩૭ |
| ૭. | મુનિનો ગુસ્સો | ૪૧ |
| ૮. | મોટો ભક્ત કોણ? | ૪૫ |
| ૯. | અવચંડાઈ | ૫૨ |
| ૧૦. | સલાહ | ૬૧ |
| ૧૧. | જરાસંઘ | ૬૫ |
| ૧૨. | અન્નપૂર્ણા | ૭૭ |
| ૧૩. | ત્રણ દેવો | ૮૫ |
| ૧૪. | પરીક્ષા | ૯૧ |
| ૧૫. | નશીબ | ૯૬ |
| ૧૬. | કોની આબરૂ ગઈ? | ૧૦૫ |
| ૧૭. | દાસીપુત્ર | ૧૧૨ |
| ૧૮. | સૌથી મોટા | ૧૧૬ |
| ૧૯. | શાપ | ૧૧૯ |
| ૨૦. | સત્યભામા | ૧૨૮ |
| ૨૧. | નારાયણ..નારાયણ | ૧૩૬ |
| ૨૨. | જીવન્તિકા | ૧૪૪ |

# ૧. ભગવાન દત્તાત્રેય

પહેલાં મીઠાપુર કરીને એક ગામ હતું, ત્યાં રાજા નામનો બ્રાહ્મણ રહેતો હતો, આ રાજા પોતાના ધર્મનું યથાર્થ રીતે પાલન કરતો હતો, યજ્ઞયાગાદિક કરતો હતો. બ્રહ્મને જાણનારો બ્રાહ્મણ હતો. વ્રત-ઉપવાસો કરતાં ક્યારે પણ પાછું વાળી તે જોતો નહિ તેને પરમાત્માએ પતિવ્રતા પત્ની આપી હતી, તેનું નામ સુમતા. આ સુમતાનું ચિત્ત સદાય પતિનાં ચરણોમાં રહેતું.

આ ધર્મપ્રેમી દંપતિને પરમાત્માએ બધું સુખ આપ્યું હતું, પણ તેમને સંતાન નહોતું. શેર માટીની ખોટ સદાય તેમને સાલતી. પરમાત્મા ક્યારેક તેમને સંતાન આપતો પણ તે મરેલાં કે જન્મીને તરત જ મરી જનાર.



આ બંને માટે આડોશી પાડોશી ભેગાં થઈ વાતો કરતાં ‘‘આના કરતાં ભગવાન આપતો જ ન હોય તો ખોટું શું? આપીને લઈ લે કે મરેલું બચ્ચું જન્મે તેથી જે દુઃખ થાય તેટલું દુઃખ બાળક ન હોવાથી થતું નથી.

આમ કહી તેઓ તેમની દયા ખાતા. એક દહાડો એક પડોશણે વાતવાતમાં કહ્યું, ‘‘સુમતાબહેન, મારું કહ્યું માનો તો ગુરુવારનું વ્રત કરો એનાથી ભગવાન દત્તાત્રેય પ્રસન્ન થઈ તમને બાળક આપશે.’’

‘‘બાળક આપશે’’ એ શબ્દે સુમતાનું હૃદય તે વ્રત કેવી રીતે કરવાનું?

સાંભળો બહેન ગુરુવારનો દિવસ હોય, તે દહાડે મહાસતી અનસૂયાના પુત્ર દેવાધિદેવ દત્તાત્રેયનું પૂજન કરવું. તે દિવસે એકટાણું કરવું અને તેમાંય પીળા રંગનું ચણાના લોટની બનાવેલી મીઠાઈ ભગવાન દત્તાત્રેયને ધરાવી જમવી, આ દહાડે ફળાહાર-ઉપોષણ કરીએ તોય ચાલે.’’

સુમતાએ મન સાથે એ વ્રત કરવા વિચાર કર્યો. આ વિચાર તેણે પોતાના પતિને જણાવ્યો. પત્નીના સુખમાં પોતાનું સુખ માનનાર પતિએ વ્રત કરવા આજ્ઞા આપી. સુમતા ગુરુવારની રાહ જોવા લાગી.

ગુરૂવાર આવ્યો. તેનું હૃદય આનંદથી છલકાવા લાગ્યું, પાડોશણોએ બતાવ્યા પ્રમાણે તેણે ગુરુવાર કર્યો ને એક પછી એક ગુરુવાર કરવા માંડ્યા.

માણસ પોતાની સેવા કરનારને આપે છે તો ભગવાન કેમ રાખે? એક દહાડો દત્તાત્રેય પ્રભુ સુમતાને બારણે ‘આલ્લેક’ કહીને ઊભા તે વખતે ભગવાને શરીર પર કફની ધારણ કરી હતી, કપાળમાં ભસ્મનું લેપન કર્યું હતું. એ ભસ્મથી કપાળના તેજમાં વધારો થઈ રહ્યો હતો હાથમાં ત્રિશૂળ અને ડમરુ હતાં. ગળામાં, કાનમાં રૂદ્રાક્ષનાં આભૂષણ હતાં, માથાની જટા હવાથી ફરફરી રહી હતી.

ભગવાનનાં મુખે બોલાયેલા ‘આલ્લેક’ શબ્દ સાંભળતા સુમતા દોડતી બહાર આવી ને માથું નમાવ્યું. ત્યારે તેના બધા અવયવો હસી રહ્યાં હતાં.

“હે સતી? ભિક્ષા આપો. સુમતાને જોતાં ભગવાને કહ્યું.”
“ઈચ્છામાં આવે તે મારી પાસે તમે માગો. ભગવાને કહ્યું.”

“શું ભગવાન? સુમતા બોલી. પરમાત્માએ પતિસુખ આપ્યું છે. કોઈ વસ્તુની ખામી નથી, સદાય અમારા પર ભગવાનની દયા છે જ્યાં ભગવાન સૂર્ય સાક્ષાત સામે છે પછી દીવાની શું જરૂર? કામધેનુ પ્રત્યક્ષ હોય પછી બીજું શું જોઈએ? હે



જગતના નાથ? તમારા દર્શન થયા પછી કઈ વસ્તુની ખામી હોઈ શકે?”

ભગવાન દત્તાત્રેય આ સાંભળી બોલ્યા, જે કાંઈ માગવું હોય તે માંગો.”

“તમારો જ્યારે આગ્રહ જ છે તો પ્રભુ! મારે ત્યાં આપ જન્મ લ્યો એટલું હું માગું છું.”

સુમતાના વચનોથી પ્રસન્ન થયેલા ભગવાને “તથાસ્તુ” કહ્યું ને અદશ્ય થઈ ગયા.

સુમતાએ પોતાને પતિને આ વાત કહી, ગુરૂવાર કરે ગઈ. ભગવાન દત્તાત્રેયના વરદાને સુમતાને સારો દિવસ દેખાયો પૂરે માસે મહાન તેજસ્વી પુત્રનો જન્મ થયો.

સુમતાના મનની ઈચ્છા ભગવાન જેમ તમે પૂરી તેમ આ ગુરૂવારના વ્રત કરનાર આ કથા કહેનારના મનની ઈચ્છા પૂરી કરજો. ‘ભગવાન દત્તાત્રેયની જય’

# ૨. માયા

નારદ વિષ્ણુના ભક્ત.

એક દિવસ ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. મહંતી વીણા વગાડતાં વગાડતાં તેઓ ચાલ્યા. વિષ્ણુ ભગવાન શ્વેત દ્વિપમાં રહે. નારદજી આવી પહોંચ્યા ત્યાં આગળ.

વિષ્ણુ ભગવાન બેઠા હતા. સાથે લક્ષ્મીજી હતાં. નારદને આવતા જોઈને લક્ષ્મીજી ઘરમાં જતાં રહ્યાં.

નારદજીને ખોટું લાગ્યું. તેમણે ભગવાનને પૂછ્યું :

'હે પ્રભુ! હું બ્રહ્મચારી છું, તપસ્વી છું. વળી માયાને જીતનારો છું, છતાં લક્ષ્મીજી અંદર કેમ જતાં રહ્યાં?'

વિષ્ણુ ભગવાન મીઠું હસ્યા અને બોલ્યા :



'હે નારદજી! સ્ત્રીએ પતિ વિના બીજા પુરૂષ સાથે બેસવું નહીં, આપણા શાસ્ત્રનો એ નિયમ છે. વળી માયા તો હું બ્રહ્મા અને શિવ પણ જીતી શક્યા નથી. પછી તમારી તો વાત જ શી?'

નારદે જવાબ આપ્યો :

'હે પ્રભો! મને એ માયાનાં દર્શન કરાવો.'

'વિષ્ણુ ભગવાને નારદનું અભિમાન ઉતારવાનો નિશ્ચય કર્યો. તેમણે તરત જ ગરૂડ તૈયાર કરાવ્યું.'

બંને ગરૂડ પર બેસી ગયા. ગરૂડ આકાશમાં ઊડવા લાગ્યું. થોડે દૂર ગયા એટલે એક સરોવર દેખાયું. ભગવાને ગરૂડને ત્યાં ઉતાર્યું, બંને જણ ગરૂડ પરથી નીચે ઉતર્યા.

પછી ભગવાને નારદને કહ્યું :

'હે નારદ! આ સરોવરમાં તમે સ્નાન કરી લો. પછી હું તમને માયાના દર્શન કરાવું.'

નારદે વીણા અને મૃગચર્મ કિનારે મૂક્યાં. પછી સરોવરમાં ઊતર્યા. મારી પાણીમાં ડૂબકી, પણ આ શું થયું?

નારદ ડુબકી મારીને બહાર નીકળ્યા. પણ એ નારદ ન હતા. તે તો એક સુંદર સ્ત્રી બની ગયા.

વિષ્ણુ ભગવાન તો વીણા અને મૃગચર્મ લઈને ચાલ્યા ગયા. ભગવાન ત્યાં ન હતા.

નારદને નવાઈ લાગી. તે વારંવાર પોતાની જાત તરફ જોતા હતા. તે સમયે તાલધ્વજ નામનો યુવાન રાજા ત્યાં આગળ આવી પહોંચ્યો.

આ એકાંત સરોવરમાં આટલી સુંદર સ્ત્રી જોઈને તેણે કહ્યું:

'હે બાળા ! તું કોણ છે? ક્યાંથી આવી છે? સુંદરી! સુંદરી મને તારા પર મોહ થયો છે. તું મારી રાણી બનીને સુખી થા.'

નારદ સ્ત્રી બન્યા પછી આગળની વાત ભૂલી ગયા હતા. તેમણે તીણા સ્વરે કહ્યું :

'હે રાજા ! મને ખબર નથી કે હું કોણ છું. હું એક નિરાધાર સ્ત્રી છું. મને તારી રાણી બનવામાં આનંદ આવશે.'

પછી નારદ રાજાના ઘોડા પર બેઠા. રાજાના નગરમાં આવ્યા. બંનેનું લગ્ન થયું. રાજાની રાણી બનેલા નારદનું જીવન આરામથી પસાર થવા લાગ્યું.

નારદે બાર પુત્રોને જન્મ આપ્યો. તે તો પુત્રો અને પુત્રવધૂઓની માયામાં મગ્ન થઈ ગયા.

સ્ત્રી બનેલા નારદ ભૂલી ગયા કે વિષ્ણુ ભગવાને તેમને માયાથી ઠગ્યા છે. તે તો સંસાર સુખમાં મસ્ત હતા. ઘર અને વર વિના તેમને બીજા કશાની દરકાર ન હતી.

આ રીતે તેમના દિવસો સુખમાં પસાર થતા હતા.



એવામાં તેમના નગર પર દુશ્મન રાજા ચડી આવ્યો. બધા જ લડવા તૈયાર થઈ ગયા. નારદનો પતિ તાલધ્વજ તથા તેના પુત્રો પણ રણમેદાનમાં ગયા.

નારદના પુત્રો બહાદુરીથી  લડ્યા, પણ બધા જ મૃત્યુ પામ્યા. તે વિલાપ કરતા રણમેદાનમાં ગયા. પુત્રશોકને કારણે છાતીફાટ રડતા હતા :

'હાય ! મારા બધા પુત્રો મરાયા! હે પ્રભુ! આ તેં શું કર્યું? હાય રે! નસીબે મને લૂંટી લીધી.'

તે સમયે વિષ્ણુ ભગવાન બ્રાહ્મણનું રૂપ ધરીને ત્યાં આવ્યા. તેમણે નારદને બોધ આપ્યો. મનની શાંતિ માટે સરોવરમાં સ્નાન કરવાનું કહ્યું.

નારદ સરોવરમાં સ્નાન કરવા પેઠા. સ્નાન કરતાં જ તે ફરી પુરુષ બની ગયા. કિનારા પર તેમની નજર પડી. વિષ્ણુ ભગવાન વીણા અને મૃગચર્મ લઈને ઊભા હતા.

વિષ્ણુ ભગવાનને જોતાં જ નારદને ભાન આવ્યું. હવે તેમને ખ્યાલ આવ્યો કે તે સ્ત્રી છે. હવે તેમને ખ્યાલ આવ્યો કે વિષ્ણુ ભગવાને તેમને સ્ત્રી બનાવી દીધા હતા.

તે વખતે વિષ્ણુ ભગવાન હસતાં હસતાં મશ્કરીમાં બોલ્યાઃ

'કેમ નારદ, મજામાં ને? કેમ આટલા બધા ચિંતામાં પડી

ગયા છો? વારંવાર તમારા શરીર તરફ શું જુઓ છો?'

નારદ શરમાઈ ગયા. શરમના માર્યા એક શબ્દ પણ બોલી શક્યા નહીં.

એટલામાં નારદનો પતિ, રાજા તાલધ્વજ દોડતો આવી પહોંચ્યો. સરોવરમાં પોતાની પત્નીને બદલે મુનિને ઉભેલો જોઈને તે રડવા લાગ્યો.

'હે રાણી ! તું ક્યાં ગઈ? મને મૂકીને ચાલી ગઈ? તારા વિના હું આપઘાત કરીશ.'

રાજાનો આ વિલાપ નારદ પણ સાંભળતા હતા. નારદને ખબર હતી કે, આ તેમનો પતિ છે. તેમના કારણે જ તે વિલાપ કરે છે.

આ વખતે વિષ્ણુ ભગવાન નારદ સામે જોઈને હસતા હતા. પણ નારદનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. તે વિચારતા હતા :

'આ તાલધ્વજ મારો પતિ. મારે તેમને આશ્વાસન આપવું જોઈએ. હવે તો પુરુષ છું. આ વિષ્ણુને મશ્કરી કરવાની ટેવ છે. અત્યારે સાચી વાત કહી દે તો..? તો મારી શું દશા થાય?'

ફરી તેમની નજર વિષ્ણુના ચહેરા પર પડી. વિષ્ણુ ભગવાન મરક મરક હસતા હતા.



નારદે હાથ પકડ્યા :

'પ્રભુ ! બચાવો!'

વિષ્ણુ ભગવાને તાલધ્વજને શોક ન કરવાનો બોધ આપી વિદાય કર્યો.

'નારદ ! માયા જોઈને?' જોઈ, પ્રભુ! જોઈ. હવે ક્યારેય આવું અભિમાન નહીં કરું. ખરેખર માયા એ મોટી છે. એના પંજામાંથી કોઈ બચી શકતું નથી.'

# ૩. યુક્તિ

નારદવેડા કર્યા વિના તેમને ચાલે જ નહીં.

મજાક કરવાનો તેમનો સ્વભાવ પડી ગયેલો.

બે જણને ઝઘડો કરાવે, ત્યારે જ તેમને શાન્તિ થાય.

એક દિવસ તેમને વિચાર આવ્યો :

'દેવો અને દાનવોને લડાવું તો મજા પડી જાય.'

પણ એમ બને શી રીતે ?

નારદનો સ્વભાવ વિચિત્ર, લીધી વાત મૂકે નહીં. એમની વાત જુદી. ગધેડાનું પૂછડું પકડ્યું એ પકડ્યું. પછી ખાડામાં જાય તો ખાડામાં.

નારદે યોજના ઘડવા માંડી : બે શક્તિશાળી દેવોને લડાઈના



મેદાનમાં ઉતારું. બાણાસુર અને કૃષ્ણ સામસામા આવે તો રંગ રહી જાય.

આવા વિચારો કરતા કરતા તે દ્વારિકા તરફ જતા હતા. દ્વારિકાની નજીક આવ્યા ને એમની વિચાર માળા તૂટી ગઈ. એક નવાઈની વાત બની.

નારદજી તો આકાશ તરફ જોઈ જ રહ્યા. આંખો ખેંચી ખેંચીને જોવા લાગ્યા. એક આકૃતિ આકાશમાંથી નીચે ઊતરતી હતી. નારદે જોયું કે એ આકૃતિ એક યૌવનાની હતી. થોડીવારમાં જ યુવતીએ ધરતી પર પગ મૂક્યો.

નારદને તો બહુ જ નવાઈ લાગી. છોકરી, અને એ પણ આકાશમાં? ગજબ કહેવાય, તે તો મોંઢું પહોળું કરીને જોઈ જ રહ્યા.

પણ... આ શું? યુવતીએ તેમને નમસ્કાર કર્યા. પહેલાં તો તેમને નવાઈ લાગી પછી એકદમ ખુશ થઈ ગયા. તેમણે પણ નમસ્કાર કરીને કહ્યું :

'બહેન ! હું તમને ઓળખાતો નથી. છતાં, મારે લાયક કામ હશે તો કરીશ.'

યુવતીએ કહ્યું :

'નારદજી ! તમને આખી દુનિયા ઓળખે અને તમે કોઈને

ન ઓળખો. પહેલાં મારી ઓળખાણ આપું.

'મારું નામ ચિત્રલેખા. મારા પિતાનું નામ કૌભાંડ, તે બાણાસુરના પ્રધાન છે.'

નારદજી બોલ્યા :

'દીકરી ! હવે તને ઓળખી. હવે તારું કામ કહે.'

ચિત્રલેખાએ કહ્યું : 'મારે દ્વારિકા નગરીમાં જવું છે. દિવસે તો સૈનિકો ફરતા હોય. વળી મારું કામ પણ રાત્રે જ થઈ શકે તેમ છે. પણ મેં સાંભળ્યું છે કે રાત્રે નગરનું રક્ષણ સુદર્શન કરે છે. સુદર્શન હાજર હોય ત્યાં સુધી તો ચકલુંય ના ફરકી શકે. એ વાત સાચી છે?'

'હા, દીકરી, સુદર્શનના વિશ્વાસને કારણે જ કૃષ્ણ નિરાંતે ઊંઘે છે.'

'તો એનો કોઈ ઉપાય ખરો?' ચિત્રલેખાએ દુઃખી ચહેરે પૂછ્યું.

'ઉપાય તો મળશે. પહેલાં હું પૂછું એનો જવાબ આપ. તારે દ્વારિકામાં શા માટે જવું છે? વળી નગરમાં રાત્રે જવાનું કારણ શું? મને તો તારો ઈરાદો ચોરી કરવાનો લાગે છે. મને વિગતે વાત કર. પછી તને મદદ કરવા માટે વિચારું.'

ચિત્રલેખાએ પોતાની વાત શરૂ કરી :



'હે નારદજી ! બાણાસુર રાજાને એક કુંવરી છે. તેનું નામ ઉષા છે. તે મારી સખી છે. તેણે સ્વપ્નમાં અનિરૂદ્ધને જોયો. બંને સ્વપ્નમાં પરણ્યાં. હવે મારી સખીએ હઠ લીધી છે. પરણું તો અનિરૂદ્ધને જ.'

નારદજી ડોલી ઊઠ્યા, દેવ-દાનવને લડાવવાનો વિચાર તો તેમણે કરેલો જ. એવી જ તક અત્યારે સામે આવી પડી. તેમણે રસથી પૂછ્યું :

'પછી શું થયું?'

'પછી શું થાય? અનિરૂદ્ધ દેવનો દીકરો. ઉષા દાનવની દીકરી. બંને વચ્ચે આસમાન જમીન જેટલું અંતર. લગ્ન તો થાય જ નહીં. પણ સખીને ખુશ રાખવા ખાતર મને બીજો વિચાર આવ્યો. તે વિચાર અમલમાં મૂકવા માટે આવી છું.'

'બોલ, શો વિચાર છે તારો?' નારદે કહ્યું.

'નારદજી, વાત ખાનગી રાખજો. હું અનિરૂધ્ધને ઉપાડી જવા આવી છું.'

'હેં... આખો અનિરૂદ્ધ ઉપાડી જવા?' નારદજીની આંખો ફાટી ગઈ. ચિત્રલેખાની આ હિંમત જોઈને તેમને તો ખૂબ નવાઈ લાગી.

નારદજીએ મનમાં જ વિચાર કર્યો :

'લક્ષ્મી ચાંદલો કરવા આવી છે. હવે કપાળ ધોવા જાઉં તો મૂરખતા ગણાય. આવી તક ફરી મળવાની નથી. ગમે તે ભોગે ચિત્રલેખાને મદદ કરવી જ.'

આવો નિશ્ચય કરીને તે મોટેથી બોલ્યા :

'ચિત્રલેખા ! ધન્ય છે તારી હિંમતને! કામ તો બહુ મોટું ઉપાડ્યું છે. સાંભળ, આજે રાત્ર સુદર્શન નહીં હોય. તે સમયે તું નગરમાં દાખલ થજે. તારું કામ ઝડપથી પતાવીને બહાર નીકળી જજે. ત્યાં સુધી સુદર્શન તને જોવા મળશે નહીં.'

આમ કહીને નારદજી નગરમાં પેઠા.

'નારાયણ નારાયણ' બોલતા જાય અને વીણાના તાર ખેંચતા જાય. ખભે ઝોળી લટકે. અને માથે ચોટલી ફરફરે.

નગરમાં આમતેમ ફરીને સમય પસાર કર્યો.

રાત પડી એટલે ચિત્રલેખાને આપેલું વચન યાદ આવ્યું.

તેમણે ઝડપથી સુદર્શનની શોધ આદરી. થોડીવારમાં તે મળી ગયું.

સુદર્શન એટલે સુદર્શન.

કૃષ્ણનું વિશ્વાસુ હથિયાર ! સુદર્શન એટલે વફાદાર સેવક. વિશ્વાસઘાતનું નામ ન મળે. આરામનો વિચાર પણ નહીં કરવાનો. સોંપેલું કામ કર્યા જ કરવાનું.



આવું સુદર્શન.

આવું સુદર્શન સાથે કામ પાર પાડવાનું હતું. કામ અઘરું હતું. તો નારદજી ક્યાં સહેલા હતા?

નારદે મીઠાશથી કહ્યું :

'ભાઈ સુદર્શન મજામાં ને?'

પણ સુદર્શન તો કામમાં જ મસ્ત. તેણે તો આગળ જ ચાલવા માંડ્યું. નારદ ફરી બોલ્યા :

'અલ્યા નોકરી આવી કરે છે કે? નીચું ઘાલી ને દોડ દોડ કરે છે તે કોણ પકડાય?'

હવે સુદર્શનની નજર નારદ પર પડી. હાથ જોડીને કહ્યું :

'અહો નારદજી ! તમે છો? કામ હોય તો જલદી બોલો. મારે ઉતાવળ છે.'

નારદજી મશ્કરીમાં બોલ્યા :

'અલ્યા, આખો દિવસ કામ ને રાતેય કામ? તારા જેવી નોકરી દુનિયામાં કોઈ નહીં કરતું હોય. બેસ, બેસ! એકાદ ઘડી બેસ.'

સુદર્શન શરમાઈ ગયો. નારદ સાથે બેસવાનું મન પણ થઈ ગયું. પણ ફરજ યાદ આવી. તેણે દયામણું મોઢું કરીને કહ્યું :

'મને માફ કરો. હું બેસી શકું નહીં.'

'અરે ભાઈ, સાંભળ, આખી દુનિયા જાણે છે કે, સુદર્શન દ્વારિકાની ચોકી કરે છે. તારી બીકને કારણે જ કોઈ આવે નહીં. વળી કૃષ્ણ કંઈ તને લાડવો આપી દેવાના નથી.'

ના છુટકે સુદર્શનને રોકાવું પડ્યું. તેણે કહ્યું :

'જુઓ નારદજી, તમારો આગ્રહ છે એટલે બેસું છું. તમારો સ્વભાવ જાણું ને? અહીં મને બેસાડો અને ત્યાં કૃષ્ણને ઉઠાડો.'

નારદજી વાતો સુદર્શન જોડે કરતા હતા પણ તેમનું ધ્યાન આકાશમાં હતું.

થોડી જ વારમાં ચિત્રલેખા દેખાઈ. કૃષ્ણના મહેલની અગાશીમાં ઊતરી.

નારદે આ જોયું. હવે તે વધુ રસથી વાતો કરવા લાગ્યા. હવે ચિત્રલેખા બહાર આવે એટલીવાર. ત્યાં સુધી જ સુદર્શનને રોકવાનું હતું.

થોડા સમયમાં જ ચિત્રલેખા આકાશમાં દેખાઈ. તેના એક હાથ પર પલંગ ઉંચકાયેલો હતો. કામ પતી ગયું. હવે બેસી રહેવાનો અર્થ ન હતો. ઊભા થતાં નારદે કહ્યું :

'ચાલ ભાઈ, તું તારું કામ કર. સારું થયું તો સુદર્શને કર્યું. ખોટું થયું તો નારદે કર્યું. જોજે એવું કરતો ! ન કરે નારાયણ ને કંઈ થાય, તો મારું નામ ના દેતો. મને તો તારી દયા આવી



એટલે બે ઘડી બેઠો. આવજે ભાઈ.'

નારદજીએ અંગારો ચાંપી દીધો.

હવે નારદજી રોકાય ખરા કે? તેમણે તો ચાલવા માંડ્યું દ્વારિકાની બહાર.

આ તરફ સવાર પડી.

દ્વારિકામાં કાળો કકળાટ મચી ગયો.

અજબની વાત બની ગઈ! સુદર્શનની હાજરીમાં નાની સોય પણ ન ખોવાય. તો પછી આવડો મોટો અનિરૂદ્ધ જાય ક્યાં? અનિરૂદ્ધ સાથે પલંગ પણ ખોવાયો! ગજબનો ચોર કહેવાય. ચોરી, અને તે પણ કૃષ્ણ ભગવાનના મહેલમાં ! નર્યું આશ્ચર્ય!

કૃષ્ણએ ધમપછાડા કર્યા.

બળરામે બુમબરાડા પાડ્યા.

સૈનિકોએ શોધ કરી.

જ્યોતિષીએ જોષ જોયા.

પણ અનિરૂદ્ધ મળ્યો નહીં. રાણીઓ રડતી હતી. નગર ઉદાસ હતું. પણ અનિરૂદ્ધ ક્યાં?

નારદજી લડાઈની રાહ જોતા હતા. પણ કૃષ્ણને અનિરૂદ્ધની ભાળ મળી ન હતી. ચડાઈ ક્યાં કરે?

છેવટે નારદથી રહેવાયું નહીં. તેઓ તો આવી પહોંચ્યા

દ્વારિકા નગરીમાં. 'નારાયણ' નો જાપ જપતા આવ્યા કૃષ્ણના દરબારમાં.

પોતે બધું જ જાણતા હતા. છતાં અજાણ્યા બનીને કૃષ્ણને પૂછ્યું :

'પ્રભુ ! કેમ ઉદાસ છો?'

કૃષ્ણ બોલ્યા :

'નારદ ! મારો અનિરૂદ્ધ ખોવાયો છે.'

નારદ નવાઈનો ચાળો કરીને બોલ્યા :

'શું વાત કરો છો? સુદર્શન ચક્ર ક્યાં ગયું હતું? ઊંઘી તો નહોતું ગયું ને?'

'નારદ ! સુદર્શન ચક્ર પર મને વિશ્વાસ છે. એનામાં ખામી હોય નહીં. તમે તો બધે જ ફરો છો. તમને ખબર છે?'

'પ્રભુ ! અનિરૂદ્ધની દશા બહુ ખરાબ છે. તેને ઊંધે માથે લટકાવ્યો છે. આજુબાજુ ઝેરી નાગ ફૂંફાડા મારે છે. તે બાણાસુર રાક્ષસની કેદમાં છે.'

કૃષ્ણ કૂદકો મારીને ઊભા થઈ ગયા :

'મારા લાડલાની આ દશા? હાજર છે કોઈ, મારું ગરુડ તૈયાર કરો.'

નારદનું કામ પૂરું થયું. તે તો મીઠું મીઠું હસતા ચાલ્યા



ગયા. આવી પહોંચ્યા બાણાસુરના રાજ્યમાં. દેવો અને દાનવોનો તાલ જોવા માટે રાહ જોઈને બેઠા.

કૃષ્ણએ લડાઈનો પોશાક પહેરી લીધો. અસ્ત્ર શસ્ત્ર લીધાં. સાથે સુદર્શન ચક્ર લીધું. બલરામને સંદેશો મોકલી આપ્યો.

'અનિરૂદ્ધ બાણાસુરની કેદમાં છે. તમે વિશાળ સૈન્ય લઈને આવો. હું જાઉં છું.'

અને ગરુડ પર બેસીને કૃષ્ણ ચાલ્યા.

નારદે કૃષ્ણને જોયા. તેમને વિચાર આવ્યો :

'હવે દેવ અને દાનવની લડાઈ નક્કી. પણ કૃષ્ણ ભગવાન આગળ બાણાસુરનું ગજું નહીં. કૃષ્ણ તો બાણાસુરને ચપટીમાં ચોળી નાખે. કૃષ્ણની સામે શંકર આવી જાય તો મજા પડે.'

વિચાર આવ્યો કે તરત જ નારદજી ચાલ્યા. આવ્યા કૈલાસ શિખર પર ! શંકર ભગવાન પાર્વતી સાથે બેઠા હતા. નારદે સમાચાર આપ્યા.

'મહાદેવ ! તમે અહીં આનંદ કરો છો. તમારો ભક્ત સંકટમાં છે. શોણિતપુર બાણાસુરની રાજધાની છે. એનું રક્ષણ કરવાની જવાબદારી તમે લીધી છે. એ નગરી પર કૃષ્ણ ભગવાન વિશાળ યાદવસેના લઈને ત્રાટક્યા છે. કૃષ્ણ આગળ બિચારા બાણાસુરનું કેટલું ગજું? આ તો તમારી આબરૂ ના જાય એટલા

માટે કહ્યું.'

શંકરને નારદની વાત સાચી લાગી. તેઓ પણ ઝટ ઊઠ્યા. એક હાથમાં લીધું ત્રિશુળ. બાજી હાથમાં પકડ્યું ડમરુ અને બેસી ગયા નંદી પર.

શંકર આવ્યા ત્યારે યુદ્ધ ચાલુ થઈ ગયું હતું. બાણાસુર હારવાની તૈયારીમાં જ હતો.

શ્રીકૃષ્ણે તેમનું સુદર્શન છોડ્યું હતું. સુદર્શન બાણાસુરનું મસ્તક છેદી નાખત, પણ શંકરે તરત જ પોતાનું ત્રિશુળ છોડ્યું. ત્રિશૂળના પ્રભાવથી સુદર્શન પાછું આવ્યું.

શંકરે આગળ આવીને કહ્યું :

'કૃષ્ણ ! હવે લડાઈ બંધ કરો. બાણાસુરને માફી આપો.'

મહાદેવનું માન રાખવા કૃષ્ણે લડાઈ બંધ કરી. મહાદેવે બાણાસુરને હુકમ કર્યો :

'બાણાસુર ! અનિરૂદ્ધને બંધનમુક્ત કર. તારી ઉષાને એની સાથે પરણાવ.'

બાણાસુરનું પણ અભિમાન ઊતરી ગયું હતું. તેણે કૃષ્ણને હાથ જોડ્યા.

કૃષ્ણને એક વાતની નવાઈ લાગી. તેમણે તરત જ શંકરને તે બાબત પૂછી :



'શિવજી ! તમને કોણે સમાચાર આપ્યા?'

એટલામાં નારદ આવી પહોંચ્યા. તેમના તરફ આંગળી કરીને કહ્યું : 'આ નારદે.'

નારદને જોઈને સુદર્શન પણ ગુસ્સે થઈ ગયું હતું. તે પણ બોલી ઉઠ્યું :

'પ્રભુ ! આ લડાઈનું મૂળ જ નારદ છે. તેમણે જ મને વાતો કરવા બેસાડી રાખેલો. અને તે જ રાતે કુંવર ખોવાયેલા.'

કૃષ્ણએ કટાક્ષમાં કહ્યું :

'કેમ નારદ, આ તમારાં કારસ્તાન કે?'

નારદ ખડખડાટ હસી પડ્યા. કૃષ્ણ અને શંકર પણ હસી પડ્યા. પણ સુદર્શન તો હજુ ડોળા કાઢતું હતું.

# ૪. તારકાસુર

તારક નામનો અસુર.

એનું નામ તારકાસુર.

અસુર એટલે સુર નહીં તે. સુર એટલે દેવ. અસુર એટલે દેવ નહીં. આપણે તેને રાક્ષસ તરીકે ઓળખીએ છીએ.

તારકાસુર ભારે જબરો.

આકાશ, પાતાળ ને પૃથ્વી ત્રણેને ડરાવે.

આકાશમાં દેવો રહે. દેવો ઘણા શક્તિવાળા. હોંશિયાર પણ ખૂબ. પણ તારકાસુર એટલે તારકાસુર. એની આગળ તો દેવો પણ પાણી ભરે.

દેવોને તારકાસુરનો પરચો મળી ગયેલો. એટલે દેવો તેને



મારવાનો ઉપાય શોધે. સમય પસાર થવા લાગ્યો. તારકાસુરનો ત્રાસ વધતો હતો. પણ તારકાસુરનું મોત તો દેવોના હાથમાં ન જ આવ્યું.

દેવો તો આવ્યા બ્રહ્મા પાસે. બ્રહ્માને વિનંતી કરી :

‘પ્રભુ ! તારકાસુર અજેય છે. અમારાથી તે મરાતો નથી. દેવોને હેરાન કરવાની એક પણ તક જવા દેતો નથી. હવે તો હદ થાય છે. એને મારવાનો ઉપાય છે?’

બ્રહ્માએ શાન્તિથી કહ્યું :

‘ઉપાય તો છે, પણ જરા કઠિન. શંકર બળવાન પુરૂષ છે. એમનાથી પુત્ર થાય તો એ રાક્ષસને મારી શકશે. એ માટે શંકરને સંસારમાં ખેંચવા પડશે. વાઘ કદાચ માણસ મારવાનું ભૂલી જાય વાંદરો કદાચ કૂદકા મારવાનું ભૂલી જાય. પણ શિવ? રામ રામ કરો. એમનું તપ ના છોડાવી શકાય. છતાં પ્રયત્ન કરો.’

દેવોના નેતા ઈન્દ્ર.

તેમણે સભા કરી. બધા જ દેવોને આમંત્રણ આપ્યું. સભામાં બ્રહ્માની યોજના મૂકી. કોણ માઈનો પુત્ર આ બીડું ઝડપે? બધા જ દેવો મૂંગ મંતર.

ઈન્દ્રએ કામદેવને આજીજી કરી :

‘કામદેવ ! આટલું કામ તું કરી આપ. તારા વિના કોઈ

નહીં કરી શકે.'

પણ કામદેવ તો શંકરને ઓળખે. તેણે ના પાડી. હવે શું થાય?

એટલામાં 'નારાયણ, નારાયણ' નો અવાજ આવ્યો. થોડીવારમાં નારદજી આવી પહોંચ્યા.

ડુબતો માણસ તરણું પકડે. દેવોએ પણ આમ જ કર્યું. તેમણે નારદજીને પકડ્યા. તેમણે બધી વાત કરી.

નારદજીને તો જાણો છો ને? એમને તો એવું કે, મારા જેવો કોઈ જ નહીં. જે છું તે હું જ છું. એમની આગળ શંકરની પણ શી તાકાત!

અને નારદ બીડું ઝડપ્યું. તેમણે દેવોને કહી દીધું :

'જાઓ, શાંતિથી ઊંઘી જાઓ. શંકરને સંસારમાં ના લાવું તો મારું નામ નારદ નહીં.'

એક દેવે શંકા કરી :

'નારદજી ! તમે સંસાર તો જોયો નથી. તો પછી શંકરને સંસારમાં લાવશો શી રીતે?'

નારદે ફટાક દઈને જવાબ આપી દીધો :

'જો ભાઈ, નારદ પરણ્યો નથી, પણ જાનમાં તો ગયો છે. તમારું કામ ચપટી વગાડતામાં ના થાય તો મને ફટ કહેજો.



હવે તમારી ચિંતા નારદને.'

દેવોને નિરાંત થઈ.

નારદ તો 'નારાયણ, નારાયણ' કરતા ચાલ્યા.

રસ્તે ચાલતા હતા. ચાલતાં ચાલતાં શંકર યાદ આવ્યા. શંકરની સાથે પોતાનું કામ યાદ આવ્યું.

શંકરનું તપ છોડાવવાનું હતું.

તેમને સંસારમાં રસ લેતા કરવાના હતા.

શંકરનું તપ છોડવવા કોઈ સમર્થ કન્યા જોઈએ. એવી કન્યા કોણ? નારદ તો ફરતારામ. એ તો બધે ફરે. એમને બધી કન્યાઓની ખબર.

એમના મગજમાં એક કન્યા આવી.

નારદે ઝડપથી પગ ઉપાડ્યા. આવ્યા હિમાલય પર્વત પાસે. હિમાલયને એક પત્ની હતી. તેનું નામ મેના. તેમને એક દીકરી હતી.

એ પર્વતની દીકરી હતી.

એનું નામ એટલે જ પાર્વતી પાડેલું.

નારદજી પાર્વતીને મળ્યા, શંકરનાં વખાણ કરતાં નારદે કહ્યું :

'શંકર જેવા કોઈ પતિ નહીં. બધા દેવોમાં તે મોટા દેવ

ગણાય. વળી સ્વભાવના પણ ભોળા. પાર્વતી ! તું શંકરનું ધ્યાન ધર. તે તને અવશ્ય મળશે.'

જો કે પાર્વતીને તો બધા દેવોમાં શંકર જ વધુ ગમતા. નારદના કહ્યા પછી તેનો વિચાર પાકો થયો. તે તો ચાલી જંગલમાં.

તેણે તપ કરવા માંડ્યું. ભયંકર તપ કરવા માંડ્યું. શંકર કોઈને વશ ન થાય. પણ પાર્વતીના પ્રેમ આગળ નમવું પડ્યું. તેમણે તપ છોડ્યું. દોડતાં આવીને પાર્વતીને દર્શન આપ્યાં અને કહ્યું :

'હે કન્યા ! ઈચ્છામાં આવે તે માગ!'

પાર્વતીએ આંખ ખોલીને કહ્યું :

'હે પ્રભુ ! તમે ખરેખર પ્રસન્ન થયા હો તો મારી સાથે લગ્ન કરો.'

એક પળ માટે શિવજી ચમકી ગયા. પણ હવે તો જે માગ્યું હોય તે આપવું જ પડે. શંકરે કહ્યું :

'તથાસ્તુ !'

પાર્વતી નાચતી-કૂદતી ઘેર આવી.

માતાપિતાને વાત કરી.

માબાપની મંજૂરી મળી ગઈ. જોષી બોલાવ્યા.



લગ્નનો દિવસ આવી પહોંચ્યો.

શિવજી જાન જોડીને આવ્યા.

કેવા શિવજી ? બળદ પર બેઠા છે. ગળામાં મોટો સાપ લટકે છે. ખોપરીઓની માળા પહેરી છે. શરીર પર રાખ ચોળી છે. માથે જટા વધારી છે. ભયંકર દેખાવ લાગે છે.

તેમના જાનૈયા કેવા? તેમની જાનમાં તો ભુત, પ્રેત અને પિશાચ હતાં. થોડી યોગિનીઓ હતી. કેટલાય ભયંકર મુખવાળા રાક્ષસો પણ હતા.

મેનાની તો આંખ ફાટી ગઈ.

'હાય, હાય ! મારી દીકરીને આવો વર! મારે દીકરી નથી પરણાવવી.'

નારદજી ત્યાં જ હતા. તેમણે કરેલી બધી મહેનત પાણીમાં જતી લાગી. તેમણે મેનાને સમજાવી.

'દેવી ! પાર્વતી તમારે ઘેર જન્મે એ તો અકસ્માત છે. પૂર્વ જન્મમાં તેનું નામ સતી હતું. સતી દક્ષ પ્રજાપતિની પુત્રી હતી. તે શંકર સાથે પરણી હતી.'

'તે જન્મમાં દક્ષ પ્રજાપતિએ શંકરનું અપમાન કર્યું. પોતાના પતિનું અપમાન સહન નહીં થવાને કારણે તે પિતાના યજ્ઞમાં બળી મરી હતી.'

'આ તેનો બીજો જન્મ છે. એ સતી જ તમારે ઘેર જન્મી છે. શંકર જ એના પતિ છે. તમે ના કહેશો તો પણ તે માનશે નહીં. માટે રાજીખુશીથી પાર્વતીને શંકર સાથે પરણાવો.'

નારદની સમજાવટ સફળ થઈ.

મેના માની ગઈ.

પાર્વતીનાં લગ્ન રચાયાં. શંકર લગ્નમંડપમાં બેઠા છે. શંકર-પાર્વતીનાં ગીત ગવાય છે.

આખી દુનિયામાં આનંદ આનંદ થઈ ગયો.

દેવોએ આકાશમાંથી ફૂલો વેર્યાં.

જગત આનંદના ઝુલે ઝુલવા લાગ્યું.

દેવોએ નારદને શાબાશી આપી. ખરેખર, નારદે ભગીરથ કામ કર્યું હતું.

શંકરથી પાર્વતીને પુત્ર થયો.

તેનું નામ કાર્તિકેય.

એ કાર્તિકેયથી તારકાસુર મરાયો.

ધન્ય નારદ ધન્ય, ધન્ય.



# ૫. ધ્રુવ

ઉત્તાનપાદ નામનો રાજા.

તેને બે રાણીઓ. એકનું નામ સુનીતિ. બીજીનું નામ સુરુચિ. એક અણમાનીતી અને બીજી માનીતી.

સુનીતિ અણમાનીતી. તેના તરફ રાજા ઓછું ધ્યાન આપે. તેને જુદો મહેલ આપેલો. તેમાં તેને રહેવાનું.

સુરૂચિ માનીતી રાણી. રાજા તેને પોતાની સાથે જ રાખે. તેને ખૂબ સાચવે. તે માગે તે મળે. રાજા તેને તો ફૂલની માફક સાચવે.

એક પણ રાણીને પુત્ર ન હતો.

સમય જતાં સુનીતિએ પુત્રને જન્મ આપ્યો. ગમે તેવો

તોય રાજાનો કુંવર ! રૂપાળો રમ્મ જેવો. એનું નામ ધ્રુવ પાડ્યું.

સુરૂચિને આ શાનું ગમે? પોતાને પુત્ર નહીં અને સુનીતિને દેવપુત્ર જેવો દીકરો!

રાજાએ પણ ધ્રુવ તરફ કંઈ ધ્યાન આપ્યું નહીં.

સુનીતિ ધાર્મિક હતી. પ્રભુ પર તેને અપાર શ્રદ્ધા. દિવસ-રાત પ્રભુની ભક્તિ કરે. તેનું જીવન પણ પવિત્ર.

એની અસર ધ્રુવ પર પડી.

ધ્રુવ મોટો થતો ગયો.

તેના પર માતાના સંસ્કાર પડેલા. તે પણ તેની માતા જેવો જ ધાર્મિક. તેને પણ પ્રભુમાં વિશ્વાસ.

એક દિવસની વાત છે.

રમતો રમતો રાજાના મહેલમાં આવી ગયો. રાજા મહેલમાં બેઠેલાં. કાલી કાલી ભાષામાં રાજા સાથે વાત કરવા લાગ્યો. રાજા ખુશ થઈ ગયો.

રાજાએ તેને પોતાના ખોળામાં બેસાડ્યો.

તે જ સમયે સુરુચિ આવી પહોંચી.

ધ્રુવને રાજાના ખોળામાં બેઠેલો જોયો. રાણીની આંખોમાં ગુસ્સો આવ્યો. તેણે ધમકાવીને ધ્રુવને કાઢી મૂક્યો.

રાજાને આ ગમ્યું નહીં. ધ્રુવ તો બાળક હતો. એ તો નિર્દોષ



હતો. એની સાથે રાણી આવું વર્તન કરે? રાજાથી આ શી રીતે સહન થાય? પણ આ તો માનીતી રાણી, રાજા શું બોલો?

બિ..ચ..ચા..રો ધ્રુવ ! એને સમજ ના પડી. તે મહેલમાંથી ચાલી ગયો. રડતો રડતો ઘેર આવ્યો. તેણે પોતાની માતાને પૂછ્યું.

માતાએ તેને કારણ કહ્યું :

તે દિવસથી ધ્રુવને ખાવાનું ભાવે નહીં. પીવાનું મન ના થાય. આખો દિવસ વિચાર કર્યા કરે. માતા તેને ખૂબ સમજાવે. પણ તે પોતાનું અપમાન ન ભૂલે.

છેવટે તેણે નિશ્ચય કર્યો :

‘જંગલમાં જઈશ. મુનિઓની જેમ તપ કરીશ, ભગવાન પ્રસન્ન કરીશ!’

આ વિચાર તેણે પોતાની માતાને કહ્યો.

માતા તો ગભરાઈ ગઈ. તેણે કહ્યું :

‘બેટા ! જંગલમાં ના જવાય. ત્યાં તને ખાવાનું કોણ આપે? પાણી પીવાનું ક્યાં મળે? વળી ત્યાં તો વાઘ-સિંહ જેવાં પ્રાણીઓ હોય. એ પ્રાણીઓ માણસને મારી નાખે. તારે તપ કરવું હોય તો ઘેર કર.’

પણ ધ્રુવ કાચી માટીનો ન હતો. તેનો નિશ્ચય હતો. એ નિશ્ચય હવે ફરે નહીં. નાની બાબતોથી તે ગભરાય તેવો ન હતો.

તેણે તો હઠ ચાલુ જ રાખી.

છેવટે માતાએ રજા આપી. ધ્રુવ માતાના પગમાં પડ્યો. માતાના આશીર્વાદ માગ્યા. બીજા વડીલોના આશીર્વાદ લીધા.

પછી ચાલ્યો જંગલ તરફ. એકલો ચાલ્યો. હિંમતથી ચાલ્યો. ચાલતો ચાલતો આવ્યો જંગલમાં. જંગલમાં તો વાઘ પણ મળે અને સિંહ પણ મળે! પણ ધ્રુવને તો ભગવાનનો ભરોસો. જેને રામ રાખે તેને શો ડર?

જંગલમાં આશ્રમ દેખાય એટલે તે ઊભો રહે. આશ્રમના મુનિ પાસે જાય. તેમના પગમાં પડે. ભગવાનને પ્રસન્ન કરવા માટે મંત્ર માગે.

મુનિ નાના છોકરાને જોઈને હસે. તેમને વિશ્વાસ ના આવે. આવડો છોકરો શું તપ કરે?

પણ ધ્રુવ નિરાશ ન થાય. આગળ ચાલે. બીજા મુનિના પગમાં પડે. મંત્ર માટે વિનંતી કરે. પણ તેને કોણ મંત્ર આપે?

ધ્રુવ ઘણું રખડ્યો. તેને કોઈ ગુરુ મળ્યા નહીં. તેણે ગુરૂની શોધ ચાલુ જ રાખી.

એક દિવસ નારદજી જંગલમાંથી પસાર થતા હતા. તેમણે આ ધ્રુવને જોયો. તેમને ખૂબ નવાઈ લાગી. ધ્રુવને નજીક બોલાવ્યો. માથા પર પ્રેમથી હાથ મૂકીને પૂછ્યું :



'બેટા ! જંગલમાં તારું કામ નહીં. હજુ તો તું બાળક છે. મોટો થઈને આવજે.'

પણ ધ્રુવનો નિશ્ચય તો અફર ! તે મુનિના પગમાં પડ્યો. મંત્ર માટે વિનંતી કરી.

નારદે ઘણુ સમજાવ્યો. ધ્રુવ માન્યો નહીં. નારદજી સમજી ગયા.

'છોકરો નાનો છે. પણ મનનો પાકો છે, લીધી વાત મૂકે તેવો નથી. ઉંમર નાની છે. સમજણ મોટા માણસ કરતાં પણ વધુ છે. મંત્ર આપવામાં વાંધો નથી.'

એવો વિચાર કરીને નારદ બોલ્યા :

'બેટા ધ્રુવ ! મારું નામ નારદ. તારી હિંમત જોઈને હું ખુશ થયો છું. તારા જેવડા છોકરાને મંત્ર ના આપી શકાય. પણ હું તને આપું છું. બોલ, નારાયણ!'

ધ્રુવ હાથ જોડીને બોલ્યો :

'નારાયણ !'

નારદે ધ્રુવને આશીર્વાદ આપ્યા.

ધ્રુવનો આનંદ વધી ગયો. એક ઝાડ નીચે તે બેસી ગયો. ઝાડનાં પાંદડા ખાય. નદીનું પાણી પીએ. 'નારાયણ' નો જાપ જપે.

થોડા વખત પછી તેણે ખાવાનું બંધ કર્યું. નદીનું પાણી જ પીએ.

પછીથી પાણી પીવાનું પણ બંધ કર્યું.

પછી ધ્રુવ ઊભો થઈ ગયો. ખાવા પીવાનું તો છોડી દીધું હતું. હવે બધો સમય ભગવાનનું નામ લે.

આટલું તપ કર્યું. કઠોર તપ કર્યું. મોટા મોટા મુનિઓ પણ થાકી જાય. પણ ધ્રુવ થાકે તો ધ્રુવ શાનો?

તેને તો ભગવાનને પ્રસન્ન કરવા હતા. આટલું તપ કર્યા પછી પણ ભગવાન ન મળ્યા. ભગવાન કેમ મળતા નથી?

ધ્રુવને લાગ્યું કે, તપમાં ખામી હોવી જોઈએ.

તેણે વધારે કપરું તપ કરવાનો નિશ્ચય કર્યો.

તે એક પગ પર ઊભો રહ્યો. ખાવાનું બંધ, પીવાનું બંધ અને ઊંઘવાનું બંધ. તપ એટલે તપ. બીજી કોઈ વાત નહીં. બીજો કોઈ વિચાર નહીં.

એક જ વાત : નારાયણ

એક જ વિચાર : નારાયણ

ધ્રુવ પોતાની જાતને પણ ભુલી ગયો. છેવટે તેની હઠ આગળ પ્રભુને નમવું પડ્યું.

પ્રભુ પ્રગટ થયા. ધ્રુવના માથા પર હાથ મુક્યો. ધ્રુવે આંખો



ખોલી. નારાયણનાં દર્શન થયાં. ધ્રુવ તો પ્રભુના પગમાં પડ્યો.

ભગવાન તેના પર ખુશ થઈ ગયા.

ભગવાનનાં દર્શન કરીને ધ્રુવ અમર બની ગયો. આજે પણ ઉત્તર દિશામાં ધ્રુવનો તારો જોવા મળે છે.

એ ધ્રુવના ગુરુ કોણ?

આપણા નારદજી.

# ૬. દશામા

એક હતો રાજા, તેના રાજમાં સુખ અને શાંતિ હતાં, એ રાજા એક દિવસે નિરાંતે સૂતો હતો, ત્યારે દશામા બોલ્યા, ''રાજા, જાગે છે કે ઊંઘે છે?''

''હું તો જાગું છું.'' રાજાએ કહ્યું.

''તો હું પડું છું. ચો તરફથી પડું છું.''

''પડને, ના કોણ કહે છે, જેને મા શક્તિની સહાય છે તેને કોઈ શું કરનાર છે?''

''આટલું અભિમાન!'' દશામાએ કહ્યું, ત્યારે તું જોઈ લે.''

ને રાજાની આંખ ઉઘડી ગઈ, રાજાએ રાણીને રાતની વાત કરી. રાણી અને રાજા આવનારાં દુ:ખનો વિચાર કરી રહ્યાં છે,



ત્યાં તો ખબર આવી કે 'દુશ્મનો ચઢી આવે છે.' રાજા મનમાં સમજી ગયો. ને રાણી તેમજ કુંવરો સાથે નાસી છૂટ્યો.

ઉઘાડે પગે જંગલમાં જાય છે. પગમાં કાંટા વાગે છે. શરીર પર ઉઝરડા પડે છે, તાપ-તડકો સહન કરે છે, ભૂખતો કહે મારું કામ. કુંવરો ખાવા માટે અને પાણીને માટે વલખાં મારે છે, એવામાં એક વાવ આવી, રાજાએ કુંવરોને પાણી પીવા જવા કહ્યું : કુંવરો વાવમાં જેવા પાણી પીવા ગયા કે દશામાએ વાવમાં તેમને ખેંચી લીધા.

કુંવરોની રાજા રાણી રાહ જુએ છે, પણ કુંવરો આવે ક્યાંથી? વાવમાં રાજાએ તપાસ કરી પણ કુંવરો મળે નહિ. તેથી રાજા લાચાર થઈ બહાર આવ્યો, રાણીને વાત કહી રાણી રડવા લાગી. રાજાએ તેને બે શાંતિના શબ્દો કહ્યા ને મનથી દુ:ખી થતાં આગળ ચાલવા લાગ્યાં.

ભુખ તરસ વેઠતા રસ્તામાં સંબંધીનું ગામ આવ્યું, રાણી સંબંધીને ત્યાં ગઈ પણ કોઈ ઓળખવા જ તૈયાર ન હતું. ત્યાંથી ચાલતા રાજાની બહેનનું ગામ આવ્યું, બહેનને કહેવડાવ્યું પણ બહેને માન્યું નહિ.

દશામા પોતાનો ચમત્કાર બતાવે જ જાય છે. રાજા રાણી દુ:ખ સહન કરે જ જાય છે. રસ્તામાં જતાં રાજાએ ચિભડું લીધું.

તેવામાં જ પાસેના ગામના રાજાના સીપાઈઓ ત્યાં આવ્યા ને રાજાને પકડી બોલ્યા. ''અરે દુષ્ટ? રાજાના છોકરાને મારી નાંખીને તેનું માથું હાથમાં લઈ ફરે છે?''

રાજારાણી ચિભડાને જોતાં વિચારમાં પડ્યાં ને સીપાઈઓ લઈ જાય ત્યાં જવા લાગ્યાં રાજાને ખબર આપી રાજાએ એ રાજાને જોયા વિના કેદમાં પૂરી દેવા હુકમ કર્યો. રાજાને કેદમાં પૂર્યો. રાણી રાજાથી છૂટી પડી.

રાણી આ બધું દશામાના કોપવાથી જ થયું છે એમ માની દશામાને કરગરતી સ્તુતિ કરવા લાગી. દશામા રાણીની સ્તુતિથી પ્રસન્ન થયાં ને રાજાને સ્વપ્ન આવ્યું. ''તું પેલા કેદ કરેલા રાજાને છોડી મૂક નહિ તો તારૂં ખેદાનમેદાન કરી નાખીશ. એ મારા કોપથી આ દશાને પામ્યો છે, તારો છોકરો સવારમાં આવશે.''

સવાર થતાં રાજાનો છોકરો આવ્યો ને એ રાજાએ પેલા રાજાને છોડી મૂક્યો. રાજારાણી આગળ વધ્યાં. બહેનના રાજમાંથી જાય છે ત્યાં બહેને ભાઈને જોયો, બહેન-ભઈ મળ્યા. સુખ દુઃખની વાત કરતાં રાજાએ કહ્યું, ''દશામાના પ્રતાપે તેં મને ઓળખ્યો ન હતો.''

પછી રાજા રાણી આગળ વધ્યાં. તે સંબંધીના રાજમાં આવ્યાં સંબંધીને પહેલાની વાત કરી દશામાનો પ્રતાપ સમજાવી



પેલી વાવ પાસે આવ્યાં ત્યાં તો દશામાએ પેલા છોકરાં પાછાં સોંપ્યાં, એટલે રાજાએ પૂછ્યું : ''તમને આ છોકરા ક્યાંથી મળ્યા! આ છોકરા અમને મેળવી આપવા માટે તમારો જેટલો ઉપકાર માનીએ એટલો થોડો.'' કહી દશામાના ગુણ ગાવા લાગ્યા. દશામાએ તેજસ્વરૂપે પ્રગટ થઈ રાજાને કહ્યું, ''રાજા, હું રાણીની સ્તુતિથી પ્રસન્ન થયેલ છું. જા, હવે તું તારું રાજ કર.''

''દશામા'' રાજા બોલ્યો, ''તમારી કૃપા અપાર છે. પણ તમારી કસોટીમાંથી પાર ઉતરવું મુશ્કેલ છે, તો કદીય તમારો પ્રતાપ કોઈને બતાવશો નહિ.

દશામા હસીને બોલ્યા, ''હે રાજા, આ મારી કથા સાંભળશે તેને કદી નડીશ નહિ.''

રાજા, રાણી અને કુંવરોએ સુખેથી રાજ્યમાં આવ્યા. રાજ્ય કર્યું.

# ૭. મુનિનો ગુસ્સો

નારદ મુનિ.

મૌન પાળે તે મુનિ.

મુનિ હોય તે થોડું બોલે. બહુ બોલ બોલ કરે તે મુનિ નહિ. કામ વિનાનું બોલે તે મુનિ નહિ. જરૂર વિના બોલ્યા કરે એ મુનિ નહિ.

મુનિ તો જરૂર પૂરતું જ બોલે. પણ બોલે ત્યારે તે કામનું જ હોય. આપણા નારદજીનું પણ એવું. મોટે ભાગે તો નારાયણ, નારાયણ જ બોલે.

એક દિવસની વાત છે.

નારદ મુનિસ્વર્ગમાંથી નીકળ્યા.



ફરતા-ફરતા આવ્યા ગાંધર્વલોકમાં.

પગમાં પાવડી ચટક-પટક થાય. હાથમાં રહેલી વીણામાંથી મીઠા સૂર નીકળે. માથા પરની ચોટલી ધીમું ધીમું ફરક્યા કરે. જીભમાં નારાયણનું નામ. આગળ ચાલતા ગંગા નદી આવી.

નારદજીની નજર નદીમાં પડી. તે મૂંઝવણમાં પડ્યા. નજર ત્યાં જ ચોંટી ગઈ. નારદ તો બ્રહ્મચારી, આવું જોવાય કેમ? તે ઊભા રહ્યા.

નદીમાં બે યક્ષ હતા.

તેમની સાથે યક્ષિણીઓ હતી.

બધાં નદીમાં સ્નાન કરે.

યક્ષોએ મદિરા પીધી હતી. મદિરા પીવાને કારણે તે ભાન ભૂલ્યા હતા. યક્ષ હોવાને કારણે અભિમાન ખરુ. મૂળ યક્ષ. તેમાં અભિમાન ઉમેરાયું. અને તે પર પીધી મદિરા. પછી તો મગજ સાતમા આસમાનમાં પહોંચી જાય.

એવા યક્ષ પાણીમાં મસ્તી કરે. તેમની સાથે યક્ષિણીઓ પણ સ્નાન કરે.

નારદ એટલા માટે જ અટકી ગયેલા.

યક્ષિણીઓએ નારદને જોયા. નારદને કોણ ન ઓળખે?

યક્ષિણીઓએ પણ તેમને ઓળખી કાઢ્યા. યક્ષિણીઓ

નારદનો સ્વભાવ જાણે. તેમણે બંનેએ સ્નાન પડતું મૂક્યું. ઝટપટ બહાર આવી. એકદમ કપડાં પહેરી લીધાં અને સંકોચથી ઊભી રહી.

પણ પેલા બે યક્ષ!

એ તો અભિમાનથી ફાટી ગયા હતા. તેમના રંગમાં ભંગ પડ્યો. તેમની નજર નારદજી તરફ ગઈ. નારદને ઓળખ્યા. છતાં નફ્ફટ બનીને વધુ તોફાન કરવા લાગ્યા.

બ્રહ્માના પુત્ર નારદ.

વિષ્ણુના ભક્ત નારદ.

શિવજીની પણ મશ્કરી કરી લેનાર નારદ.

સ્વર્ગના દેવો પણ જેમને નમે.

એ નારદને શું થાય? યક્ષો તેમની સામે મર્યાદા ન રાખે એ તેમનાથી સહન થાય?

નારદ સદા મીઠું મલક્યા કરે. પણ યક્ષને જોઈને તેમનો ચહેરો કડક બની ગયો. આંખ લાલ થઈ ગઈ. અરે! ગુસ્સાને કારણે તેમની ચોટલી પણ સ્થિર થઈ ગઈ.

આવેશમાં આવીને તે બોલ્યા :

'દુષ્ટો! શરમ વિનાના યક્ષો! તમે દારૂ પીને ગાંડા બન્યા છો. તમે શું કરો છો તેનું પણ તમને ભાન નથી. મારા જેવા



બ્રહ્મચારીની મર્યાદા પણ તમે રાખી નથી. તો જાઓ, પૃથ્વી પર વૃક્ષ થઈને પડો.'

શાપ સાંભળીને યક્ષની આંખ ખૂલી ગઈ.

બંનેને પસ્તાવો થયો. નારદજીના પગમાં પડીને માફી માગી. એટલે નારદજીએ કહ્યું :

'સો વર્ષ પછી કૃષ્ણ ભગવાન તમને છોડાવશે.'

તે પછી યક્ષો પૃથ્વી પર વૃક્ષ બની ગયા.

એ બંને વૃક્ષો ગોકુળ નજીક હતાં.

જશોદાએ કૃષ્ણને ખાંડણીઆ સાથે બાંધેલા. જશોદા દૂર ગયાં એટલે કૃષ્ણ ખાંડણીઆ સાથે ખસ્યા. ખસતા ખસતા પેલા બે વૃક્ષો આગળ આવ્યા.

એ બંને વૃક્ષોને મૂળમાંથી ઉખાડી નાખ્યાં.

અંદરથી બે યક્ષ નીકળ્યા. એકનું નામ નલકુબેર અને બીજાનું નામ મણિગ્રીવ.

આમ નારદે યક્ષોને વિવેકનો બોધપાઠ આપ્યો.

# ૮. મોટો ભક્ત કોણ?

આ સ્વર્ગ છે.

સ્વર્ગનો દરબાર.

દેવોની સભા મળી છે. બધા દેવો હાજર રહ્યા છે. ગાંધર્વ તથા અપ્સરાઓ પણ હાજર છે.

પૃથ્વી પરથી આવેલા પુણ્યશાળી જીવો પણ બેઠા છે. વાત છે મહત્વની.

સ્વર્ગમાં એક ચર્ચા ચાલે છે. ઘણા દિવસથી ચાલે છે. ચર્ચાનું પરિણામ આવતું નથી.

વાત વિકટ છે.

ચર્ચાનો વિષય આમ છે.



સૌથી મોટો ભક્ત કોણ?

જુદા જુદા અનેક ભક્તોનાં નામ દેવાયાં. તેમાં નારદજીનું નામ વધારે ગાજતું હતું. નારદજી ખુશખુશાલ હતા.

તે પછી રાજા જનકનો નંબર આવતો હતો.

આ જનક તે મિથિલા નગરીનો રાજા.

નારદ દેવ.

જનક માનનવ.

નારદને એ રીતનું પણ થોડું અભિમાન ખરું. નારદ દેવસભામાં હાજર. વળી તેમનો ગુસ્સો પણ ખરાબ. બીજી પણ એક બાબત હતી, કાણાને કાણો કોણ કહે?

આજે ચર્ચાનું પરિણામ હતું.

ભગવાન પોતે પોતાનો મત આપવાના છે. ખુદ વિષ્ણુ ભગવાન જણાવવાના છે : સાચા ભક્ત નારદ કે જનક રાજા?

વિષ્ણુ ભગવાન ઊભા થયા. તેમણે કહ્યું :

'મારા ભક્તો તો ઘણા છે. મારા ભક્તો સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં પણ છે. પણ મારો સાચો ભક્ત તો પૃથ્વી પર છે. તેનું નામ રાજા જનક.'

નારદે કંઈ જુદું જ સાંભળવાની આશા રાખેલી. એને બદલે વિષ્ણુએ તો જુદું જ કહ્યું. નારદને તો વિષ્ણુ પર ગુસ્સો

આવ્યો. તે તો પગ પછાડતા ઊભા થઈ ગયા.

ગુસ્સાથી શરીર ધ્રુજતું હતું.

આંખો લાલચોળ થઈ ગઈ હતી.

બોલવામાં લોચા પડતા હતા.

માથા પરની ચોટલી પણ ઊંચી થઈ ગયેલી. તેમણે કહ્યું :

'હે વિષ્ણુ ! તમે મારી આટલી જ કદર કરીને? હું રાત-દિવસ વીણા લઈને ફર્યા કરું છું. આખી જિંદગીથી 'નારાયણ' સિવાય બીજો જાપ જપતો નથી. તમારા પ્રત્યે આટલી વફાદારી રાખી એનું તમે ઠીક ફળ આપ્યું.'

'પણ વિષ્ણુ ! હું તમને છોડવાનો નથી. તમારે જવાબ આપવો જ પડશે. તમારે સાબિત કરી આપવું પડશે. તમે કહો છો કે જનક મોટો ભક્ત. માની લીધું કે તે મોટો ભક્ત છે. પણ તમારા કહેવાથી તે મોટો થઈ જતો નથી. તમારે તેનું પ્રમાણ આપવું પડશે. બોલો વિષ્ણુ, શો જવાબ છે તમારો?'

આખી સભા શાન્ત બની ગયેલી.

નારદ ગુસ્સે થાય પછી કોણ બોલે?

વિષ્ણુએ પણ નારદનો ગુસ્સો જોયો. જનક વિષે કંઈ પણ કહેવાની તેમની હિંમત રહી નહીં. તેમણે 'જા બિલ્લી કુત્તે કુ માર' ના જેવું કર્યું. તેમણે નારદને કહ્યું :



'નારદજી ! તમે પૃથ્વી પર જાઓ. જનકરાજાને મળો. તમને જે શંકા હોય તે તેને જ પૂછો. તે જવાબ નહીં આપી શકે તો હું આપીશ. પછી મને મળજો.'

નારદજીએ વીણા ઉપાડી.

ઝડપથી બહાર નીકળી ગયા. 'નારાયણ' નું નામ લેવાનું બંધ થઈ ગયું હતું. ભગવાનને કદર ના હોય પછી નામ લેવાનો શો અર્થ ?

તે તો આવ્યા જનકના દરબારમાં.

જનકે તેમને ઓળખ્યા. આવકાર આપ્યો. બેસવા માટે ગાદી બતાવી પણ...

નારદનાં નાક ફુલી ગયાં. તેમણે અભિમાન ભરેલી વીણા શરૂ કરી :

'હે જનક! પહેલાં મારા પ્રશ્નનો જવાબ આપ. સાચો ભક્ત કોણ? તું કે હું?'

જનકે શાન્તિથી જવાબ આપ્યો :

'નારદ ! સાચા ભક્ત તો તમે.'

'ના, વિષ્ણુનું કહેવું છે કે સાચા ભક્ત જનક છે. હે જનક ! તારી ને મારી વચ્ચે આભ-જમીનનું અંતર છે. હું બ્રહ્મચારી, તું સંસારી. હું ભક્ત, તું રાજા. હું દેવ, તું માનવ. મારા હાથમાં

આખો દિવસ વીણા હોય, મુખમાં 'નારાયણ' હોય. તું આખો દિવસ સંસારના રંગરાગ કરે છે. મારે રહેવા માટે ઝુંપડી પણ નહીં, તારે તો મહેલ છે. હે જનક! તારી આસક્તિ જ ગઈ નથી. પછી સાચા ભક્તની ક્યાં વાત?'

જનકે નમ્રતાથી કહ્યું :

'નારદજી ! તમારી વાત સાચી છે. મોટા ભક્ત તો તમે જ.'

'જનક, વાત નથી ઉડાવવાની. મારે જવાબ જોઈએ. જવાબ મેળવ્યા વિના હું જવાનો નથી.'

જનકે જાણ્યું કે, આ લપ સહેલાઈથી જવાની નથી. એટલે તેણે ફરી કહ્યું :

'નારદજી ! તમે મહેમાન છો. હું તમને જવાબ તો આપીશ. જવાબ આપ્યા વિના નહીં મોકલું. પણ અત્યારે નિરાંતે રહો.'

નારદે એ વાત સ્વીકારી લીધી.

તેઓ ત્યાં જ રહી ગયા.

સાંજે તેમને નગર જોવાની ઈચ્છા થઈ. જનકે નગરના રસ્તા બતાવવા એક માણસ પણ મોકલ્યો. સાથે બીજી પણ એક વિનંતી કરી :



'નારદજી ! તમને થોડી તકલીફ પડશે પણ અમારે અહીં એક વિચિત્ર રિવાજ છે. જુઓ, આ થાળી છે. થાળીમાં વાડકી છે. વાડકીમાં તેલ છે. વાડકી છલોછલ ભરેલી છે. તમે આ સાથે રાખજો. વાડકીમાંથી તેલનું એક ટીપું પણ થાળીમાં ન ઢોળાય તેનું ધ્યાન રાખજો. જો એમ થશે તો આફત આવશે!'

નારદે કહ્યું : 'કઈ વાંધો નહીં. લાવો થાળી. મને કંઈ તકલીફ પડવાની નથી. લાવો એ થાળી.'

નોકરે નારદના હાથમાં થાળી પકડાવી. નારદે બે હાથમાં થાળી પકડી. પછી ચાલવા માંડ્યું. નોકરની પાછળ નારદજી નગર જોવા ઉપડ્યા.

નારદજીએ ચાલવા માંડ્યું.

વાડકી ડોલવા માંડી. તરત જ ચાલ ધીમી કરી. નગર જોવા માટે ઊંચી નજર કરી. પણ તેલ ઢોળાવાનો ડર લાગ્યો. એટલે તરત જ નજરને તેલ તરફ વાળી.

ત્રણ-ચાર કલાક સુધી તે નગરમાં ફર્યા.

પછી મહેલમાં પાછા ફર્યા. જનકને થાળી પાછી આપતાં તેમણે કહ્યું :

'જો જનક, થાળીમાં તેલનું એક ટીપું પણ પડવા દીધું નથી.'

જનકે જવાબ આપ્યો :

'વાહ, તમે વાડકીને બરોબર સાચવી લાગે છે. વારું, પણ અમારું નગર કેવું લાગ્યું?'

નારદનું મોં આશ્ચર્યમાં પહોળું થઈ ગયું :

'હેં… એં… તમારું નગર? એ તો મેં જોયું જ નહીં. મારું તો ધ્યાન જ આ તેલમાં હતું. એટલે નગરમાં ફર્યો ખરો, પણ નગર જોયું નહીં.'

જનકે કહ્યું :

'નારદજી ! તમારા પ્રશ્નનો જવાબ પણ આવો જ છે. હું સંસારમાં રહું છું, છતાં ભક્ત છું. તમે નગરમાં ફર્યા, છતાં ધ્યાન તેલનું ધર્યું. હું પણ સંસારમાં રહું છું, પણ ધ્યાન સદા ભગવાનનું જ ધરું છું. સંસારમાં રહીને પણ ભક્તિ થઈ શકે છે. નારદજી, હવે સમજાયું ને?'

નારદ તો ડોલી ઊઠ્યા.

'વાહ, વાહ ! સુંદર જવાબ.'

નારદજીને સ્વીકારવું પડ્યું કે સાચો ભક્ત તો જનક.

આવા આપણા નારદજી!

અભિમાન પણ કરે અને ભૂલ પણ કબૂલી લે.

તેમણે જનકને ધન્યવાદ આપ્યા.



# ૯. અવરચંડાઈ

નારદ એટલે નારદ.

કોઈને લડાવા હોય તો એમનો નંબર પહેલો.

કોઈને લડતા જુએ તો તેમને ઓર મજા આવે.

મોંઢે રામનું નામ જપતા હોય, પણ મનમાં તો કોઈને લડાવવાની યોજના જ ઘડતા હોય.

એક દિવસ એમને વિચાર આવ્યો. આ વિષ્ણુ અને લક્ષ્મી લડતાં નથી. એમને લડાવું તો ખરો.

એ તો ઉપડ્યા લક્ષ્મીના મહેલ તરફ. મહેલ આવ્યો એટલે જોરથી વીણા વગાડવા માંડી. લક્ષ્મીએ નારદને જોયા એટલે બોલાવ્યા.

'કેમ નારદજી ! આમ ક્યાં ચાલ્યા? ઘેર આવવું નથી?'

'અમે ભટકતા રામ. જવું હતું આમ પણ તમે બોલાવ્યા એટલે તમારે ઘેર. આપણે તો સબ ભૂમિ ગોપાલકી.'

લક્ષ્મી જોડે થોડી આડીઅવળી વાતો કરી. પછી અચાનક જ બોલી ઊઠ્યા :

'અરે હાં દેવીજી, મને ઘણા સમયથી એક પ્રશ્ન થાય છે.'

'શું?'

'આ જુઓને એક બાજુ તમે અને બીજી બાજુ ભગવાન. બેમાંથી કુળ કોનું ઊંચું ?'

'તમને શું લાગે છે?' લક્ષ્મીજીએ કહ્યું.

'મને તો તમારું જ કુળ ઊંચું લાગે છે. કારણ તમારે પગલે જ ભગવાન સુખી થયા. તમારે લીધે જ ભગવાનની કિંમત વધી.'

'વળી વિષ્ણુને તો કોઈ ઠામ ઠેકાણું છે નહીં. સાસરીમાં પડ્યા રહે છે અને વાતો મોટી મોટી કર્યા કરે છે. એ તો ઠીક છે કે તમે મળ્યાં. એમને તો રહેવાનું ઘર જ ક્યાં છે?'

'વાત તો તમારી ખરી છે. આખી દુનિયા જાણે છે કે મારું કુળ ઊંચું છે. લક્ષ્મીજી ફુલાઈ ગયાં.'

'બસ ત્યારે, હું એવું જ ધારતો હતો.'

'પણ તમારે એમ કેમ પૂછવું પડ્યું?'



'વાત એમ છે કે ભગવાન જ્યાં ત્યાં પોતાની બડાઈ હાંક્યા કરે છે.'

'એમ વાત છે.'

'એટલું જ નહીં, પણ તેમના ભક્તો પણ જ્યાં ત્યાં પ્રચાર કરે છે - લક્ષ્મી ચંચળ છે. ક્યારે જાય તે કહેવાય નહીં. માટે લક્ષ્મીનો વિશ્વાસ કરવો નહીં.'

'આજે ઘેર આવવા દો એમને...'

'એટલે મને શંકા ગઈ કે કુળ તો લક્ષ્મીજીનું ઊંચું છતાં આમ કેમ?' એમ કહીને નારદ ઊભા થઈ ગયા. 'ઠીક.. ઠીક ત્યારે દેવીજી ! હું જાઉં. જોજો મારું નામ લેતાં.'

નારદ તો હસતા હસતા નીકળ્યા. રામનામનો જાપ જપતા જાય ને વીણા વગાડતા જાય.

આ તરફ લક્ષ્મીજી તો બરોબરનાં ગુસ્સે ભરાયાં. કંઈ કંઈ યોજના ઘડી. સાંજે વિષ્ણુ ભગવાન આવ્યા. પણ આજે તો રંગ જુદો જ હતો. વિષ્ણુ ભગવાન બેઠા ન બેઠા ત્યાં જ ધડાકો થયો -

'પહેલાં મને જવાબ આપો કે કુળ કોનું ઊંચું - તમારું કે મારું?'

'પણ આજે છે શું? આ કુળ શી ને વાત શી?'

'બધુંય છે. મારા પગલે તો સુખી થયા અને બહાર મોટી

બડાઈઓ મારો છો. આજે મારો આનો નિકાલ જોઈએ. નહીં તો...'

વિષ્ણુએ જાણ્યું કે મારું કુળ ઊંચું કહું તો આખી જિંદગી મહેણું રહે.

ભગવાને ઊંડો વિચાર કરીને કહ્યું : 'જો આપણે મહેશ પાસે જઈએ. એ જે ન્યાય કરે તે ખરો.'

લક્ષ્મીજી માની ગયાં. બંને ગયાં મહેશને ઘેર. શંકર ભગવાન બેઠા હતા. વિષ્ણુ ભગવાન શંકર પાસે જઈને બેઠા. લક્ષ્મીજી પાર્વતી પાસે બેઠાં અને પાર્વતીને ચડાવ્યાં :

'જુઓ પાર્વતી ! વિષ્ણુ સાસરીમાં રહે છે. શંકર પણ સાસરીમાં જ રહે છે. આ તમારા પિતાનું ઘર છે. બંને ભટકતા હતા. આપણી સાથે પરણીને સુખી થયા. માટે કુળ આપણું ઊંચું ગણાય.'

વિષ્ણુ ભગવાને કહ્યું : 'હે શંકર, બરોબર ન્યાય આપજો. મારું કુળ ઊંચું કે લક્ષ્મીનું? જોજો હોં! આમાં આબરુનો પ્રશ્ન છે.'

પણ ત્યાં જ ધડાકો થયો. પાર્વતીએ ગર્જના કરી, 'જોજો હોં! એમાં મારે નીચું જોવું ના પડે.'

શંકર ભગવાન તો બરોબરના ગુંચવાયા. આ તો વિષ્ણુના



ઘરનો ઝગડો પોતાના ઘરમાં પેઠો. તેમણે ન્યાય આપવાની ના પાડી. તેમણે કહ્યું : 'આપણે બ્રહ્માની પાસે જઈએ. તે બુદ્ધિશાળી છે. કંઈક રસ્તો કાઢશે.'

ચારે જણ બ્રહ્માને ત્યાં ગયાં. ત્યાં પણ એમ જ બન્યું. ત્રણે બૈરાં એક થઈ ગયાં. એમના ઘરમાં પણ ઝઘડો પેઠો.

પણ એ ગભરાય તેવા ન હતા. તેમણે કહ્યું : 'બોલો, આ પ્રશ્નનો ઉકેલ તમારે જાતે જોવો છે કે મારે મોંઢે સાંભળવો છે?'

લક્ષ્મીજી બોલી ઊઠ્યાં : 'મોંઢે સાંભળવા કરતાં જોવો સારો.'

બ્રહ્માના આદેશ મુજબ બધાં પૃથ્વી પર ગયાં. ત્રણ દેવ અને ત્રણ દેવીઓ મનુષ્યનું રૂપ ધારણ કરીને એક ગામમાં રહેવા લાગ્યાં. એ ગામમાં એક ગરાસિયો રાજા રહેતો હતો. એ રાજા અચાનક મરી ગયો. તેની રાણીને એક પુત્ર હતો.

રાજાના મરી ગયા પછી રાણીની સ્થિતિ બદલાઈ ગઈ. ખાવાને રોટલો મળે નહીં. લોકોની મજૂરી કરીને તે પોતાનું ગુજરાન કરતી.

પણ તેનો પુત્ર તેજસ્વી હતો. એક દિવસ રમતો રમતો તે આ દેવો સાથે આવી પહોંચ્યો. બ્રહ્માએ તેને પાસે બોલાવ્યો, અને પૂછ્યું –

'બેટા ! તું કોઈ ક્ષત્રિયનો બાળક હોય તેમ લાગે છે. તારા બાપા છે?'

'ના, મારી બા છે.'

'તું પરણેલો છે?'

'અમે ગરીબ છીએ, અમને કન્યા કોણ આપે?'

'તો કોઈ ગરીબ કન્યા સાથે પરણી જતો હોય તો!' બ્રહ્માએ કહ્યું.

'હું ક્ષત્રિયનો બાળક છું અને ક્ષત્રિયની કન્યા સાથે જ લગ્ન કરીશ.'

'ઠીક, હવે તું ક્ષત્રિયનો બાળક ખરો. જા, આ દેશના રાજાને જઈને તારા બાપનું કુળ જણાવજે અને તેની કન્યા માગજે.'

છોકરો તો ઉપડ્યો. જઈ પહોંચ્યો દરબારમાં. છોકરાએ રાજાની કન્યાનું માગું કર્યું. રાજા તો એકદમ ગુસ્સે થઈ ગયો :

'આવા મવાલી જેવા છોકરાને મારી કન્યા આપું? હાજર છે કોઈ? લાવો મારી તલવાર.'

પણ વજીર શાણો હતો. તેણે બુદ્ધિ વાપરી. રાજાને શાન્ત પાડ્યો. વજીરે કહ્યું :

'ભાઈ, કન્યા તો તારી સાથે પરણાવીએ. પણ તારી જાનમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આવશે? તારામાં એટલી શક્તિ



આવે ત્યારે જ આવજે.'

છોકરો તો દેવો પાસે પાછો આવ્યો. છોકરાએ બધી વિગત કહી. એટલે બ્રહ્માએ કહ્યું :

'જઈને રાજાને કહેજે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તારી જાનમાં આવશે.'

'પણ ખાતરી માગે તો?' છોકરાએ કહ્યું.

'હા, એ બરોબર. લે આ મારા તરફથી હાર. એમાં સો મણકા છે. એક વખત માળા ખંખેરીશ એટલે સો સૈનિકો પેદા થશે. આમ તું જોઈએ તેટલા સૈનિકો પેદા કરી શકીશ.'

શંકર ભગવાને ત્રિશૂળ આપ્યું અને વિષ્ણુ ભગવાને સુદર્શન ચક્ર આપ્યું.

છોકરો આ બધાં સાધનો લઈને રાજાનાં દરબારમાં ગયો. રાજાને કહ્યું : 'રાજન ! મારી જાનમાં આ ત્રણે દેવો આવશે. માટે હવે તૈયાર થઈ જાઓ.'

આખો દરબાર નવાઈ પામ્યો. રાજાએ તો તેને ગાંડો ગણી નાખ્યો. માનવીની જાનમાં દેવો તે વળી આવતા હશે? પણ ડાહ્યા પ્રધાને પૂછ્યું :

'તારી જાનમાં દેવો આવવાના છે તેની શી ખાત્રી?'

'આ રહ્યાં તેમણે આપેલાં શસ્ત્રો. હમણાં જ સાબિત કરી

આપું છું.' એમ કહીને તેણે માળા કાઢી. બ્રહ્માનું નામ લઈને તેણે માળાને ઝાટકી. તો સો સૈનિકો પેદા થયા. છોકરાને નમન કરીને બધા હુકમની રાહ જોવા લાગ્યા.

પછી છોકરાએ ત્રિશૂળ લીધું. શિવનું નામ લઈ તેણે પેલા સૈનિકો સામે ધર્યું, તો બધા સૈનિકો બળીને ખાખ થઈ ગયા.

આખો દરબાર સ્તબ્ધ બની ગયો. રાજા તો આશ્ચર્યમાં જ પડી ગયો.

પછી છોકરાએ સુદર્શન ચક્ર કાઢ્યું : 'મહારાજ, આ વિષ્ણુ ભગવાને આપ્યું છે. અને જો તમારે કુંવરી પરણાવવી ન હોય તો આનો ઉપયોગ તમારે માટે થશે.'

રાજા તો ખરેખરો ડરી ગયો. તેણે પોતાની કુંવરી આ છોકરા સાથે પરણાવવાનું નક્કી કર્યું. રાજાએ લગ્નની તૈયારી કરવા માંડી. આ તરફ દેવોએ તો સુંદર તૈયારી કરી. ઠાઠમાઠથી જાન નીકળી. આખું નગર જોવા નીકળેલું. જાનમાં ત્રણ દેવીઓ પણ આવેલી.

કેટલાંક બૈરાં અંદર અંદર વાતો કરતાં હતાં. 'બોન, આ ઘણો નસીબદાર છોકરો.'

'બોન જેવું જેનું ભાગ્ય.' બીજી બૈરી બોલી.

'એ તો એનો બાપ કુળવાન એટલે, નહીં તો આવા ગરીબ



છોકરાને કુંવરી ક્યાંથી મળે.'

ત્રણે દેવીઓએ આ વાતચીત સાંભળી. ત્રણે મનોમન સમજી ગઈ. કુળ તો પુરૂષનું જ ઊંચું કહેવાય.

ત્રણે દેવો ત્યાં આવી પહોંચ્યા. બ્રહ્માએ પૂછ્યું 'કેમ હવે સમજાયું?'

એટલામાં નારદ આવી પહોંચ્યા. એટલે તરત જ લક્ષ્મી બોલી ઉઠ્યાં : 'મને તો આ નારદે ચડાવી.'

'કેમ નારદ ! આખરે મારા જ ઘરમાં નારદ વેડા કર્યાં?'

પણ નારદ તો હસતા જાય, રામનું નામ લેતા જાય અને વીણા વગાડતા જાય.

# ૧૦. સલાહ

વ્યાસ ભગવાન.

તેઓ ભગવાન તરીકે જાણીતા છે. તેમનું નામ વેદ વ્યાસ છે.

વ્યાસજી મોટા મુનિ. જ્ઞાની અને તપસ્વી પણ ખરા. સરસ્વતી નદીના - કિનારે તેમનો આશ્રમ. દૂર દૂરથી શિષ્યો આવે. ગુરૂજીની સેવા કરે અને જ્ઞાન મેળવે.

આ વ્યાસ ભગવાને એક મોટો ગ્રંથ રચ્યો. એ ગ્રંથમાં સંસાર-વ્યવહારનું મોટા ભાગનું જ્ઞાન ઠાલવી દીધું. જાણો છો એ કયો ગ્રંથ? એ ગ્રંથ તે મહાભારત. આપણું ધર્મ પુસ્તક.

મુનિનું એક જ ધ્યેય. લોકોનું કલ્યાણ કરવું. લોકોને ધર્મ



તરફ વાળવા, લોકોને સુખનો માર્ગ બતાવવો.

બસ, આ ભાવનાથી તેમણે મહાભારત લખેલું.

પણ... જગત તો એનું એ જ હતું. એમાં કોઈ ફેરફાર ના થયો. અધર્મનું જોર વધતું હતું. દુષ્ટો સત્તા ભોગવતા હતા. સારા માણસો ગુલામ હતા. ધર્મ તો પૃથ્વી પર ક્યાંય દેખાતો ન હતો.

વ્યાસજીના દુઃખનો પાર નથી. આનો ઉપાય શું? આમ જ ચાલશે તો પૃથ્વી નાશ પામશે. બિચારા વ્યાસજી ઝૂંપડીની બહાર બઠા છે, સમાજની ચિંતા કરે છે. ત્યાં 'નારાયણ, નારાયણ'નો અવાજ સંભળાયો. થોડી જ વારમાં નારદજી દેખાયા.

વ્યાસજીએ નારદનો સત્કાર કર્યો. ઝૂંપડીમાં લઈ ગયા. બેસવા માટે આસન આપ્યું. ખાવા માટે ફળ આપ્યાં. પાસે જળથી ભરેલું પાત્ર મૂક્યું.

વ્યાસજી નારદ સાથે વાતો કરતા હતા. નારદ પણ અલક મલકના સમાચાર લાવ્યા હતા. વાતો તો બંને કરતા હતા. વ્યાસજી ઉપરથી ખુશ દેખાતા હતા.

પણ નારદજી સમજી ગયા. વ્યાસજીના મનમાં ઊંડે ઊંડે દુઃખ છે. નારદજીએ તો પૂછી જ નાખ્યું -

'ભગવાન ! આપ દુઃખી લાગો છો. મનમાં શાંતિ નથી. તમને કોઈ ચિંતા કોરી ખાય છે. તમે વાતો કરો છો, પણ ચહેરા

પર ચિંતા ડોકિયાં કરે છે.'

વ્યાસજી દુઃખથી બોલ્યા.

'હે નારદજી ! તમારી વાત સાચી છે. હું ઘણા દિવસથી ચિંતા કરું છું. પણ ઉપાય મળતો નથી.'

નારદે કહ્યું :

'પ્રભુ ! તમે મહાભારત લખ્યું. કેવડો મોટો ગ્રંથ? કેટલું જ્ઞાન? કેટલું ડહાપણ! તમારું એ ભગીરથ કામ છે. ઠેર ઠેર તમારી કીર્તિ ગવાય છે. લોકો તમારાં ગુણગાન ગાય છે. તો પછી અશાંતિનું કારણ શું?'

વ્યાસજી માથું ધુણાવીને બોલ્યા :

'ના, નારદજી. મેં મહાભારત લખ્યું છે, પણ મને સંતોષ નથી. મને લાગે છે કે, હજુ કંઈક ખૂટે છે. એ શું ખૂટે છે, તે હું જાણતો નથી. એ ગ્રંથથી લોકોનું ભલું થયું નથી. સમાજમાં અધર્મ છે. હું એટલે જ દુઃખી છું. બોલો, તમારી પાસે કોઈ ઉપાય છે?'

નારદજીએ ગંભીર બનીને કહ્યું :

'ઉપાય તો છે. હું કહું તે પ્રમાણે ગ્રંથ લખો. તેમ કરવાથી સમાજમાં ધર્મ ફેલાશે. તમને શાંતિ પણ મળશે.'

વ્યાસજી ઉતાવળે બોલી ઊઠ્યા :

'તો પછી જલદી બોલો !'



નારદજીએ કહ્યું :

'તમે કૃષ્ણ ભગવાનનું ચરિત્ર લખો. એમનો મહિમા ગાઓ. ભક્તિનું મહાત્મ્ય સમજાવો. એ ગ્રંથ સરળ હોવો જોઈએ. અભણ માણસ પણ સમજી શકે તેવો. છતાં રસ પડે તેવો હોવો જોઈએ. એવો ગ્રંથ લખાશે તો લોકો ધર્મ તરફ વળશે. તમે પણ ચેન અનુભવશો.'

વ્યાસ ભગવાને નિશ્ચય કરીને કહ્યું :

'લખીશ, જરૂર લખીશ. તમે કહો છો, તેવો જ ગ્રંથ લખીશ. નારદજી, તમે ખરેખર સાચા જ્ઞાની છો.'

પણ નારદજીને એવાં વખાણની શી જરૂર? એ તો વીણા વગાડતા વગાડતા ચાલવા માંડ્યા.

તે પછી વ્યાસ ભગવાને ગ્રંથ લખ્યો. એ ગ્રંથ તે શ્રીમદ્ ભાગવત્. આજે ઘેર ઘેર તે વંચાય છે, તેની પૂજા થાય છે. ગ્રંથ રચીને વ્યાસ ભગવાન અમર બની ગયા.

ધન્ય છે નારદજીની ભક્તિને !

# ૧૧. જરાસંઘ

જરાસંઘ રાજા.

ખૂબ શક્તિશાળી રાજા. એનાથી ભલભલા ડરે. મોટા રાજાઓને પણ તેણે હરાવેલા. એની સામે લડવાની કોઈ હિંમત ન કરે. એની શક્તિ અપાર હતી.

એને કૃષ્ણ સાથે વેર.

એનો મોટામાં મોટો દુશ્મન કૃષ્ણ.

કૃષ્ણને મારી નાખવાનો તેનો ઈરાદો. પણ કૃષ્ણ પણ ક્યાં ગાંજ્યા જાય તેવા હતા? કૃષ્ણ પણ શક્તિશાળી હતા.

જરાસંઘે મથુરા પર વારંવાર ચડાઈ કરી. દરેક વખતે કૃષ્ણએ તેને હરાવ્યો. દરેક વખતે તેને પાછા હઠવું પડે.



હવે તેણે નિશ્ચય કર્યો :

'આ વખતે ગમે તે થાય. કૃષ્ણને હરાવ્યા સિવાય પાછા હઠવું નથી. હવે તો હું નહીં કે કૃષ્ણ નહીં.'

જરાસંઘે જબરી તૈયારી કરી. વિશાળ સેના લીધી. દડમજલ કરતું સૈન્ય નીકળી પડ્યું. આવી પહોંચ્યું મથુરાની ભાગોળમાં.

કૃષ્ણને આ સમાચાર મળી ગયેલા. તેમણે મથુરાના દરવાજા બંધ કરાવી લીધા. સૈન્ય તૈયાર કર્યું. તેમનું સૈન્ય પણ લડવા માટે તૈયાર હતું.

બંને સૈન્ય વચ્ચે લડાઈ શરૂ થઈ. ખૂનખાર યુદ્ધ થયું. જરાસંઘ પાસે મોટું સૈન્ય હતું. શરૂઆતમાં તેના લશ્કરે જબરો ધસારો કર્યો.

યાદવસેના નાની હતી. પણ હતી કેળવાયેલી ! તેના સેનાપતિ કૃષ્ણ હતા. યુદ્ધના વ્યૂહમાં કૃષ્ણ હોંશિયાર હતા. તેમણે વ્યૂહ બદલ્યો. યાદવસેનાને પ્રોત્સાહનનાં વચન કહ્યાં અને એકદમ ધસી ગયા જરાસંઘ તરફ.

કૃષ્ણએ ધારેલી અસર થઈ. યાદવસેના ઉત્સાહી બની. તે પણ જરાસંઘના લશ્કર તરફ ધસી ગઈ.

'મારો, કાપો !' ના અવાજ સાંભળવા લાગ્યા. ઘસાતી

તલવારના રણકાર સંભળાવા લાગ્યા. તેમાંથી તણખા ઉડવા લાગ્યા. લોહીની નદીઓ વહેવા લાગી.

જરાસંઘનું લશ્કર હાર્યું. યાદવસેના આગળ થાકી ગયું. અને... અને... છેવટે ભાગ્યું. ઊભી પૂછડીએ ભાગ્યું.

જરાસંઘે રોકવાનો ઘણો પ્રયત્ન કર્યો. તેણે ઘણી શૂરવીરતા બતાવી પણ યાદવોએ તેમનો પીછો પકડ્યો. ભાગતા સૈનિકોને મારવા એ તો સહેલી વાત. જરાસંઘનું મોટા ભાગનું સૈન્ય કપાઈ મર્યું.

રહ્યો જરાસંઘ એકલો.

એકલો જરાસંઘ કરે પણ શું?

કોઈ ઉપાય રહ્યો નહીં એટલે તે પણ ભાગ્યો. તેની પાછળ યાદવ સૈનિકો પડ્યા. પણ જરાસંઘનો ઘોડો પાણીદાર હતો. થોડીવારમાં તો ક્યાંનો ક્યાં પહોંચી ગયો.

જરાસંઘે પાછળ નજર કરી. કોઈ સૈનિક દેખાતો ન હતો. તેણે ઘોડો જંગલમાં લીધો. જંગલની મધ્યમાં ઘોડો ઊભો રાખ્યો. તે નીચે ઊતર્યો. એક ઝાડ નીચે આરામ કરવા બેઠો.

બેઠા બેઠા તેને વિચાર આવ્યો :

'હવે જીવીને શું કરું? મારું ભયંકર અપમાન થયું. હવે મારા રાજ્યમાં જઈને પણ શું? મારી પ્રજા મને કેવો ધારે? હવે



તો આપઘાત જ ઉપાય છે.'

આવો વિચાર કરીને તે ઉઠ્યો. હાથમાં પોતાની તલવાર પકડી. પોતાનું માથું કાપી નાખવા તલવાર ઉગામી, ત્યાં જ...

'સબૂર.. સબૂર...!'

અવાજ સંભળાયો.

જરાસંઘ અટકી ગયો. તલવાર મ્યાન કરી દીધી. અવાજ તરફ નજર કરી. તે ચમકી ગયો.

'અરે, આ તો નારદજી. અહીં જંગલમાં ક્યાંથી?'

નારદજી નજીક આવ્યા. મીઠું હસીને તે બોલ્યા :

'ભાઈ જરાસંઘ ! તું આપઘાત કરે છે? તારા જેવો મહાબળવાન રાજા આપઘાત કરે? તારા જેવો માણસ આમ કરશે તો બહાદુરી જશે ક્યાં? છટ, આવું કામ તને ના શોભે.'

જરાસંઘ શરમાઈ ગયો. તેણે માથું નીચું રાખીને જવાબ આપ્યો.

નારદજી, હું ખરાબ રીતે હાર્યો છું. કૃષ્ણ મારો જીંદગીનો દુશ્મન ! તેના હાથે હાર્યો છું. મારી આબરૂ ગઈ. હવે તો જીવીને પણ શું કરું?

નારદે તેને સમજાવતાં કહ્યું :

'જો ભાઈ ! હાર-જીત તો નસીબના ખેલ છે. હારવાથી

કોઈ નબળું બની જતું નથી. ફરીથી તૈયારી કર. એવું પણ બને કે, આ વખતે તું પણ જીતે.'

જરાસંઘ નિસાસો નાખીને બોલ્યો :

'હવે એવી આશા નકામી છે. મારું બધું લશ્કર ભાગી ગયું. મોટા ભાગનું કપાઈ ગયું. લશ્કર વિના લડાઈ કેમ થાય? પણ કૃષ્ણને માર્યા વિના મારા જીવનની ગતિ નહીં થાય. કૃષ્ણને મારવાનો કોઈ ઉપાય છે.'

નારદે કહ્યું :

'છે, એ પણ છે. તું હિંમત રાખ. કાલયવન કૃષ્ણનો દુશ્મન છે. તે પણ કૃષ્ણને મારવાનો લાગ શોધે છે. તું એને મળ. એ તને મદદ કરશે. તમે બંને ભેગા મળીને કૃષ્ણને હરાવી શકશો. બોલ, છે ને ઉપાય?'

જરાસંઘ નારદના પગમાં પડી ગયો. નારદજીએ તેને ઉભો કર્યો. જરાસંઘે હાથ જોડીને કહ્યું :

'પ્રભુ ! તમે મને જીવતદાન આપ્યું. વળી મારવાનો ઉપાય બતાવ્યો. તમારો ઉપકાર જીવન ભર નહીં ભૂલું.'

નારદજી તો 'નારાયણ, નારાયણ' કરતા ચાલવા માંડ્યા.

જરાસંઘ ઉપડ્યો કાલયવન પાસે. કાલયવનની ઈચ્છા પણ કૃષ્ણને મારવાની હતી. જરાસંઘ સાથે હોય તો એ કામ સરળ



બને.

કાલયવને મોટું સૈન્ય ભેગું કર્યું.

જરાસંઘે પણ સૈન્ય ભેગું કર્યું.

બંનેની સેના ભેગી મળી. પછી તો વાત જશી પૂછવી? જાણે મોટો સાગર આવ્યો. દ્વારકામાં કૃષ્ણને આ સમાચાર મળ્યા.

આ પહેલાં કૃષ્ણનો ગુપ્તચર નારદના સમાચાર પણ આપી ગયો હતો. તેણે કહ્યું હતું :

'પ્રભુ ! જરાસંઘ આપઘાત કરવાનો હતો. નારદે કાલયવનની મદદ લેવાનું કહ્યું. જરાસંઘ કાલયવન પાસે ગયો છે.'

કૃષ્ણને નારદ પર ગુસ્સો આવ્યો. પણ નારદ હતા નહીં. ગુસ્સો ઠાલવે પણ કોના પર? મથુરાને બચાવવાનો કોઈ ઉપાય મળતો ન હતો. ત્યાં જ સમાચાર આવ્યા કે સાગર જેવડી સેના મથુરા પર ચઢી આવે છે.

કૃષ્ણ આવા વિચારમાં ગોથાં ખાતા હતા. ત્યાં જ 'નારાયણ, નારાયણ'નો અવાજ સંભળાયો. કૃષ્ણ સમજી ગયા કે નારદની પધરામણી થાય છે. આ બધી ચિંતાનું મૂળ નારદ હતા. નારદને ઠપકારવા તૈયાર થઈ ગયા.

'નારાયણ'નો જાપ જપતા નારદે બારણામાં દર્શન દીધાં.

કૃષ્ણએ જર કડક બનીને કહ્યું :

'નારદજી! કૃષ્ણને મારવાનો ઉપાય બતાવ્યો. ત્યારે નારાયણ યાદ આવ્યા હતા? નારાયણનું નામ છોડી દો તો સારું.'

'પ્રભુ ! દુશ્મન વિના જીવનની મજા નહીં. તમારો અવતાર જ લડવા માટે છે. તમે બે હાથ જોડીને બેસી રહો એ મને કેમ ગમે?'

કૃષ્ણએ કડવાશથી કહ્યું :

'અરે મારા હિતેચ્છુ મિત્ર, મને લડવામાં વાંધો નથી. મથુરાની નિર્દોષ પ્રજા મરાશે, તેનો કોઈ ગુનો ખરો?'

નારદે ઠંડકથી કહ્યું :

'મથુરાનો એક પણ માણસ મરાય તો મારી જવાબદારી. મારે તો તમને જંપીને બેસવા દેવા નથી!'

કૃષ્ણ ભગવાને ચીડથી કહ્યું :

'નારદ, તમને ભાન નથી. તમને મશ્કરી જ આવડે છે. તમારા બોલવાથી કાલયવન પાછો નથી જવાનો.'

હવે નારદે ગંભીરતાથી કહેવા માંડ્યું :

'પ્રભુ ! મથુરા બચી જશે. કાલયવન મરાશે. કાલયવન તમારાથી મરત નહીં. એને માટે મેં યોજના વિચારી છે. જરાસંઘને ભવિષ્યમાં મારી શકાશે. મારે એના દ્વારા કાલયવનને અહીં ખેંચી



લાવવો હતો. એટલે જ મેં જરાસંઘને મરવા ના દીધો. હવે મારી યોજના ધ્યાનથી સાંભળી લો.'

નારદે પોતાની યોજના કહી.

કૃષ્ણ પણ એ યોજના સાંભળીને 'વાહ, વાહ!' બોલી ઉઠ્યા. કૃષ્ણએ નારદની પીઠ થાબડી શાબાશી આપી. પણ નારદને એની શી જરૂર? એ તો નારાયણ નારાયણ બોલતા ચાલી નીકળ્યા.

કાલયવન અને જરાસંઘનું લશ્કર મથુરાની નજીક આવ્યું. કૃષ્ણએ મથુરાના દરવાજા બંધ કરાવી દીધા.

મથુરામાં ખળભળાટ મચી ગયો. આવડા મોટા સૈન્ય સામે તેમનું શું ગજું? મોટા સેનાપતિઓ પણ ચિંતા કરવા લાગ્યા. આ અંગે વિચાર કરવા માટે સભા મળી.

કૃષ્ણએ સભામાં જાહેરાત કરી દીધી.

'કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. બનતા સુધી તો આપણે લડવું જ નહીં પડે. કાલયવન મરાશે એટલે સેના આપોઆપ ભાગી જશે.'

કોઈએ દલીલ કરી :

'પણ કાલયવનને મારવો સહેલો નથી.'

કૃષ્ણએ તરત જ કહ્યું.

'એ જવાબદારી મારી.'

સભા વિખરાઈ ગઈ. કશો વિચાર કરવાનો હતો જ નહીં. બધી જ જવાબદારી કૃષ્ણ પર છે. મથુરાની પ્રજા નિરાતે ઊંઘતી હતી.

મથુરાની બહાર દુશ્મનનું સૈન્ય પડ્યું હતું. કૃષ્ણએ કાલયવનનો તંબુ જોઈ લીધો.

કૃષ્ણએ બળરામને કહ્યું :

'હું મથુરાની બહાર નીકળું છું. મારી ચિંતા કરશો નહીં. કાલયવનને હું દૂર ખેંચી જઈશ. પછી તમે દુશ્મનના લશ્કર પર તૂટી પડજો. રાજા વિનાનું લશ્કર ભાગી જશે.'

એમ કહીને કૃષ્ણ નીકળ્યા.

પોશાક સાદો જ પહેરી લીધો. હાથમાં હથિયાર પણ રાખ્યું નહીં. સાદા વેશમાં ખાલી હાથે તે મથુરાની બહાર નીકળ્યા. કાલયવનના તંબુ નજીકથી જ પસાર થયા.

કાલયવને કૃષ્ણને જોયા. પોતાની તલવાર લઈને તે પણ ચાલ્યો કૃષ્ણ પાછળ.

કૃષ્ણએ પાછળ જોઈ લીધું. કાલયવન પાછળ આવતો હતો. હવે કૃષ્ણએ ઝડપ વધારી. આગળ કૃષ્ણ, પાછળ કાલયવન.

બંને જણ દૂર દૂર સુધી નીકળી ગયા. કાલયવનને મથુરા



જીતવામાં રસ ન હતો. વળી પોતાની શક્તિમાં તેને વિશ્વાસ હતો. કૃષ્ણ ગમે ત્યાં જાય. હવે કાલયવન તેમને છોડવાનો ન હતો.

હવે કૃષ્ણ પહાડ પર ચડવા માંડ્યા. કાલયવન પણ આવતો હતો. બંને વચ્ચે સંતાકૂકડી ચાલતી હતી. ઘડીમાં નજીક તો ઘડીમાં દૂર.

કાલયવન શક્તિશાળી હતો. તેને શક્તિનું અભિમાન હતું. તે માનતો કે કૃષ્ણને મારવો એટલે ડાબા હાથનો ખેલ. તેથી કૃષ્ણને મારવાની ઉતાવળ કરતો ન હતો.

જ્યારે કૃષ્ણ ગુફા શોધતા હતા. નારદે કહેલી ગુફા. એ ગુફામાં જ કાલયવનનું મોત હતું. છેવટે ગુફા મળી ગઈ.

કૃષ્ણ ઝટપટ એ ગુફામાં પેસી ગયા. નજીકમાં જ કોઈ સૂઈ ગયું હતું. કૃષ્ણએ જલદીથી પોતે ઓઢેલી કામળી કાઢી નાખી. એ કામળી સુતેલી વ્યક્તિ પર નાખી દીધી.

ગુફા અંદરથી ઊંડી હતી. અંદર અંધકાર પણ સારો હતો. કૃષ્ણ એ અંધકારમાં સંતાઈ ગયા.

થોડીવારમાં કાલયવન આવી પહોંચ્યો. તેણે કૃષ્ણને આ ગુફામાં જતા જોયા હતા. તેણે તપાસ કરી લીધી. ગુફાને આ એક જ દ્વાર છે. હવે કૃષ્ણ ક્યાંથી ભાગી જશે?

તેણે તલવાર પર હાથ મૂક્યો. ગુફામાં દાખલ થયો. ગુફામાં તેની નજર પડી. પ્રથમ તો તે ચમક્યો. પછી કાળી કામળી જોઈ એટલે હસી પડ્યો. મનમાં જ બબડ્યો :

'બિચારો થાકી ગયો લાગે છે.'

કાલયવન તેને કૃષ્ણ ધારતો હતો. પણ તે તો રાજા મુચકુંદ હતો. દેવોને દાનવો સાથે લડાઈ થયેલી. 'એ લડાઈમાં રાજા મુચકુંદે દેવોને મદદ કરેલી. ઈન્દ્રદેવ તેના પર ખુશ થઈ ગયેલા. રાજાને એક વરદાન માગવાનું કહેલું.'

જવાબમાં રાજાએ કહેલું :

'હે દેવ, મને ખૂબ થાક લાગ્યો છે. મારે આરામ કરવો છે. મને કોઈ એવું સ્થલ બતાવો.'

ઈન્દ્રદેવે તેને આ ગુફામાં આરામ કરવા કહ્યું. રાજાએ શંકા ઉઠાવી : 'દેવ, મને કોઈ જગાડશે તો નહીં ને?'

ઈન્દ્રદેવે કહેલું :

'તને જે જગાડશે તે તારી નજરથી બળી જશે.' એ મુચકુંદ રાજા ગુફામાં આરામ કરતો હતો. કાલયવન આગળ વધ્યો. તેણે કહ્યું :

'કૃષ્ણ તારું મોત આવી ગયું છે. હવે તું જીવતો રહી શકવાનો નથી. હવે આ ઢોંગ કરવો છોડી દે.'



એમ કહીને રાજા મુચકુંદને લાત મારી.

રાજા જાગી ગયો. પોતાને લાત મારનાર કાલયવન સામે જોયું અને .... અને કાલયવન બળી મર્યો.

જોઈને નારદજીની યોજના?

નારદજીનાં કામ આવાં પણ હતાં.

# ૧૨. અન્નપૂર્ણા

એક હતો બ્રાહ્મણ એનું નામ ધનંજય. તે ભગવાન શંકરના ધામ કાશીમાં રહેતો હતો. એ બ્રાહ્મણને ભગવાને સુલક્ષણા નામની સ્ત્રી આપી હતી. તે સ્ત્રી પોતાના પતિના પગલે પગલે ચાલનારી હતી.

આ ધણી ધણીયાણી સુખમાં દહાડા પસાર કરતાં હતાં. આ સુખમાંય તેમને તેમની ગરીબી કાંટાની જેમ ખુંચતી હતી. એક દહાડો સુલક્ષણાએ પોતાના હૃદયની વાત કહેતાં કહ્યું, ''સાંભળો છો?''

''શું છે'' ધનંજયે પૂછ્યું :

''આ આપણું તો કાંઈ જીવન છે! દુનિયામાં ગરીબનો



ભાવ કોણ પૂછે છે? પાસે બે પૈસાનો જીવ હોય તો માણસની ગણત્રીય થાય.''

''ગાંડી,'' હસીને ધનંજય બોલ્યો, ''સંતોષી નર સદાય સુખી. ભગવાને આપણાં કર્મ પ્રમાણે આપણને આપ્યું છે.''

''એમ તો મન વાળીને બેઠાં જ છીએ ને?'' સુલક્ષણાએ કહ્યું, ''છતાં કાંઈ પ્રયત્ન કરો તો?''

સુલક્ષણાના સવાલના જવાબમાં 'ઠીક, ઠીક' ધનંજયે કહ્યું, 'ને પછી ધન મેળવવા શું કરવું?' નો વિચાર કરવા લાગ્યો. કેટલા વિચારો પછી ભગવાન શંકરનું આરાધના કરવા નક્કી કર્યું. નક્કી કરી તે ગયો ભગવાન શંકરના દેવાલયે, ભગવાનની પૂજા કરી કરગરવા માંડ્યું. ખાવાનુંય છોડ્યું ને પીવાનુંય છોડ્યું.

ખાધાપીધા વગર એક દહાડો ગયો. બે દહાડા ગયા. ત્રીજા દહાડામાં સૂર્ય ભગવાન દેખાયા. ભગવાન શંકરને બ્રાહ્મણની દયા આવી ને તેમણે તે બ્રાહ્મણના કાનમાં 'અન્નપૂર્ણા અન્નપૂર્ણા' એમ કહ્યું.

અવાજ આવતો હતો પણ બોલનાર જણાતો ન હતો. તે ચોતરફ જોતો વિચારવા લાગ્યો. એ અન્નપૂર્ણા શું? વિચાર કરતાં કાંઈ સમજાયું નહિ તે મંદિરમાંથી બહાર આવ્યો. બહાર બેઠેલા બ્રાહ્મણને પૂછ્યું, ''અન્નપૂર્ણા એટલે શું?''

ધનંજયનો પ્રશ્ન સાંભળી બ્રાહ્મણો હસ્યા, બોલ્યા, ''ભૂખે પેટે તને અન્નપૂર્ણા સિવાય બીજું યાદેય શું આવવાનું હતું? જા ઘેર જા ને રોટલા ભેળો થા.''

બ્રાહ્મણોના શબ્દે શરમાઈ, નીચું જોઈ ધનંજય વેષે આવ્યો. મંદિરમાં બનેલી વાત સુલક્ષણાને કહી, બ્રાહ્મણોના કહેલા શબ્દો પણ કહ્યા. પછી પૂછ્યું, ''હવે મારે શું કરવું?''

''કરવામાં કાંઈ નહિ, જેણે અન્નપૂર્ણા કહ્યું છે, તેની જ પાસે જાય. તે જ રસ્તો બતાવશે.'' સુલક્ષણાએ કહ્યું.

''બરાબર, બરાબર, તારું કહેવું બરાબર છે.'' ધનંજયે કહ્યું, ''જે ભગવાને અન્નપૂર્ણા કહ્યું છે, તે જ ભગવાન રસ્તો બતાવશે.'' કહેતો ધનંજય ભગવાનના મંદિરે આવ્યો. નામસ્મરણ કરવા લાગ્યો.

રાત પડી ભગવાનનું નામસ્મરણ કરતો ધનંજય આડે પડખે થયો, તે જ વખતે અવાજ આવ્યો. ''અલ્યા બ્રાહ્મણ? જાગે છે કે ઊંઘે છે?''

''ભગવાન જાણું છું ને'' ધનંજયે કહ્યું, ''અન્નપૂર્ણા શું તેનો વિચાર કરું છું.''

''હવે વિચાર-કરવા રહેવા દે'' ભગવાને કહ્યું, ''અહીંથી પૂર્વ દિશામાં જા.''



''જેવી આજ્ઞા.'' કહેતો ધનંજય ઉઠ્યો પૂર્વ દિશા તરફ ચાલ્યો. તે ડગલે ને પગલે અન્નપૂર્ણાના જાપ જપે છે. રસ્તે ચાલતાં ફળફળાદિ જે કંઈ મળી આવે તે ખાઈ લે છે. નદી કે ઝરણાંનું પાણી પી લે છે. ચાલતાં ચાલતાં તે એક સરોવર પાસે આવ્યો. એ સરોવરે કેટલીક અપ્સરાઓ પૂજન કરી રહી હતી. પૂજન કરીને એક અપ્સરા વાત કહેતી હતી, અને બીજી અપ્સરાઓ વાત સાંભળતાં અન્નપૂર્ણા કહેતી હતી.

અન્નપૂર્ણા શબ્દ કાને પડતાં જ ધનંજય ચમક્યો. તેને 'અન્નપૂર્ણા' નો ભેદ હાથમાં આવ્યો હોય તેમ લાગ્યું. તે અપ્સરા પાસે ગયો ને બે હાથ જોડી પૂછવા લાગ્યો, ''હે દેવીઓ? તમે કોણ છો? અને શું કરો છો?''

''બ્રાહ્મણ?'' એક અપ્સરા આગળ આવી બોલી, ''અમે અપ્સરાઓ છીએ, આજ માગસર સુદ છઠ્ઠને દિવસે મા અન્નપૂર્ણાનું વ્રત કરવા અહીં આવેલ છીએ.''

''હે દેવીઓ? એ વ્રત કરવાથી શું થાય? એની વિધિ શું? એ વિધિ કહેવાય તેવી હોય તો પણ કહો, ને ન કહેવાય તેવી વિધિ હોય તો પણ કહો, મને ભગવાન શંકરે અન્નપૂર્ણાનું વ્રત કરવા કહેલું છે.''

''હે બ્રાહ્મણ'' અપ્સરા કહેવા લાગી, ''મા અન્નપૂર્ણાનું

વ્રત માગશર સુદ છઠ્ઠને દિવસથી કરનાર બધી રીતે સુખી થાય છે. એના પર મા અન્નપૂર્ણા ત્રુઠે તેનું શું બાકી રહે? ભાઈ આ વ્રત કરવા એકવીસ દોરે એકવીસ ગાંઠો વાળેલો દોરો લેવો એકવીસ દિવસના ઉપવાસ કરવા. જો ઉપવાસ ન થઈ શકે તો એકટાણાં કરવાં સવારમાં મોઢામાં કંઈ પણ મૂક્યા વિના જ મા અન્નપૂર્ણાની વાત કહેવી જો કોઈ વાત સાંભળનાર ન હોય તો મહાદેવના મંદિરે જઈ વાત કહીએ, પીપળાના પાને કહીએ, સૂર્યદેવની સાખે કહીએ, તુલસીના ક્યારે કહીએ, ગાયની આગળ કહીએ, વાત કહ્યા વગર ખવાય તો તે દહાડે ઉપવાસ પડે, આ વ્રત એકવીસ દિવસ કરવું પડે તે દહાડામાં જૂઠું બોલાય નહિ ગુસ્સો કરાય નહિ.''

''બરાબર'' ધનંજયે કહ્યું, ''દેવીઓ? મારા પણ દયા કરી મને દોરો આપો, હુંય વ્રત કરીશ.''

અપ્સરાઓએ તેને દોરો આપ્યો, ને કહ્યું, ''મા અન્નપૂર્ણા, તારી આશા પુરશે.''

આશીર્વાદ આપી અપ્સરાઓ તો ગઈ ને ધનંજયે વ્રત કરવા માંડ્યું. એકવીસ દિવસે વ્રત પુરૂં થયું, ત્યારે સરોવરમાં હીરામોતી જડેલા એકવીસ પગથિયાની સીડી જણાઈ. તે સીડીનાં પગથિયાં તે ઉતરવા લાગ્યો એ પગથિયાં પુરા થયાં ત્યાં તેજ તેજના અંબારવાળું મા અન્નપૂર્ણાનું મંદિર જણાયું. તે જોતાં ધનંજય તો



ગાંડા જેવો થઈ ગયો. માના ચરણમાં આળોટી પડ્યો. માને કાલાઘેલા શબ્દોમાં કરગરવા લાગ્યો. ત્યારે માએ પ્રગટ થઈ તેના માથા પર હાથ મૂકી કહ્યું. 'બેટા? તારી ઈચ્છાઓ પુરી થશે.' કહેતા માએ તેની જીભ પર કંઈક લખ્યું. તે જ ક્ષણે સરસ્વતી તેની જીભે બેઠી.

ધનંજયે આંખો મીંચી ને જ્યારે તેણે ઉઘાડી ત્યારે તે કાશીમાં ભગવાન શંકરના દેવાલયમાં હતો. ભગવાનને માથું નમાવી તે ઘેર આવ્યો, સુલક્ષણાને બધી વાત કહી. તે દિવસો જવા લાગ્યા. માની દયાથી તેને ત્યાં લક્ષ્મીજી ઉભરાવા લાગ્યા. માની દયાથી તેને ત્યાં લક્ષ્મીજી ઉભરાવા લાગ્યા લક્ષ્મીજીદેવીના પગલાં થતાં ભાઈનો ભાવ પણ વધ્યો. ઉગતાને બધા પૂજે જ છે ને?

''પૈસા થયા પણ તેને ભોગવનાર ન મળે.'' આવા શબ્દો તેમને માટે લોકો કહેવા લાગ્યા. સુલક્ષણાને આ સાંભળી દુઃખ થયું, તેણે પોતાના પતિને ફરીથી પરણવા સમજાવવા માંડ્યું, પણ તેના ગળે વાત ઉતરી નહિ.

સુલક્ષણાએ પોતાની વાત કહેવી છોડી નહિ. આખરે ધનંજયનું મન ચળ્યું ને તેણે બીજું લગ્ન કર્યું.

બીજું લગ્ન કર્યા પછી ધનંજય નવીની સાથે રહે છે. સુલક્ષણાને તો યાદેય કરતો નથી. સુલક્ષણાને વ્રતને યાદ

દેવડાવતો સંદેશો કહેવડાવ્યો. સંદેશો મળતાં જ ધનંજય સુલક્ષણા પાસે આવ્યો. પતિ-પત્નીએ વ્રત કરવા માંડ્યું ને દિવસો જવા લાગ્યા, નવીના મનમાં ચિંતા પેઢી, તેણે ધનંજયની તપાસ કરાવડાવી, ત્યારે વ્રત કરે છે તે જાણ્યું, એટલે તે પોતાનો પતિ જ્યાં હતો ત્યાં આવી બળજબરીથી ખેંચીને ત્યાંથી લઈ ગઈ વ્રતમાં ભાંગ પડ્યો.

રાતના જ્યારે ધનંજય ઊંઘતો હતો, ત્યારે નવીએ હાથ પર બાંધેલો દોરો તોડી નાખ્યો દેવતામાં નાખ્યો. આથી મા અન્નપૂર્ણા કોપ્યાં પરિણામે ઘરમાં એકાએક આગ લાગી. આગ લાગી છે એ જાણતાં જ સુલક્ષણા દોડતી આવી પોતાના પતિને લઈ જતાં નવીને પોતાની સાથે આવવા કહ્યું : પણ નવી પોતાને પિયર ગઈ.

આગથી બધું બળી ગયું. ધનંજય દુઃખી દુઃખી થઈ ગયો. સુલક્ષણા પોતાના પતિને ધીરજ આપતી કહેતી, ‘માના વ્રતમાં વિઘ્ન આવ્યું એટલે આપણી આ દશા થઈ માટે ફરીથી વ્રત કરીએ.’

સુલક્ષણાના શબ્દોએ ધનંજયના મન પર અસર કરી. જાપ જપતો જવા લાગ્યો.

સરોવર આવતાં જ તેણે તેમાં પડતું મૂક્યું ને પહોંચ્યો.



માના ચરણમાં, માના ચરણમાં પડી રડવા લાગ્યો.

માની સેવિકાઓને ધનંજય લોભી લાગ્યો, તેથી દંડ દેવા તૈયાર થઈ એટલે મા અન્નપૂર્ણા તેમને વારતા કહેવા લાગ્યા, ‘થોભો, થોભો, બ્રાહ્મણના દીકરાને મરાય કે? પહેલા એ વ્રતના પ્રભાવે અહીં આવ્યો છે, કહેતાં માએ ધનંજયના માથા પર હાથ મૂકી કહ્યું, ‘બેટા લે આ મારી સોનાની મૂર્તિ, તેનું પૂજન કરજે. તારા મનની ઈચ્છાઓ પૂરી થશે. મારા આશીર્વાદથી તારી સુલક્ષણા સ્ત્રીને પુત્ર થશે.’

‘મા, મા.’ બોલતાં ધનંજયે આંખ મીંચી, તે ઉઘડી ત્યારે તે કાશીમાં ભગવાન શંકરના દેવાલયમાં હતો, ભગવાન શંકરને પ્રણામ કરી તે ઘેર આવ્યો.

માની દયાથી પૂરે માસે સુલક્ષણાએ પુત્રનો જન્મ આપ્યો. ઘરમાં લક્ષ્મીજી પણ ઉભરાયાં.

પેલી નવીના બાપને ત્યાં એકાએક ધાડ પડી, બધું લુંટાઈ ગયું, અન્નને દાંતને વેર થયું. ભીખ માંગવાનો વખત આવ્યો, ત્યારે સુલક્ષણાએ પોતાની શોક્યને તેડી લાવવા પોતાના પતિને સમજાવ્યો. ધનંજયે સુલક્ષણાનું કહ્યું માની તેને તેડી લાવ્યો. રહેવાને જુદું મકાન આપ્યું. ખાવા પીવાની વ્યવસ્થા કરી આપી. જય મા અન્નપૂર્ણા.

## ૧૩. ત્રણ દેવો

બ્રહ્માના પુત્ર નારદ.

વિષ્ણુના ભક્ત નારદ.

મહતી વીણા વગાડનાર નારદ.

પણ આટલી ઓળખાણ નારદ માટે પૂરતી નથી.

બે જણા વચ્ચે ઝઘડો કરાવવાની કળા તો નારદની જ.

નારદ એટલે જ લડાઈ. જ્યાં નારદ હોય ત્યાં લડાઈ હોય જ. બે જણને લડાવે નહીં તો નારદને ચેન ના પડે. એક વ્યક્તિને કંઈક કહે, બીજાને એથી જુદું જ કહે. બંને લડવાનું ચાલુ કરે એટલે નારદ ખુશ થાય.

અત્યારે પણ નારદના વંશવારસો છે. આવા ધંધાને લોકો નારદવેડા તરીકે ઓળખાવે છે.

એવા આપણા નારદજી.



ભગવાનને એમની પત્ની સાથે લડાવવાનો તેમને વિચાર આવ્યો.

પછી તો પૂછવું જ શું?

તેમના ભેજામાં હજાર તરકીબો તૈયાર.

વિચાર આવ્યા પછી બેસી રહેવાનું નહીં. તેનો અમલ તરત કરવાનો. નારદમાં આળસનું તો નામ ન મળે. તરત જ તૈયાર.

'નારાયણ, નારાયણ' બોલતા નીકળી પડ્યા. પહેલા કૈલાસ પર્વત પર આવ્યા.

નારદે ખાતરી કરી લીધી. શંકર ભગવાન સમાધિમાં હતાં. નારદજી મનમાં બબડ્યા, 'ખરો લાગ છે. ઘેર પાર્વતીજી એકલાં હશે.'

નારદ તો આવ્યા પાર્વતી પાસે.

પાર્વતીએ નારદનો સત્કાર કર્યો. પ્રસાદમાં લાડુ આપ્યો. નારદે લાડુ ખાધો. પછી ઊંડા વિચારમાં પડી ગયા.

પાર્વતીએ જોયું. તેમણે પૂછ્યું :

'કેમ નારદજી ! શું વિચારો છો?'

'કંઈ નહીં, જવા દો. વાતમાં કંઈ માલ નથી. તમને ખોટું લાગશે.' નારદે કહ્યું.

'શી વાત છે? મને શાનું ખોટું લાગે? જે હોય તે જણાવો.' પાર્વતીએ ચિંતાથી કહ્યું.

'વાત જાણે એમ છે કે હું અનસુયાના ઘેર ગયો હતો. તેમના ઘરનો પ્રસાદ મને વધુ મીઠો લાગ્યો. તમારા લાડુ કરતાં એમનો લાડુ શ્રેષ્ઠ છે.'

'એનું કારણ શું?' પાર્વતીએ મોઢું બગાડીને કહ્યું.

'અનસુયા પતિવ્રતા છે.' નારદે ઠાવકું મોં રાખીને કહ્યું.

'પતિવ્રતા તો હું પણ છું.' પાર્વતી બોલ્યાં.

'અનસુયા જેવાં નહીં. અનસુયાની તોલે કોઈ ન આવે.'

'એમ વાત છે?' કહીને પાર્વતી ચાલ્યાં શંકર પાસે.

નારદજી હસી પડ્યા.

'નારાયણ, નારાયણ' બોલતા આગળ ચાલ્યા. આવ્યા વૈકુંઠલોકમાં. વિષ્ણુ ભગવાનના મહેલમાં પેઠા. વિષ્ણુ ઘેર નહોતા. લક્ષ્મીજી મળ્યાં. નારદજીની ઈચ્છા પણ એવી જ હતી.

લક્ષ્મીજીએ આવકાર આપીને પૂછ્યું :

'અહો નારદજી ! આનંદમાં છો ને? હમણાંના કેમ દેખાતા નથી?'

'હું અનસુયાના આશ્રમમાંથી આવ્યો છું. અનસુયાનો આશ્રમ એટલે અનસુયાનો જ. વૈકુંઠ તો એની આગળ પાણી



ભરે. શું આશ્રમ છે! વાહ, વાહ.....'

લક્ષ્મીજી વચ્ચે જ બોલી ઉઠ્યા :

'પણ એ અનસૂયા છે કોણ?'

'એ તો મહાન પતિવ્રતા છે. એની તોલે તમે પણ ના આવો.'

આમ કહીને નારદજીએ ચાલવા માંડ્યું.

આવ્યા બ્રહ્માણી પાસે.

તેમને પણ ભરમાવ્યાં.

ત્રણે દેવીઓને અનસૂયાની ઈર્ષ્યા થઈ.

પાર્વતીજી આવ્યા શંકર પાસે. શંકર સમાધિમાં હતા. પાર્વતીએ તેમની પ્રાર્થના કરી. ભગવાન જાગ્યા.

પાર્વતીએ શંકરને વંદન કર્યાં.

શંકર મૂંઝવણમાં પડ્યા. ઘરનું માણસ કોઈક વખત વધુ પડતી સેવા પૂજા કરે છે. એમ થાય ત્યારે માનવું કે ખાડામાં ઊતરવાની તૈયારી છે. શંકરને પણ ચિંતા થઈ.

તેમણે પૂછ્યું : 'દેવી ! મારૂં શું કામ પડ્યું?'

'પ્રભુ ! મારા નાથ! અનસૂયા મહાન પતિવ્રતા કહેવાય છે, એના વ્રતનો ભંગ કરો.'

શંકર ચમકી ગયા : 'દેવી ! ઘેલછા રહેવા દો. બીજાને

નુકશાન કરવા જતાં આપણને નુકશાન થાય. માટે એ સિવાય બીજી કોઈ વાત કરો.'

પણ પાર્વતીની હઠ આગળ શંકરનું કંઈ ચાલ્યું નહીં.

વિષ્ણુને પણ એમ જ બન્યું.

અને બ્રહ્માએ પણ પત્ની આગળ નમતું જોખ્યું.

ત્રણે દેવો ભેગા મળ્યા.

બધાએ ખાનગી વાત જાહેર કરી. પછી તો સાથે જ જવાનું નક્કી કર્યું.

ત્રણે દેવો અનસૂયાના આશ્રમમાં આવ્યા.

તેમણે અનસૂયા પાસે ભિક્ષા માગી. પણ એક શરત મૂકી. અનસૂયાએ વસ્ત્ર પહેર્યા વિના ભિક્ષા આપવી.

અનસૂયા વિચારમાં પડી ગઈ :

'હવે શું થાય? આંગણે આવેલા મહેમાન પાછા કેમ કઢાય? એમ થાય તો પાપ લાગે. પણ મહેમાનને સાચવવા કપડાં વિના ભિક્ષા આપવી પડે. અને એમ કરવાથી તો મહાપાપ લાગે.'

અનસૂયા રસ્તો વિચારવા લાગી.

છેવટે તેણે વિચાર અમલમાં મૂક્યો. તેણે ધ્યાન ધર્યું, પછી હાથમાં રહેલું પાણી દેવો પર છાંટ્યું. ત્રણે દેવો બાળક બની ગયા. પછી ત્રણે દેવો અનસૂયાના આશ્રમમાં જ રહ્યા.



આમ ને આમ સમય પસાર થવા લાગ્યો.

દેવો બાળક બનીને આશ્રમમાં રહ્યા છે.

તેમની પત્નીઓને ચિંતા થવા માંડી. પાર્વતી, લક્ષ્મી અને બ્રહ્માણી પોતાના પતિને શોધવા નીકળ્યાં.

ત્રણે દેવીઓ અનસૂયા પાસે આવી.

તેમણે અનસૂયાને પૂછ્યું : 'અમારા પતિ વિષે તમે કંઈ જાણો છો?'

આંગણામાં ત્રણ છોકરાં રમતાં હતાં. અનસૂયાએ તેમને બતાવીને કહ્યું :

'આ રહ્યા તમારા પતિ, લઈ જાઓ.'

ત્રણે દેવીઓ સમજી ગઈ.

તેમણે અનસૂયાની માફી માગી.

'હે સતી અનસૂયા! અમારા પતિનો વાંક નથી. અમે જ અભિમાનને લીધે તેમને મોકલ્યા હતા.'

એમ કહીને ત્રણે દેવીઓ અનસૂયાના પગમાં પડી.

તે જ વખતે નારદજી આવી પહોંચ્યા.

અનસૂયાએ દેવોને મૂળ સ્વરૂપમાં લાવી દીધા.

નારદજી ખડખડાટ હસી પડ્યા.

ત્રણે દેવો શરમાઈ ગયા.

# ૧૪. પરીક્ષા

નારદજી એટલે ફરતારામ.

એમનો ધંધો જ ફરવાનો. આકાશ, પાતાળ ને પૃથ્વી ત્રણે લોકમાં જાય.

વીણા વગાડતા જાય.

'નારાયણ, નારાયણ'નો જાપ જપતા જાય.

સ્વર્ગમાંથી પૃથ્વી પર આવે. પૃથ્વી પરથી સ્વર્ગમાં જાય. ત્રણે લોકના સમાચાર એમની પાસેથી મળે. દેવો એમને પૂછે. બધા સમાચાર નારદ પાસે હોય. નારદ એટલે ફરતું છાપું.'

ફરતા ફરતા નારદ વિષ્ણુ પાસે આવ્યા.

વિષ્ણુનું રહેઠાણ સમુદ્ર !



ત્યાં વિષ્ણુ ભગવાન એકલા રહે.

નારદે તેમને સૂચન કર્યું : 'હે પ્રભુ ! આપ એકલા કેમ રહો છો? સાથે થોડા ભક્તો રાખો તો સારું. જીવન એકલવાયું ન લાગે.'

ભગવાન હસી પડ્યા :

'નારદ ! હું ક્યાં ના પાડું છું? હું કોઈને ના નથી પાડતો. જેને આવવું હોય તે આવે. પણ મારી સાથે રહેવા કોઈ તૈયાર નથી.'

'એવું ના હોય. પૃથ્વીલોકમાં બિચારા લોકો તમારી ખૂબ ભક્તિ કરે છે. તમારા જેવા ભગવાન જોડે રહેવાનું મળે તો કોણ ા પાડે!'

નારદજી વિશ્વાસથી બોલતા હતા.

'જુઓ નારદ ! તમે પૃથ્વી પર જાઓ. જેને અહીં આવવું હોય તેને લેતા આવો.'

'હે ભગવાન ! એવા તો એક નહીં પણ એક વીસ લાવું. ચપટી વગાડતમાં આવ્યો સમજો!'

નારદ ઉપડ્યા.

આવ્યા પૃથ્વી પર.

કાશીનગરીમાં આવ્યા. ત્યાં ભક્તોની ભારે ઠઠ જામેલી

હોય. દુરથી એક મંદિર દેખાયું.

'નારાયણ'નો જાપ કરતા એ મંદિર આગળ આવી પહોંચ્યા. થોડો સમય ઉભા રહ્યા.

થોડીવારમાં એક યુવાન દેખાયો. મંદિરમાંથી પાછો ફરતો હતો.

નારદે તેને પૂછ્યું : 'ક્યાં જઈ આવ્યો, ભાઈ?'

યુવાને જવાબ આપ્યો : 'ભગવાનનાં દર્શન કરવા ગયો હતો.'

નારદને આનંદ થયો. તે બોલ્યા :

'હે યુવાન ! હું નારદ છું, વિષ્ણુ ભગવાન સાથે રહેવા આવવું છે?'

યુવાને નિરાશાથી ડોકું ધુણાવ્યું : 'નારદજી ! આજે મારે પરીક્ષા છે. હજુ તો ભણવાનું બાકી છે. બીજા કોઈને લઈ જાઓ.'

યુવાન તો ચાલવા માંડ્યો.

નારદજી નિરાશ થઈ ગયા. તેમણે આજુબાજુ નજર કરી. પગથિયા પર એક ઘરડો ભિખારી બેઠો હતો. નારદે વિચાર કર્યો:

'ઘરડો ભિખારી આવશે. બિચારો ભીખ માગીને ગુજરાન ચલાવે છે. એ ચોક્કસ આવશે.'

નારદે તેને પૂછ્યું :



'ભાઈ! તમારે વિષ્ણુ ભગવાન જોડે આવવું છે? હું નારદ છું. મારી સાથે ચાલો.'

ઘરડા ભિખારીએ પણ ના પાડી.

નારદને વિષ્ણુની વાત સાચી લાગી.

છેલ્લો પ્રયત્ન કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

મંદિરના દરવાજામાં ઉભા રહ્યા. ભક્તોની આવન-જાવન ચાલુ હતી. નારદ બધાના ચહેરા જોતા હતા. હવે તેમને ડર લાગ્યો હતો : કોને કહેવું? દુઃખી માણસને પણ વિષ્ણુ જોડે આવવું નથી.

નારદની નજર એક શેઠિયા પર પડી, શેઠે કપાળ પર તિલક કર્યું હતું. મુખમાંથી 'નારાયણ, નારાયણ' અવાજ નીકળતો હતો.

નારદજીએ હસીને કહ્યું : 'જય શ્રી કૃષ્ણ.'

શેઠે સામો જવાબ આપ્યો : 'જય શ્રીકૃષ્ણ.'

હવે નારદને હિંમત આવી.

તેમણે શેઠને કહ્યું :

'શેઠજી ! તમે વિષ્ણુના પરમ ભક્ત છો. હું નારદ છું. પ્રભુની ઈચ્છા હોય તો ચાલો હું લઈ જાઉં.'

'અરે નારદજી ! ભગવાને મોટી કૃપા કરી, પણ હજુ તો મારો છોકરો નાનો છે. એ ભણીને તૈયાર થાય પછી વાંધો નહીં.

ધંધો સંભાળી લે એટલે નિરાંત.'

નારદજી વીલે મોંઢે વિષ્ણુ પાસે આવ્યા.

'પ્રભો ! આપની વાત સાચી છે. અહીં આવવા કોઈ તૈયાર નથી. ભિખારીને પણ ભીખ માગવામાં સુખ દેખાય છે. છાણનો કીડો છાણમાં મરે. એ કહેવત પ્રમાણે માણસજાતને દુ:ખમાં જ સુખ દેખાવાનું! સુખદુ:ખની સમજ માણસ પાસે છે જ નહીં.'

ભગવાન મરક-મરક હસવા લાગ્યા.



# ૧૫. નસીબ

નારદનું અભિમાન વિષ્ણુ ઉતારે.

અને નારદજી દુનિયાનું અભિમાન ઉતારે.

કૃષ્ણ ભગવાન.

તેમને સોળ હજાર રાણીઓ.

તેમાં આઠ મુખ્ય રાણીઓ.

તેમાંની એક રાણી સત્યભામા.

સત્યભામા અભિમાની. એ રાણીને અભિમાન થયું :

'મારા જેવી કોઈ રાણી નહીં. બધી રાણીઓમાં હું કૃષ્ણની માનીતી રાણી ! સાચી પતિવ્રતા તો હું જ.'

આવા વિચારો ચાલતા હતા, ત્યાં જ અવાજ સંભળાયો -

'નારાયણ, નારાયણ...' આ અવાજ તો નારદનો જ. નારદ આવી પહોંચ્યા. સત્યભામાએ તેમનો સત્કાર કર્યો. બેસવા માટે આસન આપ્યું.

સત્યભામાએ કહ્યું :

'નારદજી ! તમે કૃષ્ણના ભક્ત છો. હું પણ કૃષ્ણને ચાહું છું. મારે તો આવતા જન્મમાં પણ પતિ તરીકે કૃષ્ણ જ જોઈએ. તો એને માટે કોઈ ઉપાય ખરો?'

નારદજીએ ઠાવકાઈથી જવાબ આપ્યો :

'દેવી ! ઉપાય તો છે જ. ધર્મશાસ્ત્રનો એક નિયમ છે. જે વસ્તુ બીજા જન્મમાં મેળવી હોય તે આ જન્મે દાનમાં આપવી. તમારે બીજા જન્મે પણ કૃષ્ણ જ જોઈએ છે ને? તો આ જન્મે કૃષ્ણનું દાન કરો.'

સત્યભામાએ અભિમાનથી કહ્યું :

'એમાં શું? કૃષ્ણને દાનમાં આપું, પણ કોને આપું?'

નારદ કહે : 'દેવી, દાન બ્રાહ્મણોને અપાય! કોઈ બ્રાહ્મણને શોધી લાવો.'

સત્યભામા ચાલ્યાં બ્રાહ્મણોને શોધવા. નારદજી તો મનમાં ને મનમાં હસે. એટલામાં કૃષ્ણ આવ્યા. નારદજીને મૂછમાં હસતા જોયા. તેમને તરત જ શંકા પડી :



'નારદના હાથમાં શિકાર ઝડપાયો લાગે છે. આજે સત્યભામાનું આવી બન્યું. જોઉં તો ખરો, નારદની સલાહ શી છે તે.'

કૃષ્ણએ તરત જ પૂછ્યું :

'કેમ નારદ, કેમ મલક મલક હસો છો? મને હેરાન કરવાની યોજના છે કે શું?'

નારદજી ખડખડાટ હસી પડ્યા :

'પ્રભુ ! તમારી જ જરૂર હતી. તમે ઠીક સમયસર આવી ગયા. સત્યભામાની મઝા કરું છું તે જોજો. તમે કાંઈ બોલશો નહીં. હું કહું તેમ તમારે કરવાનું છે.'

પછી નારદે બધી વાત વિગતે કરી. કૃષ્ણને કેટલીક સલાહ આપી.

થોડીવારમાં સત્યભામા પાછાં આવ્યાં. કૃષ્ણને ત્યાં જોઈને ચમક્યાં. પણ તરત જ કૃષ્ણને પગે લાગ્યાં.

નારદ બોલ્યાં :

'દેવી, બ્રાહ્મણ મળ્યો કે?'

સત્યભામાએ દુઃખી ચહેરે કહ્યું :

'નારદજી, પ્રભુને દાનમાં લેવા કોઈ તૈયાર નથી. સોનું-રૂપું કે ગાય દાનમાં લેવાની હા પાડે છે.'

'તો પછી શું કરીશું?'

'નારદજી, મને એક વાત યાદ આવી. તમે પણ બ્રાહ્મણ છો, તમે પ્રભુને દાનમાં સ્વીકારો.'

નારદજીએ કહ્યું :

'હું તો તૈયાર જ છું. જેને પ્રભુ મળ્યા તેને બધું મળ્યું. ચાલો ત્યારે, હાથમાં પાણી લઈને સંકલ્પ મૂકો.'

સત્યભામાએ હાથમાં પાણી લીધું. નારદજીએ કહ્યું :

'બોલો, કે મારા પતિનું નારદજીને મારી ઈચ્છાથી દાન કરું છું.'

સત્યભામાએ એ પ્રમાણે બોલીને જમીન પર પાણી ઢોળ્યું.

નારદજી ઊભા થયા. વીણા બગલમાં દબાવી અને કૃષ્ણને ઊંચક્યા. કૃષ્ણને ઊંચકીને નારદે તો ચાલવા જ માંડ્યું.

સત્યભામા તો જોઈ જ રહ્યાં. નારદજી આ શું કરતા હશે? નારદજી કૃષ્ણને લઈને થોડે દૂર ગયા ત્યારે તેમને ભાન આવ્યું. તે એકદમ બોલી ઉઠ્યાં :

'અરે, અરે, મારા પતિને ક્યાં લઈ જાઓ છો?'

નારદ ઊભા રહ્યા. મરક મરક હસીને તેમણે કહ્યું :

'દેવી ! કૃષ્ણનું તમે મને દાન કર્યું છે. હવે કૃષ્ણ પર મારો અધિકાર છે. તમે જ તો સંકલ્પ મૂકીને કૃષ્ણ મને આપી દીધા



છે.'

સત્યભામાને પોતાની ભૂલ સમજાઈ. દાન આપી દીધું એટલે પાછું લેવાય નહીં.

આ બધી ગરબડ સાંભળીને બીજી રાણીઓ પણ આવી પહોંચી. નારદજી તો કૃષ્ણને ઉંચકીને લઈ જતા હતા. રાણીઓએ સત્યભામાને પૂછ્યું. સત્યભામાએ સાચી બાબત જણાવી દીધી. રાણીઓ તો સત્યભામા પર ગુસ્સે થઈ ગઈ.

એક રાણીએ કહ્યું :

'તમને શો અધિકાર છે કૃષ્ણને દાનમાં આપવાનો? કૃષ્ણ કંઈ તમારા એકલાના છે? કૃષ્ણ પર તો અમારા બધાનો અધિકાર છે.'

બીજી રાણી મોં મચકોડીને બોલી :

'આવતા જન્મે તો કૃષ્ણ મળતાં મળશે. આ જન્મે મળેલાં છે ને ખોવાનો વારો આવ્યો, આટલી સમજણ પણ ન હતી?'

બીજી રાણીઓએ પણ ઘણું બધું કહી નાખ્યું. સત્યભામા શું બોલે? તે પોતે જ પોતાની જાત પર ગુસ્સે થઈ. હવે શું થાય? એનો કોઈ ઉપાય પણ મળતો ન હતો.

નારદે તો કૃષ્ણને ઉપાડીને ચાલવા જ માંડ્યું. સત્યભામા દોડી. નારદને આંતરીને ઊભી રહી. બે હાથ જોડીને નારદજીને

કરગરવા લાગી.

'નારદજી! કૃષ્ણનું દાન કર્યું એ મારી ભૂલ હતી. કૃષ્ણ પર મારી એકલીનો અધિકાર નથી. તમે ગમે તે માગો, પણ કૃષ્ણને છોડો.'

મીઠું મીઠું હસીને નારદે કહ્યું,

'દેવી ! ભગવાન તો તમે મને દાનમાં આપી દીધા. હવે પાછા મેળવવા હોય તો બદલામાં મને કંઈ આપવું પડે. બોલો, કૃષ્ણના વજન જેટલું સોનું ઝવેરાત આપો છો?'

સત્યભામાએ આનંદથી હા પાડી. તે ખુશ થઈ ગઈ. ઝવેરાત આપતાંય ભગવાન પાછા મળતા હોય તો ઝવેરાતની શી કિંમત? તે તો દોડતાં અંદર ગયાં. થોડી જ વારમાં પોતાનું બધું ઝવેરાત તથા સોનું રૂપું લઈ આવ્યાં. સાથે નોકર હતો. તે એક મોટું ત્રાજવું લઈ આવ્યો હતો.

પછી તો કૃષ્ણને ત્રાજવાના એક પલ્લામાં બેસાડ્યા. બીજા પલ્લામાં બધાં ઘરેણાં મૂક્યાં. પણ કૃષ્ણ બાજુનું પલ્લું નમતું જ રહ્યું.

હવે શું કરવું? સત્યભામાએ તો પોતાનાં બધાં ઘરેણાં લાવી દીધાં હતાં. નારદજીને કૃષ્ણના વજન જેટલાં ઘરેણાં આપવાં પડે. નહીં તો કૃષ્ણ ના મળે.



સત્યભામાએ બીજી રાણીઓને વિનંતી કરી. બધી રાણીઓએ વારાફરતી પોતાનાં ઘરેણાં લાવીને ત્રાજવાના પલ્લામાં મૂક્યાં. પણ પલ્લું તો ત્યાંનું ત્યાં જ . કૃષ્ણનું પલ્લું ઊંચું ન જ આવ્યું.

સત્યભામાને તો ખરેખરી મૂંઝવણ થઈ.

બે-ત્રણ વખત તો ત્રાજવું બરાબર તપાસી જોયું. ભગવાનને પહેલા પલ્લામાંથી બીજામાં બેસાડી જોયા. વળી બીજામાંથી બેસાડી જોયા. વળી બીજામાંથી પહેલામાં લઈ ગયા.

પણ કૃષ્ણનું પલ્લું નીચું જ રહ્યું.

હવે શું કરવું?

કોઈપણ ભોગે કૃષ્ણને તો મેળવવા જ. પણ નારદ તો હઠ પકડીને બેઠા હતા. આજે નારદ અજાણ્યા બની ગયા હતા. બે આંખની શરમ પણ તેમને લાગતી ન હતી.

એકાદ બે વખત તો નારદને કહી પણ જોયું :

'નારદજી ! તમે તો સાધુ મહારાજ. તમારે ઘરેણાંની શી જરૂર? આટલાં ઘરેણાંથી સંતોષ માનો.'

નારદે સામો સણસણતો જવાબ આપ્યો :

'દેવી ! તમારે ભગવાનની શી જરૂર? ભગવાન તો તમે મને દાનમાં આપી દીધાં છે. મારે તો ઘરેણાંની જરૂર છે જ નહીં.

મારે તો ભગવાન જોઈએ.'

એમ કહીને નારદે તો ભગવાનને પલ્લામાંથી ઉપાડ્યા. સત્યભામા ઝાંખી પડી ગઈ. તેણે નારદને આજીજી કરી :

'બ્રહ્માપુત્ર, મને માફ કરો. મહેરબાની કરીને ભગવાનને લઈ જવાની વાત ના કરશો. હું હમણાં જ બીજાં ઘરેણાંની વ્યવસ્થા કરું છું.'

સત્યભામા તો આવ્યાં રૂક્ષ્મણી પાસે. તેમણે બધી વાત કરી. રૂક્ષ્મણી તેમની સાથે આવ્યાં.

ત્રાજવામાં ઘરેણાંનો ઢગલો જોઈને તેમને હસવું આવ્યું. તેમણે નોકરને હુકમ કર્યો :

'આ બધાં ઘરેણાં કાઢી લે. પછી તુલસીનું એક પાંદડું લઈ આવ.'

નોકરે બધાં ઘરેણાં કાઢી લીધાં. પછી તુલસીનું એક પાંદડું લઈ આવ્યો. રૂક્ષ્મણીએ પાંદડું હાથમાં લઈને કહ્યું :

'પ્રભુ ! પૈસામાં તમારી કિંમત આંકી શકાય નહીં. પૈસા આગળ તમે ભારે અને પ્રેમ આગળ હલકા બનો છો. મારી પાસે ફક્ત પ્રેમ છે. તુલસીનું આ પાન હું પ્રેમથી મુકું છું.'

રૂક્ષ્મણીએ તુલસીનું પાન પ્રેમથી બીજા પલ્લામાં મૂક્યું. તરત જ ચમત્કાર થયો. તુલસીના પાનવાળું પલ્લું નીચું ગયું.



બધી રાણીઓ તો જોઈ જ રહી.

સત્યભામાનું અભિમાન ઉતરી ગયું.

પલ્લામાંથી ભગવાન નીચે ઊતર્યા. રૂક્ષ્મણીએ પાંદડું લઈને નારદજીને આપ્યું :

'લો નારદજી, તમારા નસીબમાં પાંદડું.'

# ૧૬. કોની આબરૂ ગઈ?

પૃથ્વીલોકમાં માનવ રહે.

સ્વર્ગલોકમાં દેવ રહે.

આ દેવોમાં ત્રણ મુખ્ય દેવ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - મોટા દેવ. બ્રહ્માનો એક પુત્ર, તેનું નામ નારદ.

બધા લોકો તેમને નારદજીના નામે ઓળખે.

નારદજી એટલે નારદજી. વિષ્ણુ ભગવાનના ભક્ત. રાત દિવસ વીણા વગાડ્યા કરે. ઊંઘમાં પણ 'નારાયણ, નારાયણ'નું રટણ કરે.

નારદજીને બીજી કોઈ માયા નહીં. બૈરાં-છોકરાંની લપ નહીં. સંસારની માયા તેમને ગમે નહીં. એટલે બ્રહ્મચારી રહેલા.



નારદજીને એ વાતનું ભારે અભિમાન. તેઓ માનતા કે મારા જેવો કોઈ બ્રહ્મચારી નહીં.

પણ નારદજી તો સ્તબ્ધ બની ગયા. સ્વર્ગની અપ્સરાએ તડફડ કહી નાખ્યું :

'નારદજી ! તમે સાચા બ્રહ્મચારી નહીં.'

'કેમ?' નારદજીએ તેમને પૂછ્યું.

'તમારા મનમાં થોડી વાસના તો ખરી જ. સાચા બ્રહ્મચારી તો શુકદેવજી કહેવાય.'

નારદજી તો બરાબર ગુસ્સે થયા. આંખો લાલ થઈ ગઈ. ગુસ્સામાં વીણાના એક બે તાર તોડી નાખ્યા. પગ પછાડીને ત્યાંથી ચાલી નીકળ્યા.

આવ્યા વિષ્ણુ ભગવાન પાસે.

ભગવાને દૂરથી જ નારદજીનાં રંગઢંગ જોઈ લીધા. ભગવાન સમજી ગયા. 'નારદજીના મગજની કમાન છટકી છે.'

ભગવાને મીઠું હસતાં આવકાર આપ્યો :

'આવો નારદજી ! કુશળ તો છો ને?'

પણ નારદે ભગવાનને સીધો જ સવાલ કર્યો : 'હું સાચો બ્રહ્મચારી ખરો કે નહીં?'

ભગવાન ખડખડાટ હસી પડ્યા.

'અરે નારદજી ! તમે કેવો સવાલ પૂછો છો? આખું સ્વર્ગ જાણે છે કે તમે કોણ છો! પણ આમ કેમ પૂછવું પડ્યું? વાત શું બની. એ તો કહો.'

નારદે વીણા ખૂણામાં ફેંકી દીધી અને વિષ્ણુ ભગવાનની સામે બેઠા.

'હે પ્રભો ! મારાથી સહન નહીં થાય. હું સહન નહીં કરું. તમે જ કહો. એ સહન શી રીતે થાય? કોણ સહન...'

ભગવાને તેમને વચ્ચે અટકાવ્યા.

'તમે શું બકો છો? કંઈ સમજાય એવું બોલો!'

નારદની બુદ્ધિ ઠેકાણે આવી.

'પ્રભુ, બે બદામની અપ્સરાઓએ મને મહેણું માર્યું. તેઓ કહે છે કે હું સાચો બ્રહ્મચારી નથી. સાચા બ્રહ્મચારી તો શુકદેવજી છે.'

'તે એમાં ખોટું શું કહ્યું? અપ્સરાઓ તમને ઓળખે છે ને?'

'તમે પણ એમ માનો છો?'

'હું તો તમને જાણું છું. પણ તમે આટલા બધા રાતા-પીળા કેમ થઈ ગયા? જરા શાન્તિ રાખો.'

'હમણાં શાન્તિની વાત ના કરશો. મારી અને શુકદેવની



પરીક્ષા લો.'

ભગવાને નારદની વાત ઉડાવી : 'પરીક્ષા લેવાથી શો ફાયદો? તમે બ્રહ્મચારી છો જ.'

નારદજીએ એમની વાત માની નહીં.

'ભગવાન ! અપ્સરાઓ કહે છે કે હું બ્રહ્મચારી તો છું જ, પણ સાચો બ્રહ્મચારી નથી! મારે તો સાચા બ્રહ્મચારી બનવું છે.'

ભગવાને લપ કાઢવા કંટાળીને કહ્યું :

'તમે બ્રહ્મચારી પણ છો. સાચા બ્રહ્મચારી પણ છો. બધા બ્રહ્મચારીઓમાં....'

નારદજી વચ્ચે જ બોલી ઉઠ્યા : 'એમ નહીં, ભગવાન ! સ્વર્ગમાં ઢંઢેરો પિટાવો કે નારદજી સાચા બ્રહ્મચારી છે. શુકદેવજી સાચા બ્રહ્મચારી નથી.'

વિષ્ણુ ભગવાન વિચારમાં પડી ગયા.

'અપ્સરાની વાત તો સાચી જ છે. પણ આ નારદ અભિમાની છે. તે પોતાની જાતને મહાન માને છે. તેને બોધપાઠ ભણાવવો જોઈએ. હું કંઈક કહીશ તો નારદને ખોટું લાગશે. માટે કંઈક બીજો ઉપાય કરું. જેથી લાકડી ભાગે નહીં છતાં સાપ મરે.'

ભગવાને ઉપાય શોધી કાઢ્યો :

'જુઓ નારદજી ! શુકદેવજી વ્યાસના પુત્ર. હું ન્યાય કરું તો એમને ખોટું લાગે. માટે તમે બંને જનક રાજા પાસે જાઓ. તે તમારો ન્યાય કરશે.'

વિષ્ણુની વાત નારદને ગમી નહીં. તેમનો ચહેરો બગડી ગયો. પણ થાય શું?

શુકદેવજીને સાથે લઈને નીકળી પડ્યા! આવ્યા પૃથ્વીલોકમાં. જનકરાજાને મળ્યા. નારદે આવવાનું કારણ જણાવ્યું.

વાત સાંભળી રાજા પણ મુંઝાયા. દેવોનો ન્યાય કેમ કરાય?

જનક રાજાને એક રાણી હતી.

તેનું નામ સુનયના.

રાજાએ સુનયનાને આ કામ સોંપ્યું.

સુનયના એટલે સુનયના. એના જેવી બીજી કોઈ રાણી નહીં. ખૂબ ચાલાક અને હોંશિયાર.

નારદજી અને શુકદેવજીને રાણીવાસમાં બોલાવડાવ્યા. બંને રાણીના મહેલમાં આવ્યા.

રાણીએ તેમને આવકાર આપ્યો, જલપાન કરાવ્યું. હીંચકા પર બેસવાનો આદેશ કર્યો.

બંને દેવો હીંચકા પર બેઠા.



પછી રાણી અંદર ચાલી ગઈ.

શુકદેવજી તો ધ્યાનસ્થ હતા.

પણ નારદજીએ ત્રાંસી આંખ કરીને જોઈ લીધું.

થોડી થોડી વારે નારદજીની આંખ ફરે. ફરતી ફરતી બારણા તરફ જાય.

એટલામાં રાણી આવ્યાં.

કેવાં રાણી?

સોળ શણગાર સજેલા, આખા શરીરમાંથી અત્તરની સુવાસ આવે અને રૂપ તો સ્વર્ગની અપ્સરાથી પણ ચઢિયાતું.

નારદની આંખ ફાટી ગઈ.

સુનયના તેમની નજીક આવી. બંનેની વચ્ચે હીંચકા પર બેસી ગઈ.

નારદ એકદમ દૂર ખસ્યા.

શુકદેવજી એમ જ બેસી રહ્યા.

બંનેની કસોટી થઈ ગઈ. રાણીએ ન્યાય આપી દીધો : 'શુકદેવજી સાચા બ્રહ્મચારી.'

નારદે કારણ પૂછ્યું. એટલે સુનયનાએ કહ્યું :

'મારા હીંચકા પર બેસવાથી નારદને સંકોચ થયો. જ્યારે શુકદેવજીને સંકોચ ના થયો. વાસનાવાળી વ્યક્તિને સ્ત્રી પુરુષના

ભેદ હોય છે. નારદમાં વાસના છે.'

નારદ પણ સમજી ગયા.

વાત પણ સાચી હતી. પણ થાય શું? જનક રાજાના દરબારમાં આબરૂ ગઈ.

નારદને વિચાર આવ્યો :

'ભગવાન તો આ જાણતાં જ હશે. છતાં જાણીને મને અહીં મોકલ્યો. હે વિષ્ણુ ! તમે પણ આડે લાકડે આડો વ્હેર જેવું કરો છો.'

'નારાયણ, નારાયણ!'

બોલતા નારદ સ્વર્ગમાં પાછા ફર્યા.



# ૧૭. દાસીપુત્ર

નારદજી.

સ્વર્ગના દેવ.

બ્રહ્માના પુત્ર.

આકાશ, પાતાળ અને પૃથ્વીમાં ફરનારા. 'નારાયણ' બોલતા જાય અને વીણા વગાડતા જાય.

દેવ, દાનવ અને માનવ - ત્રણે લોકમાં માનીતા.

એમનો પૂર્વ જન્મ કેવો હતો?

તે એક દાસીના પુત્ર હતા.

સાત-આઠ વર્ષની ઉંમરે પિતા મૃત્યુ પામેલા. માતા દાસી તરીકે કામ કરતી હતી.

એક વખતે તેમના ગામમાં સાધુઓ આવ્યા. ગામના લોકોએ તેમને વિનંતી કરી :

'હે મહારાજ! ચાર મહિના અમારા ગામમાં ગાળો.'

સાધુઓ ગામમાં રહ્યા. દાસીપુત્ર સાધુઓની સેવા બધી રીતે કરે.

સાધુએ તેનું નામ હરિદાસ પાડ્યું.

હરિદાસ કોની સાથે રમતા ? તે ભીલ અને કોળી બાળકો સાથે રમતા. પણ પછી સાધુના સંગથી તેમની રમત બંધ થઈ. લગભગ બધો સમય સાધુની સેવા કરવામાં જતો.

હરિદાસમાં એક ગુણ. મૌન રાખીને સાધુની સેવા કરે. બહુ બોલવાની ટેવ નહીં.

એક દિવસની વાત છે.

બધા સાધુઓ જમવા બેઠા.

ત્યારબાદ શિષ્યો જમવા બેઠા. આશ્રમમાં બધા જમી રહ્યા.

હરિદાસ એકલો બાકી રહ્યો. એને જમવા કોણ બોલાવે? એ તો દાસીપુત્ર હતો.

ભોજન પુરું થયું. હરિદાસ બાકી રહ્યો પણ હરિદાસ બોલ્યો નહીં. તેણે સાધુનું એંઠું ભોજન વીણવા માંડ્યું.



ગુરુએ આ જોયું.

તેમણે હરિદાસને પૂછ્યું :

'બેટા ! તેં ભોજન કર્યું?'

હરિદાસે ના પાડી.

ગુરુને દયા આવી. તેમણે કહ્યું :

'હરિદાસ, મેં તારા માટે એંઠુ રાખ્યું છે એ પ્રસાદ તું ખાજે.'

હરિદાસે એ પ્રમાણે કર્યું. હરિદાસનાં પાપ નાશ પામ્યાં. ગુરુની કૃપાએ ભગવાનનાં દર્શન થયાં. પછી તો હરિદાસને લગની લાગી. રાત દિવસ ભગવાનનું નામ લે.

એમ કરતાં ચાર માસ પૂરા થયા. સાધુઓ બીજે ગામ જવા તૈયાર થયા.

હરિદાસે હઠ પકડી : 'મને તમારી સાથે લઈ જાઓ.'

સાધુઓએ તેને સમજાવ્યો : 'બેટા ! તારે મા છે. તેને છોડી દેવાથી નિસાસો લાગે. માટે માની સેવા કર. સાથ સાથે ભગવાનના નામનો જપ કરજે!'

હરિદાસ માતા પાસે રહ્યા.

માતાની સેવાચાકરી કરે અને પ્રભુનું નામ લે.

એક દિવસ માતા ગૌશાળામાં ગઈ. ત્યાં તેને સાપ કરડ્યો. માતા મૃત્યુ પામી. ઘરની બધી મિલકત હરિદાસે મા પાછળ

વાપરી નાખી.

પછી જાત્રાએ નીકળી પડ્યો. બાર વર્ષ સુધી જુદાં જુદાં તીર્થમાં ફર્યો. પછી ગંગા નદીમાં સ્નાન કર્યું. પીપળાના એક ઝાડ નીચે બેઠો. જપ કરવા માંડ્યો.

પ્રભુએ દર્શન ના આપ્યા, પણ આકાશવાણી થઈ. તારાં પાપ હજુ બાકી છે. વધુ તપ કર, આવતા જન્મે દર્શન આપીશ.

પછી ખૂબ તપ કર્યું. છેવટે તે મૃત્યુ પામ્યો. ત્યાર બાદ તે બ્રહ્માના પુત્ર તરીકે જન્મ્યો.

નારદજી તે જ આ હરિદાસ.

આમ નારદ દાસીપુત્રમાંથી દેવપુત્ર બન્યા.



# ૧૮. સૌથી મોટા

ફરતા રમતા રામ નારદજી.

આકાશ, પાતાળ પૃથ્વી બધે ફરે. બધે બધા જ ઓળખે. નાનું બાળક પણ તેમને ઓળખે.

એક દિવસની વાત છે.

આવ્યા ફરતા-ફરતા વૈકુંઠ લોકમાં ! વૈકુંઠ લોકમાં લક્ષ્મી અને વિષ્ણુ રહે. ત્યાં નારદજી આવી પહોંચ્યા.

પણ આ શું? નારદજીને તો નવાઈ લાગી. વિષ્ણુ ભગવાન ધ્યાન ધરે છે! થોડી વાર પછી વિષ્ણુ જાગૃત થયા. નારદે ઝટ પૂછી નાખ્યું :

'પ્રભુ, આપ કોનું ધ્યાન ધરતા હતા?'

'મારા ભક્તોનું, કેમ?'

'અરે… પણ, ભક્તો તો તમારું ધ્યાન ધરે. તમારે એમનું ધ્યાન ધરવાની શી જરૂર? તમે તો ભગવાન છો!'

'નારદજી, મોરને કારણે પીંછાં શોભે છે, ને પીંછાને કારણે મોર શોભે છે! અમારું પણ એવું છે. ભક્તો મારી ભક્તિ કરે છે, તેથી હું ભગવાન! મને ભગવાન બનાવનાર જ ભક્તો છે. એટલે હું સૌનો ભગવાન, પણ સાથે સાથે સૌ ભક્તો મારા ભગવાન.'

નારદજી તોમૂંઝવણમાં પડી ગયા. તેમના કપાળ પર કરચલીઓ પડી. તેમણે નમ્રતાથી કહ્યું :

'પ્રભુ ! કંઈ સમજાયું નહીં. તમે ભક્તોના ભગવાન, પણ ભક્તો વળી પાછા તમારા ભગવાન? એવું તે કંઈ હોતું હશે?'

વિષ્ણુ ભગવાન શાંતિથી જવાબ આપે છે :

'નારદજી ! હમણાં તમે મને ભૂલી જાઓ. મને એક જવાબ આપો. જગતમાં મોટું કોણ?'

નારદ કહે : 'પૃથ્વી.'

વિષ્ણુ : 'પૃથ્વી શાની મોટી? તેના કરતાં શેષનાગ વધુ તાકાતવાળો ના ગણાય? પૃથ્વી તો શેષનાગની ફેણ ઉપર ટકી રહી છે.'

નારદ : 'તો શેષનાગ મોટા.'



વિષ્ણુ : 'શેષનાગ શી રીતે મોટો? તેને તો શિવજી હાથનું કડું કરીને રાખે છે.'

નારદ : 'તો શિવજી મોટા.'

વિષ્ણુ : શિવજી મોટા નથી. રાવણની હિંમત તો જાણો છો ને? તેણે શિવજી સાથે કૈલાસને ઉઠાવ્યો હતો.

નારદ : 'તો પછી રાવણ જ મોટો.'

વિષ્ણુ : 'પણ એ રાવણ. વાલી આગળ બકરી. વાલી એને બગલમાં દબાવીને રાખીને સંધ્યાપૂજા કરતો હતો.'

નારદ : 'તો વાલીને મોટો કહેવો પડે.'

વિષ્ણુ : 'એવા શક્તિશાળી વાલીને રામે મારી નાખ્યો હતો.'

નારદ : 'હે પ્રભુ ! ત્યારે તો તમે જ મોટા.'

વિષ્ણુ : 'નારદજી ! હું મોટો ખરો, પણ ભક્તોને કારણે. મને મોટો બનાવનાર ભક્તો. એટલે હું મારા ભક્તોને મારાથી મોટા ગણું છું. નાનામાં નાનો માણસ પણ મારી ભક્તિ કરીને મારાથી મોટો થાય.'

નારદ : 'વાહ, વાહ !'

વિષ્ણુ : 'તો નારદજી, જગતમાં સૌથી મોટો કોણ?'

નારદ : 'ભક્ત,'

# ૧૯. શાપ

વિશ્વમાં ત્રણ લોક.

પાતાળલોક.

પૃથ્વી લોક.

અને ત્રીજું સ્વર્ગલોક.

આ સ્વર્ગમાં બ્રહ્માજી રહે.

સૃષ્ટિનું બધું કામ ત્રણ દેવોએ વહેંચી લીધેલું. બ્રહ્માજી પ્રજાનું સર્જન કરે. વિષ્ણુ પ્રજાનું પાલન કરે. શંકર પ્રજાનો સંહાર કરે.

એટલે પાયાનું કામ બ્રહ્માજીને કરવાનું.

શરૂઆતમાં પૃથ્વી પર પ્રજા થોડી હતી. બ્રહ્માજીને મોટી



ચિંતા. પ્રજા થોડી હોય એ કેમ ચાલે? તો તો બ્રહ્માજીના કામમાં ખામી કહેવાય.

બિચારા બ્રહ્માજી !

એ પણ શું કરે?

થઈ પણ શું શકે?

આખો દિવસ કામ કરે.

રાતે પણ કામ કરે.

એમની નજીકમાં જ ઢગલો હોય. જાણો છો શાનો ઢગલો? માટીનો.

એમાંથી એક લોચો ઉપાડે. એ માટીના લોચામાંથી હાથ બનાવે અને પગ પણ એમાંથી જ. આખું શરીર માટીનું. લાકડા જેવું કઠણ માથું પણ માટીમાંથી બનાવે.

આખો દિવસ તેમને આ જ ધંધો. માથું ઊંચું કરવાની જ ફુરસદ નહીં. કામ, કામ ને કામ. એ સિવાય કોઈ વાત નહીં. કામ વિના એમને ચેન ના પડે.

બ્રહ્માજીને આટલું બધું કામ. પછી ઉતાવળ તો હોય જ ને? ઉતાવળમાં તો ભુલ પણ થઈ જાય. કોઈને આંખ મૂકવાની રહી જાય. તો કોઈને નાક રહી જાય. કેટલાકમાં તો મગજ મુકવાનું જ ભૂલી જાય.

બ્રહ્માજીને પાછળથી ભુલની ખબર પડે. એમને પસ્તાવો થાય. પણ પછી શું થાય? ભુલ થઈ તે થઈ, પછીથી તે ના સુધરે.

બ્રહ્માજી ઘણી કાળજી રાખે. પણ ભુલ તો થઈ જ જાય. હવે તો તેમને થાક પણ લાગવા માંડ્યો. કંટાળો પણ આવવા લાગ્યો. પઈની કમાણી નહીં ને ઘડીની નવરાશ નહીં. એવી વાત હતી એમને માટે.

હવે કામની ઝડપ ઓછી થઈ, થાક વરતાવા લાગ્યો. એમ કરતાં કરતાં વિચારે ચડ્યા :

'રાત-દિવસ મારે જ કામ કરવું પડે છે. મારે એક પુત્ર હોત તો? પુત્ર મારા કામમાં મદદ કરે. મારું કામ પણ ઘટી જાય. એક પુત્ર તો જોઈએ જ.'

બ્રહ્માજી માટીનાં પુતળાં તો ઘણાં ઘડતા હતા, હવે પોતાના પુત્રને જ ઘડવાનો હતો. એને પણ માટીમાંથી જ ઘડવો? તો તો પછી માનવ અને દેવ પુત્ર વચ્ચે ભેદ શો?

એટલે બ્રહ્માએ મન દ્વારા પુત્ર ઘડ્યો. બ્રહ્માના મનમાંથી તે પેદા થયો. તેથી તે માનસપુત્ર. પછીથી તે નારદ કહેવાયો. એટલે નારદજી બ્રહ્માના માનસ પુત્ર કહેવાય છે.

નારદ એટલે નારદ, તેમની વાત જ જુદી.

બ્રહ્માજીને કામ ઘણાં, પણ નારદજીને તો એક જ કામ.



વહાલું ભગવાનનું નામ! રાત્રે પણ ભગવાનનું નામ, એમની જીભ રટણ કર્યા કરે : 'નારાયણ, નારાયણ.'

એમને બીજી કોઈ વાતમાં રસ પણ નહીં. કોઈ લપ્પન છપ્પન નહીં. મનમાં એક જ ગીત ગાવું : 'મને વહાલું પ્રભુજીનું નામ છે રે!'

આવા નારદજી!

બ્રહ્માજીએ એમને બોલાવ્યા. નારદજી તો આવ્યા. મુખમાં 'નારાયણ'નું નામ છે. હાથમાં તંબુરો છે. મસ્તીથી ડોલતા ડોલતા આવ્યા. પિતાને પ્રણામ કરીને એક બાજુ ઊભા રહ્યા.

બ્રહ્માજીએ કહ્યું : 'નારદ!'

નારદે નમ્રતાથી માથું નમાવીને કહ્યું : 'આજ્ઞા આપો, પિતાજી!'

'નારદ, મેં તને એક ખાસ કામ માટે બોલાવ્યો છે. હું હવે થાકી ગયો છું. મારું થોડું કામ તું ઉપાડી લે, એવી મારી ઈચ્છા છે.'

'બોલો પિતાજી ! હું તૈયાર છું.'

'નારદ, તારે સૃષ્ટિ રચવાની છે.'

નારદ પર જાણે વીજળી પડી, સૃષ્ટિ રચવાનું કામ? અને તે નારદને? બ્રહ્માજી પણ ખરા છે. નારદ તો બ્રહ્મચારી છે.

સૃષ્ટિ રચવા માટે સંસારમાં પડવું પડે. એમ કરતાં બ્રહ્મચર્ય તૂટી જાય. અને તે તો કોઈ કાળે ન બને. બ્રહ્મચર્ય તો નારદને શ્વાસ ને પ્રાણ હતું. એટલે સૃષ્ટિ રચવાનું કામ નારદથી શી રીતે બને? નારદ શો જવાબ આપે? તે દુઃખથી ફક્ત આટલું જ બોલી શક્યા : 'પિતાજી....'

બ્રહ્માએ નારદની દશા જોઈએ. તેમને સમજાયું નહીં કે નારદનું શું થયું? તેમણે પ્રેમથી કહ્યું :

'નારદ, મારા કામમાં મદદ કરીશ ને ભાઈ?'

પિતાજી મદદ તો કરું પણ... આટલું બોલીને તે પાછા અટકી ગયા.

'તને કાંઈ વાંધો છે? કાંઈ મુશ્કેલી હોય તો મને કહે.' બ્રહ્માએ શાંતિથી કહ્યું :

નારદે અચકાતાં અચકાતાં કહ્યું :

'વાંધો તો કાંઈ નથી.'

હવે બ્રહ્માજી જરા કડક થયા. તેમણે અવાજ કડક કરીને કહ્યું :

'વાંધો નથી, તો છે શું? કંઈ સ્પષ્ટ વાત કરે તો સમજાય ને?'

નારદજીએ નજર નીચે કરીને કહ્યું :



'વાત એવી છે ને... વાત એવી..'

બ્રહ્માજી એમ સમજ્યા કે પુત્ર શરમાય છે. તેથી તેમણે ઉતાવળે પૂછી નાખ્યું :

'કોઈ અપ્સરાની વાત છે?'

'ના, ના. અપ્સરાની વાત તો છે જ નહીં.' નારદે એકદમ ચમકીને જવાબ આપ્યો.

હવે બ્રહ્માજી ચીડાયા. તેમણે ચીડથી કહ્યું :

'અરે મૂર્ખ ! મારો સમય બગડે છે. તું સીધી વાત કર. મારી પાસે સમય ઓછો છે. કામ ઘણું છે. જલદી બોલ.'

નારદજીએ હિંમત ભેગી કરીને કહ્યું :

'પિતાજી, મને એ કામ ન સોંપો.'

બ્રહ્માજી ગુસ્સે થઈ ગયા. તેમણે અવાજ મોટો કર્યો :

'કેમ? કેમ ના સોંપું? શું તું મારો પુત્ર નથી? શું તારી ફરજ નથી? મારી આજ્ઞાનું પાલન તારે કરવું જોઈએ! પિતાનું કામ? પુત્ર નહીં કરે તો કરશે કોણ? એક તો કામ કરવું નથી અને ઉપરથી સલાહ આપે છે?'

નારદે જાણ્યું કે પિતાજી ખોટું સમજ્યા છે. તેથી તેમણે હિંમતથી પોતાની વાત સ્પષ્ટ કરી :

'પિતાજી ! તમારી આજ્ઞા મારે પાળવી જોઈએ. પુત્ર તરીકે

મારો એ ધર્મ છે. એ મારી ફરજ છે, પણ...'

'તારું 'પણ' હજુ પૂરું થતું નથી?'

'પિતાજી! સૃષ્ટિ રચવાનું કાર્ય હું નહીં કરી શકું, તેને માટે મારે સંસાર ભોગવવો પડે. તેમ કરવા જતાં હું કામદેવનો ગુલામ બની જાઉં. કામદેવનો ગુલામ બને તે પ્રભુને ભૂલી જાય છે. મારે પ્રભુને ભૂલવા નથી. મને નારાયણનું નામ વહાલું છે.'

'તું કહેવા શું માગે છે?' બ્રહ્માજીની આંખ લાલ થવા માંડી.

નારદમાં હવે હિંમત આવી ગઈ હતી. તેમણે શાંતિથી કહ્યું :

'પિતાજી, કહેવાનું આટલું જ છે. મારાથી સૃષ્ટિ રચવાનું કામ નહીં થઈ શકે.'

'શું કહ્યું તેં!' બ્રહ્માજીનાં નાક ફુલી ગયાં.

'તમારી આજ્ઞાનું પાલન મારાથી નહીં થાય.' નારદે અડગતાથી જવાબ આપ્યો.

'નહીં થાય?' નારદ, તું શંકર પાસે ગયો હતો?

'ના, કેમ?'

'તો પછી તેં ભાંગ ક્યાંથી પીધી? કોણે તને આ ભાંગ પીવડાવી?'

'પિતાજી, મેં ભાંગ પીધી નથી. હું સાચું કહું છું. મને



ભગવાન સિવાય કોઈ વાતમાં રસ નથી. હું લાચાર છું.'

'આ જ તારો જવાબ છે?'

'હા.'

'આ છેલ્લો જવાબ છે?'

'આ પહેલો કે છેલ્લો જવાબ છે. બીજું ગમે તે કામ કરીશ. પણ એ તો નહીં જ.'

'નારદ, કાન ખોલીને સાંભળી લે. આ કોઈ સામાન્ય પિતા બોલતો નથી. આ બ્રહ્માના શબ્દો છે. એની અવગણના કોઈ દેવ પણ કરતા નથી. તેં મારી આજ્ઞા નહીં માનીને મારું અપમાન કર્યું છે. તેથી હું તને શાપ આપું.'

'શાપ...!' નારદથી ચીસ પડાઈ ગઈ. 'પિતાજી, કૃપા કરો. ગુલાબની પાંખડીઓ પર સળગતો અંગારો નાખીએ તો શું થાય? હજુ તો હું બાળક છું.'

'નારદ, હજુ સમય છે. પસંદ કર. મારી આજ્ઞાનું પાલન કર, નહીં તો શાપ માટે તૈયાર રહે.'

'પિતાજી, બીજી કોઈ આજ્ઞા કરો. મારો નિશ્ચય છે. હું આખું જીવન બ્રહ્મચારી રહેવા માગું છું. મરી જઈશ, પણ સંસાર તો નહીં જ ભોગવું.'

બ્રહ્માજીની આંખો લાલચોળ થઈ ગયેલી. ગુસ્સાથી શરીર

ધ્રુજે. તેમણે ગંભીર અવાજે કહ્યું :

‘ઠીક છે, સાંભળી લે. એક બે પળમાં તારું મોત થશે. નવો જન્મ ગાંધર્વલોકમાં થશે. તારે કામદેવના ગુલામ નથી બનવું ને? ગાંધર્વ અવતારમાં તું કામદેવનો ગુલામ બનીશ. મારી આજ્ઞા કરતાં ‘નારાયણ’નું નામ તને વહાલું લાગે છે. જા, તું નારાયણનું નામ પણ ભૂલી જઈશ.’

નારદ બ્રહ્માજીના પગમાં પડ્યા. તેમણે નમ્રતાથી કહ્યું : ‘પિતાજી, જેવી આજ્ઞા.’

આટલું બોલતામાં તો તેમનો પ્રાણ નીકળી ગયો. નારદજી મૃત્યુ પામ્યા.



# ૨૦. સત્યભામા

શ્રીકૃષ્ણ દરબાર ભરીને બેઠા છે.

મીઠી ગપસપ ચાલે છે.

એટલામાં ‘નારાયણ, નારાયણ’ અવાજ સંભળાયો. વીણાના મધુર સ્વર સંભળાયા. બધા સમજી ગયા કે નારદજીની સવારી આવે છે.

પણ આ શું? ક્યાંકથી સુગંધ આવતી હતી.

દરબારીઓ એક સાથે બોલી ઊઠ્યા :

‘આહ! શી સુગંધ છે! આખી દુનિયાનું અત્તર ભેગું કરીએ તોય આવી સુગંધ ના આવે.’

નારદજી દરબારમાં આવી ગયા. દરબારીઓને લાગ્યું કે

જાણે સુગંધ આવી. આખો દરબાર સુગંધથી ભરાઈ ગયો.

નારદના હાથમાં એક ફૂલ હતું. એ ફૂલમાંથી આ સુગંધ આવતી હતી. લોકો તો આંખ ફાડીને જોઈ જ રહ્યા.

દરબારીઓ બોલી ઊઠ્યા :

'ધન્ય નારદજી.'

નારદજીએ ફૂલ કૃષ્ણને આપ્યું.

નારદજીને દરબારીઓએ પૂછ્યું :

'આ કયું ફૂલ છે? તમે ક્યાંથી લાવ્યા?'

'આ પારિજાતનું ફુલ છે. આ છોડ બીજે ક્યાંય નથી. તે ઈન્દ્રલોકમાં જ મળે. હું ત્યાંથી લાવ્યો.'

થોડી આડીઅવળી વાતો થઈ. ધીમે ધીમે દરબારીઓ ચાલ્યા ગયા. કૃષ્ણ પણ ઊઠ્યા. સાથે લીધા નારદને. બંને આવ્યા રૂક્ષ્મણીના મહેલે.

ભગવાનને રૂક્ષ્મણી પર વધુ પ્રેમ. પારિજાતકનું ફૂલ તેમણે રૂક્ષ્મણીને આપ્યું. આ જોઈને નારદને એક વિચાર આવ્યો. એટલે તે તો થોડી વાતો કરીને ઉઠ્યા.

સત્યભામાનો મહેલ જોડે જ હતો. ચાલ્યા એ મહેલમાં. સત્યભામાએ નારદનો સત્કાર કર્યો. નારદ બેઠા.

થોડીવારમાં જ સત્યભામાએ પૂછ્યું :



'નારદજી ! પારિજાતકનું ફૂલ તમે લાવ્યા? મને તો દરબારીઓએ કહ્યું.'

નારદે કહ્યું :

'લાવ્યો તો હતો, અત્યારે નથી.'

સત્યભામા બોલ્યાં :

'વાહ નારદજી ! તમે પણ ખરા છો. સ્વાર્થ હોય ત્યારે જ સત્યભામા. તે સિવાય મને યાદ પણ શું કામ કરો?'

નારદે ગંભીરતાથી કહ્યું :

'સત્યભામા ! મારી વાત સાંભળો. પારિજાતકનું ફૂલ હું આપું તે કરતાં કૃષ્ણ આપે તો વધુ સારું. એટલે દરબારમાં મેં તેમને આપ્યું. મેં એવું ધારેલું કે કૃષ્ણને સૌથી વહાલી રાણી સત્યભામા. એટલે આવી નવાઈની ચીજ તો તે તમને જ આપશે! પણ... પણ... મારી ધારણા ખોટી પડી.'

સત્યભામા ઉતાવળે બોલી ઉઠ્યાં :

'કેમ, શું થયું? ક્યાં ગયું એ ફૂલ?'

નારદજી જાણે દુઃખી થયા હોય તેમ બોલ્યા :

'ઓહ, કૃષ્ણએ ફૂલ રૂક્ષ્મણીને આપી દીધું. હમણાં જ આપી દીધું. મને શી ખબર કે કૃષ્ણની સૌથી વધુ માનીતી રાણી હવે સત્યભામા નથી. બોલો, કોનો દોષ કાઢવો?'

પારિજાતકનું ફૂલ તો એક બાજુ રહ્યું. નારદે તો બીજો ઝઘડો ઊભો કર્યો : 'કૃષ્ણની માનીતી રાણી કોણ?'

નારદનું કામ પૂરું થયું. કૃષ્ણના ઘરમાં આગ ચાંપી દીધી. ઊઠતાં ઊઠતાં કહ્યું પણ ખરું :

'ચાલો ત્યારે હું જઉં. મારું નામ ના દેતાં!'

નારદજી ચાલવા માંડ્યા.

સત્યભામા ગુસ્સાથી લાલચોળ થઈ ગયાં.

રૂક્ષ્મણીને ત્યાંથી કૃષ્ણ સત્યભામાને મળવા આવ્યા. પણ સત્યભામા બોલે શાનાં? સત્યભામાએ કૃષ્ણ સાથે રૂસણુ લીધું હતું.

કૃષ્ણએ ખૂબ સમજાવટ કરી. છેવટે સત્યભામાએ કારણ કહ્યું. કૃષ્ણએ સત્યભામાને મનાવવા વચન આપ્યું :

'દેવી, રૂક્ષ્મણીને તો મેં પારિજાતક ફૂલ આપ્યું! તમને તો પારિજાતકનું વૃક્ષ લાવી આપીશ. એનાથી તમને જોઈએ તેટલાં ફૂલ મળશે.'

હવે સત્યભામા હસ્યાં.

તેમને કૃષ્ણના પ્રેમની ખાતરી થઈ. કૃષ્ણએ તેમનું વચન પાળ્યું પણ ખરું. તે જ્યારે ઈન્દ્રલોકમાં ગયા, ત્યારે આખું વૃક્ષ લઈ આવ્યા.



એ વૃક્ષ સત્યભામાના આંગણામાં રોપી દીધું.

સત્યભામા તો ફૂલી ફૂલી ફરે. જ્યાં ત્યાં કહ્યા કરે 'જોયું ને? રૂક્ષ્મણીને તો પ્રભુએ એક ફૂલ આપ્યું. મને તો આખું વૃક્ષ આપ્યું. મારો પ્રેમ સાચો.'

રૂક્ષ્મણી તો સરળ હૃદયના.

તેમને કશું અભિમાન નહીં. તે તો પ્રભુને ખરા દિલથી ચાહે! પ્રભુ પાસે કોઈ આશા ના રાખે. તેમને પ્રભુ પર વિશ્વાસ.

સત્યભામા ગમે તે બોલે! રૂક્ષ્મણી પર તેની કોઈ અસર ના થાય.

વળી પાછા નારદજી ચમક્યા.

આવી પહોંચ્યા દ્વારિકા નગરીમાં 'નારાયણ'નો જાપ જપતા આવ્યા મહેલમાં.

આંગણામાં પારિજાતકનું વૃક્ષ જોયું. પહેલાંનો પ્રસંગ યાદ આવ્યો. મનમાં બબડ્યા પણ ખરા :

'ઠીક, સત્યભામાને મનાવવા માટે આ વૃક્ષ પ્રભુએ લાવી આપ્યું લાગે છે. તો તો મારું નિશાન નિષ્ફળ ગયું લાગે છે.'

મહેલમાં દાખલ થતાં તેમણે નિશ્ચય કર્યો :

'સત્યભામાને કૃષ્ણ સાથે લડાવું તો જ ખરો.'

સત્યભામાએ નારદને જોયા.

તેમણે હસતાં હસતાં નારદને આવકાર આપ્યો.

નારદ બેઠા. આડાં-અવળાં ગપ્પાં ચાલવા લાગ્યાં. પણ સત્યભામાને તેમાં રસ ના પડે. તેના મનમાં ચટપટી હતી. તેમને પોતાની બડાઈની વાતો કરવી હતી.

છેવટે તે બોલ્યાં :

'નારદજી ! જોયું ને?'

નારદે નવાઈનો ચાળો કરીને કહ્યું : 'શું!'

સત્યભામાએ કહ્યું :

'તમે જોયું નહીં! મારા આંગણામાં પારિજાતનું વૃક્ષ ના જોયું?'

નારદે ઠંડે પેટે કહ્યું :

'હા, એ તો જોયું, કૃષ્ણ લાવ્યા કે?'

'અરે, ભગવાને રૂક્ષ્મણીને તો ફૂલ આપ્યું. હું કેવી જબરી કે આખું વૃક્ષ લીધું? તમે કેમ કંઈ બોલતા નથી?'

નારદે યુક્તિ વાપરી :

'સત્યભામા, હું શું બોલું? તમે પ્રભુ પાસેથી આખું વૃક્ષ મેળવ્યું એ તો જોયું. પણ કૃષ્ણ તમને છેતરી ગયા છે.'

સત્યભામાનાં ભવાં ચડી ગયાં :

'હેં...એં... પ્રભુએ મને છેતરી? શી રીતે?'



નારદે ગંભીર બનીને કહ્યું :

'જુઓ, વૃક્ષ તમારા આંગણામાં વાવ્યું. એટલે એની સેવા તમારે કરવાની. એ વૃક્ષનાં ફૂલ કોના આંગણામાં પડે છે? એની સુગંધ કોના આંગણામાં ફેલાય છે? તમે તો ભોળાં છો. કૃષ્ણના કપટને તમે જાણતાં નથી. ફુલ અને તેની સુવાસ તો માનીતી રાણીને જ મળે.'

સત્યભામા ખરેખર જ ભોળાં હતાં.

તે નારદના ચક્કરમાં આવી ગયાં. તેમને નારદની વાત સાચી લાગી. નારદે તણખો મૂકી દીધો. હવે ભડકો થાય એટલી વાર.

નારદ ઊઠ્યા.

'નારાયણ, નારાયણ' બોલતા ચાલ્યા બહાર. કૃષ્ણ અને સત્યભામાની લડાઈ જોવાનું નક્કી કર્યું. રૂક્ષ્મણી જોડે જ રહેતાં હતાં. નારદ આવ્યા ત્યાં.

રૂક્ષ્મણીએ સત્કાર કર્યો.

નારદ સમય પસાર કરવા જ ત્યાં બેઠા. તેમનું ધ્યાન તો સત્યભામાના મહેલ તરફ જ હતું.

થોડી વારમાં કૃષ્ણ સત્યભામાના મહેલમાં ગયા. હવે નારદ સચેત બની ગયા. તે પણ ઊઠીને આવ્યા સત્યભામાના મહેલમાં.

આંગણામાં સંતાઈને ઊભા રહ્યા.

સત્યભામા ગુસ્સે થઈને બોલતાં હતાં :

'પ્રભુ ! મારે તમારું વૃક્ષ ના જોઈએ. પારિજાતકનાં ફૂલ બીજાને કામ લાગે. તેની સુગંધ બીજા લે. તમારે જેને આપવું હોય તેને આપો. મારે ધરમ ખાતે ય ના જોઈએ.'

કૃષ્ણએ ખૂબ સમજાવ્યાં.

પણ સત્યભામા તો સ્વભાવનાં કડક. તૂટી જાય પણ વળે નહીં !

કોઈ રીતે સત્યભામા સમજ્યાં નહીં. હવે કૃષ્ણને શંકા પડી. તેમણે તરત પૂછ્યું :

'નારદ આજે આવ્યા હતા?'

'હા, આવ્યા હતા.' સત્યભામાએ ગુસ્સામાં કહ્યું :

કૃષ્ણ હસી પડ્યા. તેમણે હસતાં હસતાં જ કહ્યું :

'તો તો એમનું જ કામ! હું એમને અહીં પકડી લાવું!'

એમ કહીને કૃષ્ણ બહાર નીકળતા હતા પણ તે પહેલાં જ નારદ અંદર પ્રવેશ્યા.

નારદ હસ્યા. ખડખડાટ હસ્યા.

હવે તો સત્યભામા પણ સમજી ગયાં. એટલે તે પણ હસ્યાં. કૃષ્ણ પણ હસવામાં જોડાયા.

આખો ઓરડો તેમના હાસ્યથી ભરાઈ ગયો.



# ૨૧. નારાયણ... નારાયણ

આ વિષ્ણુલોક છે.

સુંદર મજાનો દેશ. લીલાં લીલાં ઝાડ ઝુમે છે. કલકલ કરતાં ઝરણાં વહે છે. પંખીઓ મીઠાં ગીત ગાય છે. ક્યાંક કોયલના ટહુકાર સંભળાય છે. ક્યાંક મોરનું નૃત્ય દેખાય છે.

ઠંડો મીઠો પવન વાય છે.

દૂરથી એક ચોટલી ફરફરતી દેખાઈ.

થોડીવારમાં અવાજ પણ સંભળાયો : 'નારાયણ... નારાયણ....'

હાથમાં તંબૂરો હતો.

માથે ચોટલી હોય ને હાથમાં તંબૂરો હોય પછી કશું કહેવાનું

હોય ખરું? એ તો નારદજી, ચોટલી એટલે નારદજી અને નારદજી એટલે ચોટલી.

નારદજી તો આવ્યા વિષ્ણુના દરબારમાં.

વિષ્ણુ ભગવાન બેઠા હતા. સાથે દરબારીઓ હતા. નાના-મોટા કેટલાય દેવો ત્યાં હાજર હતા.

ત્યાં નારદજીની પધરામણી થઈ.

વિષ્ણુ ભગવાને તેમનો સત્કાર કર્યો. બેસવા માટે આસન બતાવ્યું. વીણા એક બાજુ મૂકીને નારદજી બેઠા.

થોડીવારમાં એક ગાંધર્વ આવ્યો.

તેનું નામં તંબુરૂ.

ભગવાને તેને હુકમ કર્યો :

‘સંગીત શરૂ કરો. આજે ઘણા બધા દરબારીઓ આવ્યા છે. વળી નારદજી જેવા વિશેષ મહેમાન પણ છે. માટે સંગીત પણ વિશેષ પ્રકારનું વગાડો.’

અને પછી તો ચાલ્યું.

તંબુરૂએ તાર છેડ્યા.

મધુર ધ્વનિ નીકળવા લાગ્યો. ભાવવાહી ગીત. મીઠો સૂર પ્રવાહી રાગ અને વ્યવસ્થિત તાલ. વાહ ! આખું વાતાવરણ બદલાઈ ગયું. દેવો પણ ડોલી ગયા! કેટલાકના મુખમાંથી ઉદ્ગાર



નીકળી પણ ગયો :

‘અદ્ભુત ! અદ્ભુત!’

આખો દરબાર ગાંધર્વના વખાણ કરે!

એક નારદ કંઈ ન બોલ્યા. તેમના હૃદયમાં આગ લાગી હતી. તેમને વિચાર આવ્યો :

‘ગાંધર્વના આટલાં બધાં વખાણ શાં? મહેનત કરે તો માણસને બધું આવડે. હું પણ સંગીત શીખું. પછી એક વખત આ દરબારને સંભળાવું. એમનેય ખબર પડે કે નારદ પણ સંગીતકાર છે.’

બધા વાહ વાહ કરે. નારદ કંઈ ન બોલે. વિષ્ણુ ભગવાન સમજી ગયા. નારદજીને ઈર્ષા આવી હતી. તેમણે નારદને સલાહ આપી :

‘નારદ! ઈર્ષા ખરાબ ચીજ છે. ગાંધર્વ પાસે સંગીત છે. તમારી પાસે ભક્તિ છે. સંગીત મેળવવા જતાં ભક્તિ ખોવાઈ જશે. કોઈ માણસ પૂર્ણ નથી! કોઈની પાસે કંઈક, તો કોઈની પાસે કંઈક.’

બીજા લોકોએ આ શબ્દો સાંભળ્યા. તેમને કંઈ ખબર પડી નહીં. નારદ સમજી ગયા. પણ તેમને તો સંગીતની ધૂન લાગી હતી. વિષ્ણુએ સલાહ આપી. પણ પથ્થર પર પાણી. નારદે હઠ

ના છોડી. તેમણે કહ્યું :

'પ્રભુ ! મારે સંગીત શીખવું છે. તંબુરુ કરતાં પણ સારું શીખવું છે. સારું સંગીત શીખવે તેવું કોણ છે?'

વિષ્ણુની તો વાત જ જુદી. તે તો ચોરને પણ રસ્તો બતાવે. તેમણે સલાહ આપી :

'નારદ ! ઉલુકેશ્વર પાસે જાઓ.'

નારદે ઉભા થઈને કહ્યું :

'જઈશ, અત્યારે જ જઈશ. તંબુરૂને બતાવી દઈશ. તે પણ જાણશે કે નારદ જેવો તેવો નથી.'

એમ કહીને નારદ ચાલ્યા. પગ પછાડીને ચાલ્યા. સડસડાટ ચાલ્યા. એક જ વાત. એક જ ધૂન. સંગીત સિવાય કોઈ વાત નહીં.

આવ્યા સીધા ઉલુકેશ્વરને ત્યાં. ઉલુકેશ્વરે તેમનો સત્કાર કર્યો. બેસવા માટે આસન આપ્યું. પછી શાંતિથી પૂછ્યું :

'દેવર્ષિ નારદ ! તમારા પગલે મારું ઘર પાવન થયું. મારું કોઈ કામ પડ્યું છે?'

નારદજીએ નમ્રતાથી કહ્યું :

'મારે સંગીત શીખવું છે. મને સંગીત શીખવાડો.'

'ઓહો, એટલું જ ને?' ગાંધર્વએ કહ્યું.



'ના, એટલું જ નથી. શીખવું છે, પણ ગમે તેવું નહીં. એવં શિખવાડો કે દેવો પણ મોંઢામાં આગળાં નાખી દે.'

'ભલે, તમે અહીં રોકો. તમારા જેવા દેવ પુરુષ મારે ત્યાં ક્યાંથી ? હું મારી શક્તિ પ્રમાણે શીખવીશ.'

નારદ ગાંધર્વને ત્યાં રહ્યા. સંગીતનો અભ્યાસ કરવા લાગ્યા. પણ શું ધૂળ અભ્યાસ કરે? સંગીત તેમનો વિષય જ નહીં. બિચારા ઉલુકેશ્વરનાં કેટલાંય વાજિંત્રો તોડી નાખ્યાં.

નારદ તો દેવપુરુષ. વળી બ્રહ્માના પુત્ર. એમને કહેવાય પણ શું? કંઈક કહેવા જાય તો નારદ તોફાન મચાવે. એટલે ના છૂટકે શીખવાડે.

નારદના રાગનું પણ ઠેકાણું નહીં. ઉલુકેશ્વર કંઈક શીખવાડે અને નારદ કંઈક શીખે. રાગ પણ તેમની આગળ બિચારો બાપડો બની જાય. તેમના મુખમાં રાગ કંઈક જુદો જ નીકળે. મધુર રાગ ભેંસાસુર થઈ જાય. તાલ બેતાલ બની જાય.

આવું સંગીત નારદ શીખે. પણ મૂળ નારદ ભટકતો જીવ. એક જગ્યાએ બેસી રહેવું ગમે નહીં. થોડા દિવસમાં જ થાકી ગયા. તેમને લાગ્યું કે સંગીત આવડી ગયું. પોતાની જાતને મહાન સંગીતાચાર્ય માનવા લાગ્યા.

હવે તેમણે ઉલુકેશ્વરની રજા માગી.

તે પણ નારદથી ત્રાસી ગયો હતો. તેમણે પણ ઝટ રજા આપી દીધી.

હવે નારદ ઉપડ્યા. હવે તે સંગીતાચાર્ય હતા. એ તો ચાલ્યા તુંબુરૂના ઘર તરફ. મનમાં એક જ વિચાર :

'તંબુરૂને મળું. એની સાથે હરીફાઈ કરૂં. એને હરાવી દઉં. એને મારા પગમાં પાડું.'

આવો વિચાર કરતા તે ચાલતા હતા. વિચારમાંને વિચારમાં તંબુરૂના ઘર આગળ આવી પહોંચ્યા.

પણ... પણ... આ શું? નારદ ચમકી ગયા. એકદમ ઊભા રહ્યા. તેમને દયા આવી.

ત્યાં થોડી સ્ત્રીઓ હતી. થોડા પુરુષ હતા. તેમના શરીરના ભાગ વાંકા થઈ ગયા હતા. કેટલાકનાં અંગ તૂટી ગયાં હતાં. કેટલાંકના શરીરમાંથી લોહી નીકળતું હતું. આમ શાથી બન્યું? કોણ હશે આ લોકો?

નારદે દયા લાવીને પૂછ્યું :

'કોણ છો તમે બધાં?'

'ભાઈ, જાણીને શું કરશો? અમારું નસીબ ફૂટેલું છે અને દુ:ખ મોટું છે.'

'છતાં જણાવો. કંઈક રસ્તો નીકળશે.'



'ભાઈ, અમે પુરૂષો સંગીતના રાગો છીએ. આ સ્ત્રીઓ તે સંગીતની રાગિણીઓ છે.'

'ઓહ !' નારદ દુ:ખથી બોલી ઉઠ્યા : 'તમારી આ દશા કોણે કરી? કોણ છે એ નાલાયક? એ દુષ્ટનું મને નામ આપો. આ પવિત્ર ભૂમિમાં એવો કોણ બે માથાવાળો પાક્યો છે? તમે આ તુંબુરૂના ઘર આગળ કેમ ઊભા છો?'

'શું કરીએ ભાઈ! અત્યાર સુધી તંબુરૂનો આધાર હતો. અમારી આ દશા થઈ એટલે તેણે અમને ઘર બહાર હાંકી કાઢ્યાં. જો કે, એનો શો દોષ? આવી દશામા અમને રાખે પણ કોણ? તેથી અહીં આગળ જ ઊભાં છીએ. સત્યાનાશ જજો એ સંગીતાચાર્યનું, જેણે અમારી આવી દશા કરી!'

નારદ ગળગળા થઈ ગયા. તેમણે દુ:ખી ચહેરે કહ્યું :

'હે રાગ-રાગિણીઓ ! તમે એનું નામ આપો. હું તેમની કેવી દશા કરું છું તે જોજો.'

'ભાઈ, અમારી આ દશા નારદે કરી છે.'

'ઓહ... આ તો હું જ નરાધમ, પાપી !' પછી સ્વસ્થ થયા. પછી તેમણે શાન્તિથી કહ્યું :

'હે રાગ-રાગિણીઓ! હું જ નારદ છું. મને માફ કરો. પણ તમારી દશા મેં કેવી રીતે કરી?'

'નારદજી, કોઈ નિયમ વિરુદ્ધ ગાય ત્યારે અમારી આ દશા થાય. સંગીતકાર તુંબુરૂની છત્રછાયામાં અમે સુખી હતાં. પણ તમે ગાવાનું શરૂ કર્યું ત્યારથી અમારી આ દશા થઈ છે.'

'તમારો આ રોગ મટે શી રીતે?'

'ફરીથી કોઈ નિયમ પ્રમાણે ગાય તો.'

આ સાંભળતાં નારદનું અભિમાન ઊતરી ગયું. તે પોતાને મહાન સંગીતાચાર્ય માનતા હતા.

સંગીત તો ના આવડ્યું. ઉપરથી રાગ-રાગિણીઓ દુઃખી થયાં.

નારદજી તો ખરેખરા પસ્તાયા. તેમણે વિષ્ણુ ભગવાનને મળી તેમનું દુઃખ દૂર કરવાની ખાતરી આપી.

એમ કહીને નારદજી ઉપડ્યા.



# ૨૨. જીવન્તિકા

રાજા સુશીલ અને તેની રાણી ધર્મમાં પ્રેમવાળા હતા. ધર્મને રસ્તે જતાં હોવા છતાં તેમને ભગવાને સંતાન આપ્યું ન હતું તેથી રાજારાણી મનમાં ને મનમાં ઝુરતાં રાણી રોજ નવાં નવાં વિચાર કરતી એક દિવસે તેને કાંઈક વિચાર આવ્યો ને તેણે દાયણને બોલાવી લાલચ આપી કહ્યું, 'તું કોઈનો છોકરો લઈ આવ તને ખુશ કરીશ.' લક્ષ્મીના લોભે ભાન ભૂલેલી દાયણ દિવસો જતાં એક બ્રાહ્મણને ત્યાંથી તરતનો જન્મેલો બાળક ઉઠાવી લાવીને રાણીને આપ્યો. પછી રાણીએ પુત્રને જન્મ આપ્યો છે તેવું જાહેર કર્યું. સમાચારથી નગરમાં આનંદ આનંદ થઈ રહ્યો, ત્યારે બાળકની મા બ્રાહ્મણી દુઃખી થતી આંસુ સારતી હતી. તેણે પોતાના

પતિની આજ્ઞા લઈ જીવન્તિકા વ્રત કરવા માંડ્યું.

એ વ્રતથી પ્રસન્ન થયેલા જીવન્તિકા દેવીએ તે બ્રાહ્મણીના બાળકનું-રાજકુમારનું રક્ષણ કરવા માંડ્યું.

બાળક મોટો થયો. રાજા ને પેલો બ્રાહ્મણ મરણ પામ્યો. ને એ બાળક ગાદીએ બેઠો, પ્રજાનું પાલન કરવા લાગ્યો. વરસો જતાં તે ચાલ્યો બાપનું શ્રાદ્ધ કરવા. રસ્તે જતાં એક વાણિયાને ત્યાં રાત રહ્યો. તે વાણિયાને તે દિવસે બાળક જન્મે છ દિવસ થયા હતા.

લોકો જ્યારે ઊંઘતા હતા ત્યારે જીવન્તિકાદેવી રાજકુમારનું રક્ષણ કરતા ત્યાં આગળ ઊભા છે. તે વખતે વિધાતા લેખ લખવા આવી. માતાજીએ તેને રોકી આવવાનું કારણ પૂછ્યું. પોતે છઠ્ઠીના લેખ લખવા આવી છે, તેમ કહેતાં વિધાતાએ કહ્યું, "એ બાળક કાલે ગુજરી જશે."

માતાજીએ કહ્યું, "મારાં પગલાં થાય ત્યાં અમંગળ હોઈ શકે નહિ. તારે બાળક દીર્ઘાયુષ લખવું પડશે." ને વિધાતાને તેમ લખવું પડ્યું.

બીજે દિવસે વાણિયાએ બાળકને જીવતો દેખ્યો. તેને ત્યાં જન્મેલાં બાળકો સાતમો દિવસ દેખતાં ન હતાં. તેથી તેઓએ રાજકુમારના પગલાનો પ્રતાપ માન્યો.



રાજકુમાર જ્યારે જવા તૈયાર થયો ત્યારે ફરીથી આવવા વાણિયાએ આગ્રહ કર્યો. રાજકુમારે તે આગ્રહ માન્યો ને ત્યાંથી ચાલતો ગયાજી પહોંચ્યો. ત્યાં વિધિ પ્રમાણે શ્રાદ્ધ કરી નદીમાં પધરાવવા જતાં હાથ બે બહાર આવ્યા. આ જોઈ રાજકુમાર ગભરાયો. બ્રાહ્મણોએ જેમતેમ સમજાવી પિંડ પધરાવ્યા. પછી રાજકુમાર પાછો ફરતાં તે વાણિયાને ત્યાં આવ્યો તે દિવસે વાણિયાને ત્યાં બાળકનો જન્મ થયે છ દિવસ થયા હતા.

રાજકુમાર સૂતો છે.જીવન્તિકા મા રક્ષણ કરે છે. ત્યાં વિધાતા આવી. માતાએ વિધાતાને આવવાનું કારણ પૂછ્યું. વિધાતાએ કારણ કહ્યું એટલે બાળકનું દીર્ઘાયુષ લખવા માતાએ કહ્યું લાચાર વિધાતાએ તેમ કર્યું. લેખ લખીને આવ્યા પછી વિધાતાએ માને પૂછ્યું, "તમે આ રાજકુમારનું રક્ષણ કેમ કરો છો? માતાજી જવાબ આપે તે પહેલાં રાજકુમારની આંખ ઉઘડી ગઈ, તેના કાને માના શબ્દો પડ્યા, આ બાળકની મા મારું વ્રત કરે છે. તે શુક્રવારનો દિવસે પીળાં વસ્ત્રો પહેરતી નથી, પીળા માંડવા નીચે જતી નથી. ચોખાનું પાણી ઓળંગતી નથી, તેથી મારે તેનું રક્ષણ કરવું પડે છે."

રાજકુમારે એ સાંભળી મનમાં ગોખી રાખ્યું. પછી સવારે વાણિયાની રજા લઈ પોતાના રાજમાં આવી પોતાની માને પૂછ્યું,

"મા, તું કયું વ્રત કરે છે?" માએ તો "કોઈ વ્રત કરતી નથી." તેમ કહ્યું, એટલે રાજકુમારને પોતાની મા શોધવાની ચટપટી લાગી. શ્રાવણના પહેલા શુક્રવારે નગરજનોને જમણ આપ્યું. ઘરની સ્ત્રીઓને પીળાં વસ્ત્ર પહેરી જમવા આવવા ફરજ પાડી. બધાં જમવા આવ્યાં ત્યારે રાજકુમારે દાસીઓને ગામમાં કોઈ જમ્યા વગરનું રહ્યું છે કે કેમ તેની તપાસ કરવા મોકલી દાસીઓ શોધ કરી આવી બોલી, એક બ્રાહ્મણી પીળા વસ્ત્ર પહેરી આવી શકે તેમ નહીં હોવાથી જમવા આવી નથી. આ સાંભળી રાજકુમારે લાલ વસ્ત્ર મોકલ્યાં. તે પહેરી તે આવી બ્રાહ્મણી અને રાજકુમાર સામસામાં થતાં બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની શેર નીકળી રાજકુમારનાં મોઢામાં પડી. બધાં રાજકુમારની, આ મા છે." તેમ બોલ્યાં એથી રાજકુમારે રાણીને પૂછ્યું. ને બધી વાત બહાર આવી.

પછી ગામની સ્ત્રીઓ ત્યાં ટોળે વળી બ્રાહ્મણીને પૂછવા લાગી "જીવન્તિકા વ્રત શી રીતે થાય?" ત્યારે બ્રાહ્મણીએ કહ્યું, "શ્રાવણના પહેલા શુક્રવારથી અને અગવડ હોય તો બીજા શુક્રવારથી જીવન્તિકા વ્રત કરવું, તે દહાડે પીળાં વસ્ત્ર કે પીળાં રંગના દાગીના પહેરવા નહિ. પીળા માંડવા નીચે સૂવું નહિ કે ચોખાનું પાણી ઓળંગવું નહિ, માની પૂજા કરવી પાંચ દિવેટ



કરી આરતી કરવી. માને ખાંડના શીરાનો કે સાકરનો પ્રસાદ ધરાવવો. છોકરાની માએ માની આગળ ખોળો પાથરી બાળકના રક્ષણ માટે પ્રાર્થના કરવી. ને છોકરાઓ પર ચોખા નાંખવા, છોકરા બહારગામ રહેતા હોય તો ચારે દિશામાં ચોખા નાખવા પછી પ્રસાદ લેવો. તે દહાડે બીજી વખત જમાય નહિ, જૂઠું બોલાય નહિ. નિંદા થાય નહિ, માનું નામ જપે જવાનું ને માની વાત સાંભળવી."

ગામની સ્ત્રીઓએ શુક્રવારનું જીવન્તિકા માનું વ્રત કરવા માંડ્યું.